પ્રકાશકીય

અમારા તરફથી પ્રકાશિત થયેલું આરાધના વિષયક સાહિત્ય લોકોને ઘણું ઉપયોગી થયું છે એ જાણીને આનંદ અનુભવીએ છીએ. તે અંગે અમારા પર અનેક પત્રો આવી રહ્યા છે તેમને નમ્ર એટલું માર્ગદર્શન આપવામાં આવે છે.

આ શ્રેણીનો પ્રારંભ 'નમસ્કાર મંત્રસિદ્ધિ'થી થયો હતો તેની આજે ત્રીજી શ્રેણી ચાલે છે. ત્યાર પછી 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહર-સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા'નું પ્રકાશન થયું તેની પણ બીજી આવૃત્તિ ચાલે છે. તે પછી 'હ્રીંકાર-કલ્પતરુ,' 'ભક્તામર-રહસ્ય,' 'શ્રી ઋષિમંડલ-આરાધના' તથા 'શ્રીપાર્શ્વ-પદ્માવતી આરાધના' પ્રકાશિત થયા. તેમાં 'ભક્તામર-રહસ્ય' અને 'શ્રી પાર્શ્વ-પદ્માવતી-આરાધના'ની બીજી આવૃત્તિ થયેલ છે. એકંદર આ પરિણામ ઉત્સાહવર્ધક લાગવાથી અમે આરાધના વિષયક એક નવો ઉપયોગી ગ્રંથ 'સિદ્ધિદાયક સિદ્ધચક્ર' પાઠકોના કરકમલમાં મૂકી રહ્યા છીએ.

આ ગ્રંથમાં શ્રી સિદ્ધચક્રને લગતી અનેકવિધ માહિતી આપવામાં આવી છે, તેના દરેક અંગનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે અને પ્રસંગિક જૈન શ્રમણોની પ્રાચીન યોગપદ્ધતિ, મંત્રસાધના, યંત્રારાધન તથા લબ્ધિઓ વગેરે પર પણ ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે. શ્રી સિદ્ધચક્ર અંગે આ પ્રકારનું પ્રકાશન આ પહેલું જ છે એમ કહીએ તો અત્યુક્તિ નથી.

અનેક ગ્રંથોના યશસ્વી લેખક શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહના છેલ્લા કેટલાક વખતના અવિરત શ્રમનું આ મધુર ફલ છે. તેમણે જૈન ધર્મના અનેક માન્ય ગ્રંથોનો આધાર લઈને આ ગ્રંથ તૈયાર કર્યો છે અને તેમાં પોતાની અભ્યાસપૂર્ણ સંશોધક દૃષ્ટિનો પૂર્ણ પરિચય આપ્યો છે. તેમની વિશિષ્ટ લેખનશૈલીએ આ

સૌજન્યમૂર્તિ સેવાભાવી

શ્રીમાન્ વસનજી લખમશી શાહનો

ટૂંક જીવન-પરિચય

સજ્જનો પોતાના જીવનપ્રવાહને સન્માર્ગે વાળે છે અને તેના વડે દાન, દયા, પરોપકાર તથા સેવાનાં વિવિધ કાર્યો કરે છે. તેમાં જ તેમને આનંદ આવે છે અને તેને જ તેઓ જીવનની સાર્થકતા લેખે છે. સૌજન્યમૂર્તિ સેવાભાવી શ્રીમાન વસનજીભાઈ આવા સજ્જનોની પંક્તિમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરી ગયા છે. તેમનો ટૂંક પરિચય કરાવતાં અમને આનંદ થાય છે.

કચ્છ—[illegible]નિવાસી વીસા ઓસવાલજ્ઞાતીય શાહ શ્રી લખમશી [illegible]ભાઈને ત્યાં માતા [illegible]ની કુક્ષિએ [illegible] માસની [illegible] મી તારીખે તેમના મોસાળના ગામ [illegible] તેમનો જન્મ થયો. તેમની જન્મરાશિ [illegible] પરથી તેમનું નામ [illegible] પાડવામાં આવ્યું. આ કુટુંબ જૈન શ્વેતાંબર [illegible] [illegible] ગુણોથી સમન્વિત હતું અને ધાર્મિક ભાવનાથી [illegible] હતું. [illegible] તેમનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયો. તેમના [illegible] [illegible] [illegible] હતા અને [illegible] હતા. તેમનો [illegible] [illegible] [illegible] [illegible] હતો. પિતા [illegible]ભાઈ અને માતા [illegible]બાઈ [illegible] ભાવિક હતા. [illegible] વર્ષની [illegible] [illegible] [illegible] [illegible] અને ધાર્મિક જીવન [illegible] [illegible].

[illegible]

તેમને શ્રીરામજીભાઈ નામના એક વડીલ બન્ધુ તથા શ્રી ધનજીભાઈ, શ્રી[illegible]ભાઈ અને શ્રીવીરેન્દ્રભાઈ નામના ત્રણ લઘુ બન્ધુઓ છે, તથા [illegible] નામના એક નાના બહેન છે, રામજીભાઈ સને [illegible]માં બી. એસસી. થઈ ઓઈલ ટેકનોલોજીનો અભ્યાસ કરવા [illegible] અમેરિકા જઈ ત્યાંની ન્યુયોર્ક યુનિવર્સિટીના એમ. બી. એ. [illegible] બીઝનેસ એડમીનીસ્ટ્રેશન થઈ આવેલા છે. શ્રી [illegible] હૈદરાબાદમાં વસી ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી છે અને [illegible] નીકાસ વ્યાપારનો મુંબઈ ખાતેનો તેમનો ધીકતો [illegible] છે. શ્રી વીરેન્દ્રભાઈ હૈદરાબાદ મીલના સંચાલન [illegible] જ્ઞાન [illegible] છે. શ્રી સુશીલાબહેન [illegible] અભ્યાસ કરી હૈદરાબાદ મહિલા મંડળની [illegible] છે.

અને તે નિયમિત આગળ વધવા લાગ્યો. [illegible] ભાવનાવાળી આ શાળાની વિવિધ પ્રવૃત્તિઓએ [illegible] [illegible] પર [illegible] ચિંતન કર્યું. વિનયી સ્વભાવને લીધે તેઓ શિક્ષકોના પ્રીતિપાત્ર બન્યા અને મિલનસાર સ્વભાવને લીધે અનેકની સાથે મૈત્રી બાંધી [illegible]

પ્રાથમિક અભ્યાસ પૂરો કર્યા પછી [illegible] [illegible] લેવા લાગ્યા અને [illegible] ત્યાં પૂરા કર્યાં તે પછી તેઓ [illegible] [illegible] [illegible] પોતાની [illegible] તથા પ્રામાણિકતાની [illegible] [illegible] માં મેટ્રિક પરીક્ષા પાસ [illegible].

પ્રવેશક

ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જિનશાસન સર્વત્ર સર્વથા સર્વદા જયવંત વર્તી રહ્યું છે; કારણ કે એનું પ્રત્યેક તત્ત્વ ઉમદા કોટિનું છે.

શ્રી જિનશાસનમાં શ્રી જિનેશ્વર દેવોએ આરાધનાના અસંખ્ય યોગો અને પ્રકારો દર્શાવ્યા છે. તે પૈકી શ્રી સિદ્ધચક્રજી નવપદજીની આરાધનાનું મુખ્ય અને આગવું સ્થાન છે, કારણ કે તેમાં શ્રી જિન-શાસનના હાર્દરૂપ અનેક વિશિષ્ઠ અને ઉમદા તત્ત્વોનો સમાવેશ થયેલો છે. તેમાં દેવ, ગુરુ અને ધર્મરૂપ તત્ત્વત્રયી અને દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનો સમાવેશ થયેલો છે આ ઉભય-ઉમદા તત્ત્વોની આરાધના કરી આત્મા ચતુર્ગતિનો અંત કરી શીઘ્રાતિશીઘ્ર પંચમગતિ રૂપ મોક્ષને મેળવી શકે છે.

શ્રી સિદ્ધચક્રજીમાં પ્રથમના અરિહંત અને સિદ્ધ આ બે પદોનો દેવતત્વમાં, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ પદોનો ગુરુ તત્ત્વમાં અને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ ચાર પદોનો ધર્મ તત્ત્વમાં સમાવેશ થયેલો છે. ગુણોની આરાધના કરવાની છે, તેમ ગુણીની પણ આરાધના કરવાની છે. આ બન્નેનો પરસ્પર ગાઢ સંબંધ છે; કારણ કે ગુણવિહીન ગુણી હોતા નથી, અને ગુણીની મહત્તા પણ

ગુણના આધારે જ છે. એ બન્નેનું મહત્વ સ્પષ્ટ સમજાય તે માટે ગુણ અને ગુણી બન્નેને જુદા જુદા દર્શાવવામાં આવ્યા છે. શ્રી નવપદજીમાં પ્રથમ પાંચ પદો ગુણીના સ્થાને છે અને છેલ્લાં ચાર પદો ગુણના સ્થાને છે.

શ્રી સિદ્ધચક્રજીની આરાધના કરી ભૂતકાળમાં અનંત આત્માઓ પરમપદને પામ્યા છે, વર્તમાનમા સંખ્યાબધ આત્માઓ મુક્તિએ સીધાવી ગ્યા છે અને ભવિષ્યમા પણ અનતા આત્માઓ મુક્તિ-ગામી બનશે.

શ્રી સિદ્ધચક્રજીની ઓળીના [ચૈત્ર માસની તથા આશ્વિન માસની] પરમ પવિત્ર દિવસોમાં દેવી–દેવતાઓ ઘણી મોટી સંખ્યામાં અવશ્ય શ્રી નંદીશ્વરદ્વીપની યાત્રાર્થે સીધાવે છે, માટે બન્ને ઓળીઓને શાશ્વતી અટ્ઠાઈ, તથા શાશ્વતી ઓળી તરીકે ઓળખવામા આવી છે. આથી સિદ્ધ થાય છે કે–શ્રી સિદ્ધચક્રજીની આરાધના અનાદિ કાળથી ચાલી આવે છે. જીવ, કર્મ, ધર્મ, ધર્મનો માર્ગ, ધર્મના પ્રરૂપકો અને મુક્તિ આ બધા તત્ત્વો અનાદિ છે.

શ્રી સિદ્ધચક્રજીની ઓળીના પવિત્ર દિવસોમાં મોટા ભાગે સર્વત્ર શ્રી શ્રીપાળ અને મયણાસુદરીનુ ચરિત્ર, રાસ યા તેના વિશિષ્ટ પ્રસગોનુ વર્ણન કરવામા આવે છે. અહિં પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે શ્રીપાળજીને થયા આજે લાખો વર્ષો થઈ ગયા, કારણ કે શ્રીપાળજી શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં થયા છે. લાખો વર્ષના ગાળામાં શ્રીપાળજી જેવું બીજુ કોઈ ઉદાહરણ શું નહિ બન્યું હોય કે આજે સર્વત્ર આ એક જ ઉદાહરણ સૌ કોઈ સભળાવે છે? તેના સમાધાનમાં અનુભવી પુરુષો દ્વારા એ જાણવા–સાંભળવા મળ્યુ છે કે–શ્રી સિદ્ધ-ચક્રજીની આરાધના કરનારાઓનો મોટો વર્ગ સંસારી જીવોનો છે

વિકસાવ્યા હતા, ત્યારે તેમને સિદ્ધચક્રજી ફળ્યા હતા. જ્યારે આપણા જીવન તરફ જરા દૃષ્ટિપાત કરશો તો એમજ જણાઈ આવશે કે આપણે તો વખતે ઉપકારીની પણ ગરદન કાપવા તૈયાર થઈ ગએ છીએ, ભલું કરનારનુંય બૂરું કરીએ છીએ. તો પછી બૂરું કરનારનુ તો ભલું ક્યાંથી કરવાના હતા? ઈર્ષ્યા, નિંદા, ટીકા, બૂરું કરવાની ભાવના, વેરવૃત્તિ, કામ, કષાય, આવા બધા નિંદ્ય તત્ત્વોથી આપણું હૃદય ભરેલુ છે. આરાધક આત્માએ દર્પણની જેમ હૃદયને સ્વચ્છ બનાવવાની જરૂર છે. જેમ સ્વચ્છ દર્પણમા પ્રતિબિંબ પડે છે, તેમ સ્વચ્છ હૃદયમંદિરમા પરમાત્મા વસે છે, માટે પ્રથમ હૃદય સ્વચ્છ કરો અને યોગ્યતા કેળવો, પછી જુઓ કેવું પરિણામ આવે છે?

'સિદ્ધિદાયક સિદ્ધચક્ર' ગ્રન્થ અનેક પ્રકરણોમા વહેચાયલો છે. તેમા એક-એક પ્રશ્ન પર વિશદ પ્રકાશ પાડવામા આવ્યો છે. આજે જ્યારે વખતો વખત શ્રી સિદ્ધચક્રજીના પૂજનો ભણાવવામા આવે છે, ત્યારે યોગ્ય માર્ગદર્શનની જરૂર રહે છે. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરસી શાહ, જે વિષયને હાથમા લે છે, તે વિષયને લગતા અનેક પુસ્તકો—ગ્રન્થોનું અવલોકન કરી તેનુ ઊંડુ મનોમંથન કરી, તથા અનુભવીઓ પાસેથી સમાધાન મેળવીને પછી કલમ હાથમા લે છે, એટલે તેઓ જે કંઈ લખે છે તે ચિંતન-મનન પૂર્વક સાંગોપાંગ સ્પષ્ટ અને વિશદ રીતે લખે છે, તેમની ભાષા સાદી, સરળ અને સ્વચ્છ હોઈ વાચકો તેનો બહોળો લાભ ઉઠાવે છે. એમનુ લખાણ અનુભવપૂર્ણ હોય છે આજ સુધીમા તેમણે લખેલા ગ્રન્થો લોકપ્રિય અને લોકભોગ્ય બનેલા છે અને તેથી તેનો બહોળો પ્રચાર થયેલો છે. તેમનો આ 'સિદ્ધિદાયક સિદ્ધચક્ર નામનો' ગ્રન્થ ઉત્તમ કોટિનો છે, અનુભવના દોહનરૂપ છે, તેથી અવશ્ય લોકાદર પામશે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી. આવી પુખ્તવયે, એક આંખ બરાબર

કામ આપતી નથી છતાં, અવિરત–સતત પરિશ્રમ લઈ અવનવું લખી રહ્યા છે. જે ભાવિ પ્રજાને અત્યંત ઉપયોગી નીવડશે. સૌ કોઈ આ ગ્રંથ વાંચો, વિચારો અને પ્રચારો, એ જ એક અભિલાષા.

શ્રીયુત ધીરજલાલ ભાઈ આવો ઉચ્ચકોટિનો ગ્રન્થ જનતા સમક્ષ મૂકી આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે અને હજી પણ તેઓ આવું સુંદર સાહિત્યસર્જન કરતા રહે અને સમાજ સમક્ષ મૂકતા રહે. તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

વિ. સં. ૨૦૩૨
આશ્વિન શુક્લ–૧૩
બોરીવલી કાર્ટરરોડ. નં. ૪
મુંબઈ–૯૨

ગુરુચરણ રેણુ
કીર્તિચંદ્રસૂરિ




ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી

1 અનુભવસિદ્ધમંત્રદ્વાત્રિંશિકા
2 આચારદિનકર ભાગ 1–2
3 ક્રિયમાણ–પ્રયોગ–સંગ્રહ
4 ચિન્તામણિકલ્પ
5 જપ–ધ્યાન–રહસ્ય
6 જિનોપાસના
7 જ્ઞાનસાર
8 તત્ત્વાર્થસારદીપક
9 ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર
10 ધમ્મોવએસવિવરણમાલા
11 નમસ્કાર–સ્વાધ્યાય ભાગ 1–2
12 નમસ્કાર–મંત્રસિદ્ધિ
13 નવકારસારથવણ
14 નિર્વાણકલિકા
15 પરમેષ્ઠિવિદ્યાયંત્રકલ્પ
16 પંચનમસ્કૃતિદીપક
17 ભયહરસ્તોત્રટીકા
18 મન્ત્રરાજ–રહસ્ય
19 મંત્રચિંતામણિ
20 મંત્રવ્યાકરણ
21 મન્ત્રાધિરાજકલ્પ
22 યોગવિંશિકા

૨૩ યોગશાસ્ત્ર
૨૪ લઘુનમસ્કારચક્રસ્તોત્ર
૨૫ હ્રીઁકારવિદ્યાસ્તવન
૨૬ હ્રીઁકાર-કલ્પતરુ
૨૭ શબ્દમહાર્ણવન્યાસ
૨૮ શ્રી ઋષિમંડલ આરાધના
૨૯ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૩૦ શ્રી પ્રચ પ્રતિક્રમણ પ્રબોધટીકા ભાગ ૧-૨-૩
૩૧ શ્રીપાલ રાસ
૩૨ શ્રી સિદ્ધચક્ર આરાધના ફલચતુર્વિંશતિકા
૩૩ શ્રી સિદ્ધચક્ર તપોવિધાનોદ્યાપાનચતુર્વિંશતિકા
૩૪ શ્રી સિદ્ધચક્ર-યન્ત્રોદ્ધાર-બૃહતપૂજનવિધિ
૩૫ શ્રી શત્રુંજય માહાત્મ્ય
૩૬ સિરિસિરિવાલકહા
૩૭ સૂરિમન્ત્ર બૃહત્ કલ્પવિવરણ
૩૮ સૂરિમન્ત્ર કલ્પસમુચ્ચય
૩૯ સંતિકરં સ્તવન
૪૦ સિદ્ધહેમ શબ્દાનુશાસન-સ્વોપજ્ઞવૃત્તિ
૪૧ સ્તુતિચતુર્વિંશતિકા


વિષયાનુક્રમ



યુગદિવાકર આચાર્ય શ્રીમદ્ ૧૦૮

શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

જેમના મંગલ આશીર્વાદથી આ ગ્રંથરચના નિર્વિઘ્ને પૂર્ણ થઈ,
અને જેમના સદુપદેશથી આ ગ્રંથરચનાને યોગ્ય ઉત્સાહન મળ્યું.



ગ્રંથલેખક અધ્યાત્મવિશારદ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

##卐 વંદના પહેલી 卐

જેના
અનન્ય આલંબનથી
આજ સુધીમાં
અસંખ્ય આત્માઓ
સિદ્ધ-બુદ્ધ-નિરંજન થયા,
તે
શ્રી સિદ્ધચક્રને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

વીસનજી લખમશી ઘેલાભાઈ
તથા કુટુંબીજનો

લાલજી પુનશીની વાડી,
દેરાસર ગલી, ઘાટકોપર
મુંબઈ-૪૦૦ ૦૭૭

卐 વંદના [illegible] 卐

જે

આત્માનું શ્રેષ્ઠ

આલંબન છે

તથા

સર્વ સિદ્ધિઓનું

અમોઘ સાધન છે,

તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.



હરિલાલ મુલચંદ શાહ

ભુપેન્દ્રકુમાર એન્ડ કુ.

મણિભુવન, પહેલે માળે, પાઠકવાડી

ભુલેશ્વર, મુંબઈ—૪૦૦ ૦૦૨

✠ વંદના ત્રીજી ✠

જે

દશમા વિદ્યાવાદ-

પૂર્વનો પરમાર્થ છે.

પરમ તત્ત્વ છે,

પરમ રહસ્ય છે

તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.

જયંતિલાલ રાજપાળ શાહ

૬૩–કાગલી કોટેજ,

રફી અહમદ કીડવાઈ રોડ,

માટુંગા, મુંબઈ–૪૦૦ ૦૧૯

વંદના યોગી

જેનું આરાધન

કરીને

શ્રમણો તથા મહાશ્રમણોએ

પોતાનો

પરમ આત્મવિકાસ

સાધ્યો છે,

તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો



વિશ્વમંગલ હાઉસીંગ કું. પ્રા. લી.
૩૫-કોર્ટ ચેમ્બર્સ, ૪ થે માળે, ૪-ડી,
સર વિઠ્ઠલદાસ ઠાકરશી માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૨૦

卐 વંદના શ્રી 卐

જેઓ

શ્રી વજ્રસ્વામી આદિ

જ્ઞાની મહાપુરુષોએ

સંપૂર્ણ

સન્માનિત કરેલ છે,

તથા

આરાધવા યોગ્ય ગણેલ છે

તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.



અમૃતલાલ દેવશીભાઈ કોઠારી

છાયા, ૩ જે માળે, બ્લોક નં. ૨૪,

૫૯૪–જામે જમશેદ રોડ,

માટુંગા, મુંબઈ–૪૦૦ ૦૧૯

✱ વંદના સાતમી ✱

જે

મંત્રનો મહાનિધિ છે,

યંત્રોનું અમૃત છે,

તથા

તંત્રોનું પરમ તત્ત્વ છે,

ને

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વન્દના હો.

卐

ઝવેરચંદ ભુરાભાઈ ઝવેરી

૨૭૬—શેખ મેમણ સ્ટ્રીટ,

ઝવેરી બજાર,

મુંબઈ—૪૦૦ ૦૦૨

✠ વંદના ગાથા ✠

જેનું દર્શન
પરમ મંગલકારી છે,
જેનું પૂજન
પરમ કલ્યાણકારી છે,
અને જેનું આરાધન
અક્ષય મુક્તિસુખને
આપનારું છે,
તે
શ્રી સિદ્ધચક્રને
અમારી
કોટિ કોટિ વંદના હો.



કમલાબહેન ધુડાલાલ મહેતા
વિજયનિવાસ, ૫ મે માળે,
બેન નિવાસ પાછળ, પેટ્રોલ પમ્પ પાછળ
વોર્ડન રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૬

જેના કેન્દ્રમાં

કલ્પવૃક્ષ અને ચિંતામણિરત્ન

સમાન

તથા

સકલ આગમોના રહસ્યરૂપ

અર્હં મંત્ર

વિરાજે છે, તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

મચાણી ટ્રાન્સપોર્ટ (પ્રા.) લી.

કાન્સ ચેમ્બર્સ,

૧૮૩-બી. ડીમેલો રોડ,

મુંબઈ-૪૦૦૦૦૯

卐 વંદના હમારી 卐

જે સર્વ મંત્રોમાં
શિરોમણિ છે
અને
ઇષ્ટ તથા અદૃષ્ટ મનોરથો
પૂરવાને
પૂર્ણ સમર્થ છે,
તે
અર્હં મંત્રથી અલંકૃત
શ્રી સિદ્ધચક્રને
અમારી
કોટિ કોટિ વંદના હો.



વીરચંદ મેઘજી થોભણ
હા. મણિલાલ વીરચંદ
ગાલા કું. (પ્રા.) લી.
એન. ટી. સી. હાઉસ, ૨ જે માળે
નરોત્તમ મોરારજી માર્ગ, બેલાર્ડપિયર,
મુંબઈ-૪૦૦૦૨૩

卐 વંદના અગિયારમી 卐

જેના ગુણો ગાવાને

બૃહસ્પતિ પણ

અસમર્થ છે

એવા

અચિંત્ય પ્રભાવશાળી

અર્હં મંત્રના ધારક

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શાહ ભાનચંદ ચુનીલાલ
(પાલણપુર નિવાસી)
તેજકિરણ ત્રીજે માળે.
કેન્દ્રમેન્ટ પાછળ, બાબુલનાથ,
ચોપાટી. મુંબઈ-૪૦૦ ૦૦૭

** વંદના અમારી **

જે

પવિત્રતાના આગર છે,

મહિમાના સાગર છે

અને

લબ્ધિઓનો ભંડાર છે,

તે

શ્રી સિદ્ધચક્રને

અમારી

કોટિ કોટિ વંદના હો.



બાબુલાલ ચુનીલાલ શાહ
(પાલણપુર નિવાસી)
ચોપાટી ચેમ્બર્સ, બીજે માળે,
જૈનોની ટેકરીઓ ઉપર, ગુણસાગર સામે,
ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭

✠ વંદના તેરમી ✠

જેઓ

અઢાર દોષથી રહિત છે,

સર્વજ્ઞ અને સર્વદર્શી છે

તથા

સત્ય ધર્મના મહાન

પ્રવર્તક છે.

તે

શ્રી અરિહંત દેવને

અમારી

કોટિ કોટિ વંદના હો

[illegible]

([illegible])

C/o. [illegible] એન્ડ કું.

[illegible] ૬૧૩-૬૧૪

[illegible]

મુંબઈ [illegible]

✤ વંદના સૌરભી ✤

જે

અનંતગુણના ગ ગુણ છે.

ચોત્રીશ અતિશયોના

ધારક છે તથા

ભાવભક્તિના મહાન

ઉદ્ધારક છે,

તે

શ્રી અરિહંતદેવને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી વિજય દેવસુર જૈન સંઘ

ઠે. શ્રી ગોડીજી જૈન દહેરાસર અને ધર્માદા

ખાતાઓની પેઢી

૧૨, પાયધુની, વિજયવલ્લભ ચોક

મુંબઈ-૪૦૦૦૦૩

પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી.

✠ વંદના પંદરમી ✠


જેઓ
દેવ, દાનવ અને માનવોથી
પૂજાયેલા છે,
ઋષિ-મહર્ષિઓ વડે
સ્તવાયેલા છે
અને
સર્વ ગુણીજનો વડે
સત્કારાયેલા છે,
તે
શ્રી અરિહંતદેવને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી [illegible] જૈન દેરાસર અને
સાધારણ ખાતાની પેઢી
૧૦ મો રસ્તો, ચેમ્બુર,
મુંબઈ-૪૦૦૦૭૧
[illegible] મહારાજના સદુપદેશથી,

વંદના ગોમાગીં

જેમની દેશના
ધ્વનિ મનુષ્યવાણીની જેમ
હોય છે
અને જે
સહુને પોત પોતાની ભાષામાં
સમજાઈ જાય છે,
તે
શ્રી અરિહંતદેવને
અમારી
કોટિ કોટિ વંદના હો.



બાબુ અમીચંદ પનાલાલ
આદિનાથજી જૈન દહેરાસરની પેઢી.
૪૧, રીજરોડ, મલબાર હીલ,
વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬.
પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી,

卐 વંદના સત્તરમી 卐

જેમણે
અહિંસાને આગળ કરી છે,
સંયમની પ્રતિષ્ઠા કરી છે,
અને
તપને અતિ મહત્વ
આપ્યું છે,
તે
શ્રી અરિહંતદેવને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

ઝવેરી ઝવેરચંદ પ્રતાપચંદ
શ્રી સુપાર્શ્વનાથ જૈન દહેરાસરની. ટ્રસ્ટ.
૯૭, વાલકેશ્વર રોડ
મુંબઈ–૪૦૦૦૦૬

[illegible] વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ [illegible] ઉપદેશથી

✠ વંદના ગોતેરમી ✠

પુરુષાર્થના પરમ યોગે

નરમાંથી નારાયણ

બનનાર

તથા

વામનમાંથી વિરાટ થનારા

વિષ્ણુસ્વરૂપ

જિનેશ્વર દેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.



હિંમતલાલ એન. સંઘવી

ઘાસવાલા બીલ્ડીંગ નં. ૩,

પહેલે માળે, બ્લોક નં. ૧૫,

આર્થર રોડ, તારદેવ,

મુંબઈ-૪૦૦૦૩૪



સ્વ. શાંતિલાલ લલ્લુભાઈ શાહ

(પાલનપુરનિવાસી)


જેમના સ્મરણાર્થે આ ગ્રંથપ્રકાશનને પ્રોત્સાહન આપનાર

તેમના સુપુત્રો

મુંબઇ–૪૦૦૦૨૬



શ્રીમાન્ દીપચંદ એસ ગાર્ડી



શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા


જેઓ શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના પ્રમુખ છે, નાની મોટી અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે તથા અમારી સાહિત્ય-પ્રવૃત્તિને વર્ષોથી સારું એવું ઉત્તેજન આપતા આવ્યા છે

શ્રીમાન્ રમણીકલાલ મગનલાલ શાહ



શ્રીમાન્ ચિત્તરંજન દામોદરદાસ શાહ

જેમણે વ્યાપારી ક્ષેત્રે સુંદર પ્રગતિ કરી છે અને સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે, તેમજ આ ગ્રંથપ્રકાશનને સારું ઉત્તેજન આપ્યું છે.



આ પ્રકાશનના પેટ્રન

ડૉ. શ્રીમતી નિર્મળાબહેન લક્ષ્મીચંદ મેઘજી શાહ

(ગામ: રાયણ-કચ્છ માંડવી)

જીવન જ્યોત મેટરનીટી હોસ્પિટલ, સ્ટેશન સામે, ઘાટકોપર

મુંબઈ - ૪૦૦ ૦૭૭



સ્વ. સુમનબહેન રસિકલાલ કોઠારી

([illegible])

[illegible]



સ્વ હીરાબહેન ગગલભાઈ ભણસાલી

(પાલનપુરનિવાસી)

જેમના પુણ્ય સ્મરણાર્થે સુપુત્રી મંજુલાબહેન તરફથી
આ ગ્રંથપ્રકાશનને ખાસ પ્રોત્સાહન મળ્યું છે

મુંબઈ–૪૦૦૦૨૬



[illegible]

શ્રી પુરુષોત્તમ મગનલાલ ગાંધી

[illegible]

[illegible]

[illegible]

॥ ॐ ह्रीँ अर्हँ नम ॥

[१]

પ્રાસ્તાવિક

શ્રી સિદ્ધચક્ર અંગે સાચી સમજ આપવી, તેનાં સુવિદિત અંગોનો વિસ્તૃત-વિશદ પરિચય કરાવવો, તેની આરાધનવિધિ પર પ્રકાશ પાડવો તથા તે અંગે પૂછાતા વિવિધ પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપવો, એ આ ગ્રંથરચનાનો મુખ્ય હેતુ છે.

આવો એક ગ્રંથ આજથી પાંચ-છ વર્ષ પહેલાં રચવાનો વિચાર કર્યો હતો અને તે અંગે કેટલીક નોંધો પણ કરી હતી, પરંતુ અવસર પાક્યા વિના કોઈ પણ કાર્ય [illegible] એ ન્યાય હજુ [illegible] પાક્યો. એટલે તેના [illegible] અભિલાષા [illegible] આ [illegible] પૂર્ણ થઈ

કોઈ કહેશે, વાર્તા કે નવલકથા [illegible] એ સિદ્ધચક્ર [illegible] છે, [illegible] કોઈ [illegible]

અન્ય ભાષામા અનુવાદ કરવો હોય તો તે પણ એકધારો કરી શકાય છે, અથવા એક નિર્ણીત વિષય પર વિવેચન કરવું હોય તો તે પણ એકધારૂં કરી શકાય છે, પણ આ તો સંશોધનાત્મક ગ્રંથ રહ્યો, એટલે જેમ જેમ સંશોધનો અને નિર્ણયો થતા જાય, તેમ તેમ તેનું કલેવર ઘડાતું જાય અને એમાં કેટલાક પ્રસંગો તો એવા પણ આવે કે જ્યારે પ્રકરણોનાં પ્રકરણો રદ કરવા પડે અથવા તો તેનું પુનર્લેખન કરવું પડે અને તેના અનુસંધાનમાં આખા યે ગ્રંથની મરામત કરવી પડે. અમે આ અનુભવમાંથી પસાર થયા છીએ, પણ તેનુ વર્ણન-વિવેચન કરીને પાઠકોનો કિંમતી સમય લેવા માગતા નથી. અમે તો પ્રબલ પ્રયાસથી-જબ્બર જહેમતથી શ્રી સિદ્ધચક્ર અંગે જે કંઇ જાણી શકયા છીએ, જે કંઇ મેળવી શકયા છીએ, તે પાઠકમિત્રો સમક્ષ વિનમ્ર ભાવે રજૂ કરવા ઇચ્છીએ છીએ અને તેમણે હંસ-ક્ષીર-નીર-ન્યાયે તેમાંથી સારભાગ ગ્રહણ કરવાનો છે.

કદાચ અહી કોઇ એમ પૂછશે કે 'હંસ-ક્ષીર-નીર-ન્યાય એટલે શું ?' તેથી તેની સ્પષ્ટતા કરી દઈએ. ક્ષીર એટલે દૂધ અને નીર એટલે પાણી. તે બંને ભેગા કર્યા હોય અને હંસની સામે મૂકયા હોય તો તેમાથી તે દૂધ પી જાય છે અને પાણી પડ્યું રહેવા દે છે. તાત્પર્ય કે તે એમાથી સાર વસ્તુ ખેંચી લે છે અને નિઃસાર વસ્તુ પડી રહેવા દે છે. આ એક ન્યાય એટલે નાનકડું દૃષ્ટાંત છે. તેમાંથી બોધ એ લેવાનો છે કે આપણી સામે જે વસ્તુઓ

આવે, તેમાંથી આપણને સારુ લાગે તેટલું ગ્રહણ કરવુ અને બાકીનું છોડી દેવુ, પણ તેની ટીકા-ટિપ્પણીમા ઉતરવું નહિ.

જૈન ધર્મમા તો ગુણગ્રાહકતા એ બહુ મોટો ગુણ ગણાયો છે. 'જ્યાથી પણ ગુણ મળે ત્યાથી ગ્રહણ કરો અને તેને તમારા જીવનમા ઉતારો' એ એનો આદેશ છે. આ આદેશનો હેતુ સમજાવતા કહેવામા આવ્યું છે કે 'જો તમે ગુણ ગ્રહણ કરતા રહેશો તો ધીરે ધીરે તમારામા ગુણનો મોટો સંગ્રહ થશે અને તમે મહા ગુણવાન બની જીવનનો જંગ જીતી જશો. તેથી વિપરીત, જો તમે દોષ જોતાં શીખશો અને બધામા દોષ નિહાળ્યા કરશો તો તમે પોતે દોષના ભંડાર બની જશો અને [illegible] [illegible] બની જશો [illegible] [illegible] અને [illegible] [illegible] પામી શકો છો. તો આપણે [illegible] [illegible] નહિ?'

ખર જોઈ લીધો છે. માટે હવે તેનું મૂલ્ય કહો!' એ વખતે પેશ્વા હસીને કહે છે: 'શું તમારે ખરેખર આ હીરાનું મૂલ્ય જાણવું જ છે? તો આ હીરાનું મૂલ્ય આટલું છે.' એમ કહી એ હીરો તેણે મુખમાં મૂકી દીધો અને તે કડકડાટ ચાવી ગયો. ઝવેરીએ કહ્યું 'મહારાજ! હું ઘણા શ્રીમંતો પાસે ગયો છું અને રાજ-રજવાડામાં ફર્યો છું, પણ કોઈ આ હીરાની પરીક્ષા કરી શક્યું ન હતું. એની પરીક્ષા કરનાર તો આપ એક જ મળ્યા. આપની બુદ્ધિને-આપની ચતુરાઈને સો કોડો ધન્યવાદ છે.' આ શબ્દો સાભળતાં ઝવેરીઓ બાઘા બની ગયા અને દરબારીઓના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તાત્પર્ય કે બુદ્ધિમાન મનુષ્યે સાચી-ખોટી વસ્તુને પારખતા શીખવું જોઈએ.

અમને એટલી ખાતરી છે, અમને એટલો વિશ્વાસ છે કે અમારા પાઠકો સાચા-ખોટાની તુલના કરી સાચું તારવી શકે એવા છે. તેઓ આમાથી સત્ય તારવશે, તેનો આદર કરશે અને તેનાથી લાભાન્વિત થશે.

શ્રી સિદ્ધચક્રનો વિષય એકંદર કઠિન છતા તેને અતિ સરલ બનાવીને આ ગ્રંથમા રજૂ કરવામા આવ્યો છે અને પ્રસંગોપાત્ત દાખલા-દલીલો તથા કિસ્સા-કહાણીઓ રજૂ કરીને તેને સુવાચ્ય બનાવેલો છે, એટલે સહુ કોઈ તેને સારી રીતે સમજી શકશે, એમ અમે માનીએ છીએ.

શ્રી સિદ્ધચક્ર વિષે કહેવા જેવું ઘણું છે, તે અમે આ ગ્રંથમાં ક્રમશ: કહ્યું છે. પાઠકો તેને શાંત-સ્થિર ચિત્તે વાંચે-વિચારે એ જ અભ્યર્થના.

પ્રકાશમાં 'विद्यावादात्समुद्धृतं-તે વિદ્યાવાદમાંથી ઉદ્ધરાયેલ છે, એ શબ્દો વડે આ હકીકત જણાવેલી છે અને શ્રી રત્નશેખર-સૂરિજીએ **સિરિસિરિવાલકહામાં** કહ્યું છે કે 'एयं च सिद्धचक्कं कहियं विज्जाणुवाय-परमत्थं-આ સિદ્ધચક્રને તો વિદ્યાનુવાદનો પરમાર્થ કહેલો છે, એટલે કે વિદ્યાનુવાદ પૂર્વમા અનેક મંત્ર-યંત્રો અને તેમના આમ્નાયો રહેલા હતા, પણ એ બધામાં સારભૂત તો શ્રી સિદ્ધચક્ર અને તેનો આરાધન-વિધિ જ હતો.' આ બંને ઉલ્લેખોના આધારે અમે કહીએ છીએ કે શ્રી સિદ્ધચક્રનો ઉલ્લેખ વિદ્યાવાદ કે વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વમા હતો.

કાલાંતરે આ પૂર્વોનો વિચ્છેદ થયો, એટલે કે તે લુપ્ત થયાં, આપણી પાસેથી ચાલ્યા ગયા, આપણને તે યાદ રહ્યાં નહિ. એ વખતે બધાં શાસ્ત્રો યાદ રાખવામા આવતા હતા. આજની જેમ એ વખતે મુદ્રણાલયો હતા નહિ કે પુસ્તકો છપાતાં નહિ. અમારી સમજ પ્રમાણે તો એ વખતે કાગળની શોધ પણ થઈ ન હતી કે થઇ હોય તો પણ તેનો વપરાશ શરૂ થયો ન હતો. એવામાં કાલ પડતો આવવાથી સ્મરણશક્તિ ઘટતી ચાલી અને પૂર્વો તો ઘણાં મોટા તથા અટપટા આલાપકોવાળાં હતાં, એટલે તેમનું વિસ્મરણ થઈ ગયું, પરંતુ આપણા સારા નશીબે તેમાના કેટલાક અવતરણો કે ઉદ્ધરણો બચી ગયાં અને તે ઘણાં ઉપયોગી નીવડયા.

શ્રી સિદ્ધચક્ર અંગે પણ એમ જ બન્યું. તેનાં કેટલાંક અવતરણો-કે ઉદ્ધરણો મહર્દ્ધિપ્રાપ્ત પદાનુસારી લબ્ધિવાળા

[૩]

અદ્‌ભુત યંત્રરાજ

આ જગતનો વ્યવહાર નામથી ચાલે છે. નામ ન હોય તો કોઇ વસ્તુની ઓળખાણ પડતી નથી અને આપણે તેનો ઉપયોગ કરી શકતા નથી. આપણી સામે અનેક પશુઓ ઊભેલાં હોય કે અનેક વૃક્ષો આવેલાં હોય, પણ તેમાંનાં કોઈનું નામ જાણતા ન હોઇએ તો તે અંગે વ્યવહાર શી રીતે કરી શકીએ? શ્રી આદિનાથ ભગવાન માનવસંસ્કૃતિના પિતા ગણાય છે. બીજા આ વાત માને કે ન માને, પણ આપણે તો બરાબર માનીએ છીએ. તેમણે બ્રાહ્મીને લિપિ શીખવી અને સુંદરીને ગણિત શીખવ્યું. લિપિમાથી શબ્દો બન્યા અને તેમાંથી નામો નિર્માણ થયાં. નામ એક પ્રકારનો સંકેત છે, એટલે તેમાં કોઈ ને કોઈ અર્થ જરૂર હોય છે.

આ અર્થ કોઇ વાર વ્યાકરણ કે વ્યુત્પત્તિના આધારે સમજાય છે, કોઇ વાર રુઢિ કે પરંપરાના આધારે સમજાય

છે, તો કોઈ વાર એ બન્નેના આધારે સમજાય છે. કેટલાક વ્યાકરણને વ્યાધિકરણ સમજે છે અને તેનાથી દૂર ભાગે છે, પણ શાસ્ત્રીય શબ્દોના અર્થ કરવાનો પ્રસંગ આવે ત્યારે વિમાસણમાં મૂકાઈ જાય છે અને ભળતા છબરડા વાળી નાખે છે. રૂઢિ કે પરંપરાની અપેક્ષા કરનારના પણ આવા જ હાલ થાય છે. પંકજ શબ્દનો અર્થ કરવાનો પ્રસંગ આવે ત્યારે પંકમાં-કાદવમા જન્મેલે', તે પંકજ, એમ કહીને તેનો અર્થ દેડકો કરવામા આવે તો સ્થિતિ હાસ્યાસ્પદ બન્યા વિના રહે નહિ, કારણ કે કાદવમાં દેડકો પણ જન્મે છે અને કમલ પણ જન્મે છે, તેમાથી કમલ અર્થ ગ્રહણ કરવો એવી રૂઢિ કે પરંપરા છે.

વિદ્વાનોએ-પંડિતોએ-શાસ્ત્રીઓએ આ ધોરણ જાળવી રાખ્યુ છે, તેથી આપણે કોઈ પણ નામનો વાસ્તવિક અર્થ જાણી શકીએ છીએ અને તેનાથી લાભાન્વિત થઈ શકીએ છીએ.

લોકસમૂહની વાત નિરાલી છે. તે ઘણી વાર લાબાં નામોને ટૂંકા કરી નાખે છે કે તેને ભળતા જ નામો આપી દે છે. પુત્ર-પુત્રીઓના નામ પાડવામા તો તેમની વિચિત્ર કલ્પનાઓ જ કામ કરતી હોય છે

ઠણઠણપાલની વાત

એક સ્રીને પુત્રો જીવતા ન હતા, એટલે તેણે નવા જન્મેલા પુત્રનું ખોટીલું નામ પાડવાનો નિર્ણય કર્યો. બીજો,

પૂજો, ફચરો એ બધાં નામો ખોટીલાં ગણાય છે, પરંતુ તેને આ કોઇ નામ પસંદ પડ્યું નહિ. આખરે તેણે પોતાના પુત્રનું નામ ઠણઠણપાલ પાડ્યું.

ઠણઠણપાલ મોટો થયો, સમજણો થયો, ત્યારે લોકોની મશ્કરી સાંભળીને તેને એમ થયું કે 'મારું નામ પાડવામાં માતાપિતાએ ભૂલ કરી છે. આવું નામ તે પડાતું હશે?' અને તેણે પોતાનું નામ બદલી નાખવાનો આગ્રહ કર્યો. માતાપિતાએ કહ્યું : 'નામ તો જેવું હોય તેવું ચાલે. એની બહુ ચોળાચોળ કરવી નહિ. અમે સમજી-વિચારીને તારું આ નામ પાડ્યું છે.' પરંતુ એથી ઠણઠણપાલના મનનું સમાધાન થયું નહિ, ત્યારે માતાપિતાએ કહ્યું કે 'બેટા! નામ પર મોહ પામવા જેવું નથી. આ દુનિયામાં તો નામ મોટાં અને દરસણ ખોટા હોય છે. તું એક વાર ચારે બાજુ ફરીને નામનો અભ્યાસ કરી લે, એટલે તને ખબર પડશે.'

ઠણઠણપાલને લાગ્યું કે માતા-પિતા ઠીક કહે છે, એટલે તે એક દિવસ ફરવા નીકળ્યો ગામની બહાર નીકળતાં તેણે એક બાઈને છાણાં વીણતી જોઈ, એટલે તેને પૂછ્યું : 'બાઇ! તારું નામ શું છે?' બાઈએ કહ્યું : 'લક્ષ્મી.' આથી ઠણઠણપાલે આશ્ચર્ય પામીને પૂછ્યું. 'શું કહે છે? તારું નામ લક્ષ્મી છે, છતાં તું છાણાં વીણે છે?' લક્ષ્મીએ કહ્યું. 'વીરા! નામને શું કરું? મારે તો દામ જોઈએ છે.

જો દામ ન હોય તો અમે બધાં ભૂખે મરીએ, એટલે છાણા વીણીને ગુજરાન ચલાવું છું.'

ત્યાંથી આગળ ચાલતાં એક મનુષ્ય ભીખ માગતો જોવામા આવ્યો. તેને ઠણુઠણુપાલે પૂછયું કે 'ભાઇ! તારું નામ શું?' પેલાએ કહ્યુ 'ધનપાલ.' ઠણુઠણુપાલે તેને પૂછયું: 'તુ ધનપાલ થઈ ને ભીખ કેમ માગે છે?' ધનપાલે કહ્યુ: 'રૂડા-રૂપાળાં નામથી શો દહાડો વળે? પાસે કલદાર હોય તો કામ લાગે. મારી પાસે કલદાર નથી, એ જ મોટી ખામી છે અને તેથી ભીખ માગીને પેટ ભરવાનો વખત આવ્યો છે'

ત્યાંથી આગળ ચાલતા સ્મશાનભૂમિ આવી. તેમાં એક શબને અગ્નિદાહ દેવાઇ રહ્યો હતો અને ડાઘુમા આવેલા માણસો ટોળે વળીને થોડે દૂર બેઠા હતા. તેમાના એક માણસને ઠણુઠણુપાલે પૃછયું કે 'ભાઈ કોણ ગુજરી ગયુ?' પેલાએ કહ્યુ 'અમરચંદભાઈ ગુજરી ગયા. બિચારા બહુ ભલા માણસ હતા!' ઠણુઠણુપાલે તેને કંઇ કહ્યુ નહિ, પણ મનમા વિચારવા લાગ્યો કે 'અમરચંદ નામ છતાં કેમ મરી ગયા?'

પછી તેણે ઘરે આવી માતાપિતાને કહ્યુ કે–

લક્ષ્મી છાણા વીણતી, ભીખ માગે ધનપાલ;
અમરચંદ મરતાં દીઠો, ભલો હું ઠણુઠણુપાલ.

તાત્પર્ય કે આ બધુ જાણ્યા પછી નામ પરથી તેનો મોહ ઉતરી ગયો અને માતા-પિતાએ જે નામ પાડયું હતું, તેથી સંતોષ ધારણ કર્યો.

સંસારવ્યવહારમાં નામની આવી ગોલમાલ ચાલી રહી છે, તે પરથી કોઇ એવું અનુમાન કરતું હોય કે બધે આમ જ ચાલે છે, તો એ અનુમાન ખોટું છે. ખાસ કરીને શાસ્ત્રોમાં તો એવી ગોલમાલને જરાયે અવકાશ નથી. તેમાં તો નામ પ્રમાણે જ ગુણ હોય છે, અથવા તો ગુણ પ્રમાણે જ નામનો સંકેત કરેલો હોય છે, અન્ય શબ્દોમાં કહીએ તો તેમા શબ્દ અને અર્થનું ધોરણ ઘણું ચોક્કસ હોઇ કોઈ ગરબડ થવા સંભવ નથી.

અરિહંત દેવો ઉપદેશ આપે છે અને તેના આધારે ગણધર ભગવંતો શાસ્ત્રની રચના કરે છે. હવે અરિહંત તો સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે તથા વાણીના પાંત્રીશ ગુણોથી યુક્ત હોય છે. તેમના બોલ્યામા કશો ફેર સંભવે ખરો ? જો એનો ઉત્તર નકારમાં હોય—હોય જ–તો તેઓ જે કંઈ બોલ્યા છે, તે બરાબર છે, એમ જ સમજવું જોઇએ. ગણધર ભગવંતો પણ મહાજ્ઞાની હોય છે અને અનેક લબ્ધિઓના ધારક હોય છે. વળી વાણી પર તેમનું અદ્વિતીય પ્રભુત્વ હોય છે, એટલે તેઓ અરિહંતના ઉપદેશનો સાર સૂત્ર–સિદ્ધાંતમા બરાબર ઉતારી શકે છે. તેમા કોઈ પ્રકારનો વિપર્યાસ થતો નથી, તેથી જ શાસ્ત્રોને ધાર્મિક વિષયોમા અત્યંત પ્રમાણભૂત માનવામાં આવે છે.

દરેક પ્રતિપાદન અમુક આશયથી થાય છે અને આવા પ્રતિપાદનો અનેક હોવાથી કોઇ વાર તેમાં દેખીતો

અર્થગૌરવવાળો છે, એટલે કે તેમાંથી ઘણા અર્થો નીકળી શકે એમ છે. જેમ આપણા શરીરમાં મસ્તક અને ધડ એવા બે વિભાગો હોય છે, તેમ આમાં સિદ્ધ અને ચક્ર એવા બે વિભાગો છે. જેમ ગાડીના ડબ્બા એક પ્રકારની સાંકળી કે એક પ્રકારના આંકોડા વડે જોડાયેલા હોય છે, તેમ આ બે શબ્દો એક પ્રકારના સમાસથી જોડાયેલા છે. એક શબ્દમાં બે છૂટાં પદો કોઈ જાતના સંબંધ વિના રહી શકતા નથી, એટલે કે તે બંને વચ્ચે કોઈ ને કોઈ પ્રકારનો સંબંધ હોય છે આ રીતે આપણે સંબંધ જોડીએ તો 'સિદ્ધ એવું જે ચક્ર, તે સિદ્ધચક્ર' અથવા 'સિદ્ધોનું જે ચક્ર, તે સિદ્ધચક્ર' એવો સામાન્ય અર્થ થઈ શકે છે. આ બંને અર્થ પરત્વે અહીં વધારે વિચાર કરીશું.

(૧) સિદ્ધ એટલે પવિત્ર અને ચક્ર એટલે ગોળાકાર યંત્ર. અર્થાત્ જે ગોળાકાર યંત્ર પવિત્ર—અતિ પવિત્ર છે, તે શ્રી સિદ્ધચક્ર.

(૨) અથવા સિદ્ધ એટલે અલૌકિક ભાવોથી યુક્ત અને ચક્ર એટલે ગોળાકાર યંત્ર, અર્થાત્ જે ગોળાકાર યંત્ર અલૌકિક ભાવોથી યુક્ત છે, તે શ્રી સિદ્ધચક્ર.

(૩) અથવા સિદ્ધ એટલે મહાપુરુષો વડે નિષ્પન્ન અને ચક્ર એટલે ગોળાકાર યંત્ર, અર્થાત્ જે ગોળાકાર યંત્ર મહાપુરુષોવડે નિષ્પન્ન થયેલ છે, તે શ્રી સિદ્ધચક્ર.

(૪) અથવા સિદ્ધ એટલે અવશ્ય ફલ આપનારો—

સારભૂત નવપદો વ્યવસ્થિત થયેલાં છે અને જેનું આલંબન લેતાં મોક્ષ તથા બીજી અન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.'

અર્થનું કેટલું મહત્વ છે? તે આ પરથી સમજી શકાશે. આપણે શબ્દો તો ઘણા સાંભળીએ છીએ, પણ તેનો અર્થ જાણતા નથી, તેમજ જાણવાનો પ્રયત્ન પણ કરતા નથી, એટલે આપણા ધાર્મિક જ્ઞાનમા શૂન્યાવકાશ ઊભો થયો છે. આ શૂન્યાવકાશ ત્યારે જ હઠે કે જ્યારે સૂત્રની સાથે તેના અર્થનું જ્ઞાન પણ વ્યવસ્થિત રીતે આપવામાં આવે. જ્ઞાનાચારના આઠ નિયમો પૈકી એક નિયમ એવો છે કે સૂત્રનો અર્થ બરાબર શીખવો. 'वंजण-अत्थ-तदुभए' એ શબ્દનો મર્મ વિચારવાથી આ વસ્તુ સમજાશે. આ વિષયમાં ઘણું વક્તવ્ય છે, પણ તે રજૂ કરવાનું અહીં સ્થાન નથી, એટલે ઇશારારૂપે જ આટલી વસ્તુ જણાવી છે.

અર્થની ચોકસતા ન હોય તો એકને બદલે બીજું સમજાય છે અને તેમાથી ઘણી વાર નહિ કલ્પેલા, નહિ ધારેલા અનિષ્ટ પરિણામો આવે છે તે માટે શાસ્ત્રકારોએ પર્વત-વસુ-નારદની એક કથા કહી છે, તે આપણે ધ્યાનમા રાખવા જેવી છે.

પર્વત-વસુ-નારદની કથા

શુક્તિમતી નગરીમાં ક્ષીરકદંબક નામે ઉપાધ્યાય રહેતા હતા. તે પોતાના પુત્ર પર્વતને, રાજાના પુત્ર વસુને તથા

न्नत्थालंबणरहिओ तंतम्मि पचहा एसो' એ શબ્દો વડે આપ્યો છે. તેમણે પ્રથમ એમ કહ્યુ છે કે 'પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો સર્વ પણ ધર્મવ્યાપાર મોક્ષમા જોડનાર હોવાથી યોગ જાણવો. 'योजनाद् योगः' એ વ્યુત્પત્તિ સિદ્ધ કરવા માટે તેમણે પ્રથમ આમ કહ્યુ છે. અને ત્યાર પછી જણાવ્યું છે કે 'વિશેષથી તો સ્થાનાદિગત એવો જ ધર્મવ્યાપાર તેને યોગ જાણવો.' તે પછી તેમણે તંત્ર એટલે શાસ્ત્રોમા આ યોગને સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને આલંબનરહિત એમ પાંચ પ્રકારનો કહ્યો છે, એ વાત પ્રકટ કરી છે. આ શબ્દોના માત્ર અર્થ કરવાથી એનું ખરું રહસ્ય નહિ સમજાય, એટલે તે અહી યોગ્ય વિવેચનપૂર્વક રજૂ કરીશુ.

(૧) **સ્થાન.** પ્રથમ શ્રમણો ઉપદ્રવરહિત સ્થાનની શોધ કરતા અને ત્યા જઇ કાયોત્સર્ગ અવસ્થાએ સ્થિર થતા જો સ્થાન ઉપદ્રવવાળું હોય તો સાધના બરાબર થાય નહિ, એટલે પ્રથમ જરૂર ઉપદ્રવરહિત સ્થાનની હતી તે શોધ કરતાં જરૂર મળી આવતું. કાયોત્સર્ગ ઊભા ઊભા, બેઠા બેઠા કે સૂતા સૂતા પણ થઇ શકતો, પરંતુ મુખ્યત્વે તો તે ઊભા ઊભા જ કરવામાં આવતો. કાયોત્સર્ગમા જે ઓગણીશ દોષો ટાળવાના કહ્યા છે, તે આ અવસ્થાને ઉદ્દેશીને જ કહ્યા છે. કાયોત્સર્ગનો શાબ્દિક અર્થ તો કાયાનો ઉત્સર્ગ કરવો, કાયાને છોડી દેવી એવો થાય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ કાયાની મમતા છોડીને આત્મવિકાસને લગતા ચિંતન–

ધ્યાનમા મગ્ન થવું એ જ કાયોત્સર્ગ છે. જૈન ધર્મની કથાઓ વાંચો તો સ્થળે સ્થળે એવી વાત આવશે કે અમુક મુનિવર કાયોત્સર્ગ–ધ્યાને ઊભા રહ્યા હતા. આ કથાઓ એમને એમ તો નહિ જ લખાયેલી હોય. જ્યારે મુનિવરો કાયોત્સર્ગ–ધ્યાને ઊભા રહેતા હશે, ત્યારે જ આમ લખાયુ હશે.

(૨) વર્ણ એટલે અક્ષર. અહી અક્ષરથી અક્ષરના બનેલા એવા વિશિષ્ટ સૂત્રો કે મંત્રપદો સમજવાના છે. તાત્પર્ય કે તેઓ કાયોત્સર્ગ અવસ્થાનો સ્વીકાર કર્યા પછી શુદ્ધ સૂત્ર કે મંત્રનું રટણ શરૂ કરતા કે જેને સામાન્ય રીતે જપ કહેવામા આવે છે. જે સૂત્ર વારંવાર રટણ કરવા જેવું હોય, મનન કરવા જેવુ હોય, તે મંત્રરૂપ ગણાતું. એટલે સૂત્ર અને મંત્રમા તાત્ત્વિક ભેદ ન હતો. દાખલા તરીકે ' अप्पा सो परमप्पा ' આત્મા તે જ પરમાત્મા છે. એ સૂત્ર પણ છે અને મંત્ર પણ છે. આજના આપણા સંસ્કારો કદાચ એને મંત્ર ગણવા તૈયાર નહિ થાય, પણ પ્રાચીન ધર્મો અને ઋષિ–મુનિઓ ' मननात् मन्त्र ' એ વ્યાખ્યા અનુસાર મનન કરવા યોગ્ય સૂત્રોને મંત્ર ગણતા. વેદનાં બધાં સૂક્તોને મંત્ર કહેવામા આવે છે. તેનું કારણ આ જ છે

અહીં કદાચ પ્રશ્ન થશે કે ' કાયોત્સર્ગ કર્યા પછી આ રીતે સૂત્રજપ કે મંત્રજપ કરવાનો હેતુ શો હશે ?' તેનો ઉત્તર એ છે કે ભાવની શુદ્ધિ માટે તથા ભાવનાની સિદ્ધિ

માટે તેઓ આ પ્રકારનો સૂત્રજપ કે મંત્રજપ કરતા. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મનાં અંગોમાં વધારે મહત્ત્વ ભાવનુ છે. જો ભાવ શુદ્ધ હોય તો દાન, શીલ અને તપ ફલદાયી થાય છે, અન્યથા થતાં નથી. ભાવનાઓ એટલે બાર પ્રકારની ભાવનાઓ. તે આત્માને વૈરાગ્યનો-અધ્યાત્મનો રંગ ચડાવવા માટે અતિ ઉપયોગી છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે સાધનાપદ્ધતિના જેમ પાંચ વિભાગો હતા, તેમ યોગના પણ પાચ વિભાગો હતા ' (૧) અધ્યાત્મ, (૨) ભાવના, (૩) ધ્યાન, (૪) સમતા અને (૫) વૃત્તિસંક્ષય. તેમાં આત્મા તરફ દૃષ્ટિ સ્થિર થવી એ અધ્યાત્મ કહેવાતું. સદ્ગુરુઓની નિશ્રામા રહેવાથી તથા જિનપ્રવચન સાંભળવાથી તેની ઉત્પત્તિ થતી. ભાવનાઓના બાર પ્રકાર નીચે પ્રમાણે મનાયેલા હતા (૧) અનિત્ય ભાવના, (૨) અશરણભાવના, (૩) સંસારભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અન્યત્વભાવના, (૬) અશુચિભાવના, (૭) આશ્રવભાવના, (૮) સંવરભાવના, (૯) નિર્જરાભાવના, (૧૦) ધર્મસ્વાખ્યાતભાવના, (૧૧) લોકસ્વરૂપભાવના અને (૧૨) બોધિદુર્લભભાવના આ ભાવનાઓની એક પછી એક સિદ્ધિ કરવા માટે ગુરુ અમુક સૂત્ર કે મંત્ર આપતા અને તેનો આ રીતે જપ કરવામાં આવતો.

જ્યાં સુધી એક સૂત્ર કે મંત્રનો જપ થાય નહિ, ત્યાં સુધી તેનો ઊંડો સંસ્કાર આપણા અંતરપટ પર પડે

નહિ અને ત્યા જે વાસનારૂપી ડાકણો છૂપાઈ રહી છે, તેના પર આકરા પ્રહારો થાય નહિ. જન્મ-જન્મના દુષ્ટસંસ્કારોને તોડવા હોય તો પ્રથમ જપનો આશ્રય લેવો જોઇએ. જપ જેટલો જોરદાર, તેટલુ તેનું પરિણામ વધારે સુંદર. અમે 'જપ-ધ્યાન-રહસ્ય' નામના અમારા ગ્રંથમા જપ અંગે ઘણુ લખ્યું છે, તે જિજ્ઞાસુઓએ વાચી લેવુ.

(૩) **અર્થ** એટલે અર્થભાવના. જે સૂત્ર કે મંત્રનો જપ કરવામા આવ્યો હોય, તે સંબંધી ઊંડુ ચિંતન કરવું. શાસ્ત્રીય પરિભાષામા આને 'અનુપ્રેક્ષા' કહેવામા આવે છે. ગુરુ પાસેથી સૂત્રો ગ્રહણ કર્યાં હોય, તેના અર્થ જાણ્યા હોય, તે પર પ્રશ્નો કરી શંકાઓનું સમાધાન મેળવ્યુ હોય અને વારવાર આવૃત્તિ કરી તેને જીભના ટેરવે રાખ્યા હોય, પણ જ્યા સુધી તેની અનુપ્રેક્ષા કરવામા આવે નહિ, ત્યા સુધી તે તત્ત્વરૂપે પરિણમે નહિ. તત્ત્વપરિણતિ એ જ સાચું ચારિત્ર છે, એ વસ્તુનો ખ્યાલ કરતા અનુપ્રેક્ષા અતિ આવશ્યક બની જાય છે. આજે વાચના, પૃચ્છના અને પરિવર્તના છે, પણ અનુપ્રેક્ષા નથી, અથવા તો બહુ અલ્પ પ્રમાણમાં છે, તેથી ચારિત્રમા જોઈએ તેવુ તેજ આવતુ નથી. અનુપ્રેક્ષા ઘટવાનુ મુખ્ય કારણ તો પૂર્વની માફક કાયોત્સર્ગ કરવાની પ્રથા લગભગ બંધ થઈ ગઈ છે અને ધ્યાન પરથી આપણુ લક્ષ્ય ઘણું હઠી ગયુ છે, એ જ છે.

(૪) **આલંબન.** સૂત્ર-મંત્ર-જપ તથા અનુપ્રેક્ષાથી અમુક અંશે શાંત-સ્થિર થયેલુ મન ધ્યાનને યોગ્ય બનાતું

(૫) આલંબનરહિત અર્થાત્ નિરાલંબન–જે ધ્યાનમા સ્થૂલ આલંબન વિના ચિત્તવૃત્તિઓની એકાગ્રતા હોય, તેને નિરાલંબનધ્યાન કહેવાય. ચિત્તવૃત્તિઓની સંપૂર્ણ એકાગ્રતા થતા સમતાભાવ ટોચે પહોચતો અને બાકી રહેલી મનની બધી વૃત્તિઓનો સંપૂર્ણ નાશ થતો આ અવસ્થાને જ ધ્યાનની સિદ્ધિ ગણાતી. તેના પરિણામે જ્ઞાનાવરણીય. દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય એ ચાર ઘાતી કર્મોનો ક્ષય થતો અને કૈવલ્યાવસ્થા પ્રાપ્ત થતી. આ રીતે શ્રમણોની સાધનાનુ અંતિમ પરિણામ કૈવલ્યપ્રાપ્તિ અને તેના પરિણામે નિર્વાણપ્રાપ્તિમાં આવતું. શ્રીમદ્ યશોવિજયજી મહારાજે **જ્ઞાનસાર**ના યોગાષ્ટકમા આ સાધનાપદ્ધતિનું સમર્થન કરેલું છે. જેમકે–

मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते।
विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥

‘(આત્માને) મોક્ષની સાથે જોડવાથી સર્વ પણ આચાર યોગ કહેવાય છે. જો તેની વિશેષતા કરીને કહીએ તો સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા જેને ગોચર છે, તે યોગ કહેવાય છે’

શ્રી હરિભદ્રસૂરિએ યોગના પાચમા પગથિયાને આલંબનરહિત કહ્યું છે. તેને શ્રીમદ્ યશોવિજયજી મહારાજે એકાગ્રતાયોગ કહ્યો છે. કારણ કે તેનાં મન, વચન અને

ગાયથી આ સહન થયું નહિ. તે પોતાના પાલનહારનો શિરચ્છેદ થયેલો જોઈને ઉફરાટે આવી અને બંધન તોડીને દૃઢપ્રહારીની સામે થઈ.

દૃઢપ્રહારીના દિલમાં દયા ન હતી, વળી તે અઠંગ સાહસિક હતો, એટલે તેણે કંઈ પણ વધુ વિચાર કર્યા વિના ગાય પર તરવાર ઝીંકી અને તેનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું.

આ રીતે પોતાના પ્યારા પતિ અને ગરીબડી ગાયની હત્યા થતાં બ્રાહ્મણપત્નીનો મિજાજ અત્યંત ઉશ્કેરાઈ ગયો અને તે ગાળો દેતી દૃઢપ્રહારીને મારવા દોડી, પણ વિકરાળ વાઘ આગળ હરિણીનું શું ગજું? દૃઢપ્રહારીએ તેના પેટમાં તરવાર હુલાવી દીધી અને તે ઢગલો થઈ નીચે પડી. આ બ્રાહ્મણી ગર્ભવતી હતી, એટલે તેનું પેટ ચીરાતાં અંદરનો ગર્ભ પણ માર્યો ગયો. આ રીતે દૃઢપ્રહારીએ ક્રોધ, સાહસિકતા અને નિર્દયતાને વશ થઈને બ્રહ્મહત્યા, ગોહત્યા, સ્ત્રીહત્યા અને બાલહત્યા, એ ચાર મહાન હત્યાઓ કરી, પરંતુ છેલ્લી હત્યાએ તેનું હૈયું હચમચાવી નાખ્યું. તે વિચાર કરવા લાગ્યો 'અહો! મેં આ શું કર્યું? એક સાથે ચાર હત્યા અને તે પણ બ્રાહ્મણ, ગાય, સ્ત્રી, અને બાળકની? હા! હા! મારા જેવો નિર્દય-અધમ-પાપી બીજો કોણ હશે? ખરેખર મેં ઘણું ખોટું કર્યું. મારી દુર્જનતાએ માઝા મૂકી.'

આવા વિચારો કરતો દૃઢપ્રહારી પોતાના સાથીઓ સાથે કુશસ્થળ છોડી ગયો, પણ પેલું ભયાનક દૃશ્ય તેની નજર આગળથી ક્ષણવાર પણ દૂર થયું નહિ. તે પોતાના દુષ્ટ કૃત્યની ફરી ફરીને નિંદા કરવા લાગ્યો. એમ કરતા તેનું પથ્થર જેવું હૃદય પીગળી ગયું અને તેની લીબુની ફાડ જેવી બે આખોમાથી અશ્રુની ધારા વહેવા લાગી.

આગળ જતા વનપ્રદેશ શરૂ થયો. ત્યા સંયમ અને શાતિની સાક્ષાત્ મૂર્તિ જેવા એક મુનિ જોવામા આવ્યા, એટલે તે એમના ચરણોને વળગી પડયો અને ધ્રુશકે ધ્રુશકે રોવા લાગ્યો. મુનિએ તેને શાંતવન આપ્યું અને આટલો શોક-સંતાપ કરવાનું કારણ પૂછયું, ત્યારે દૃઢપ્રહારીએ બધી વાત કહી સંભળાવી.

મુનિએ કહ્યુ : 'મહાનુભાવ ! પાપનો અંતરથી પશ્ચાત્તાપ થવો એ પવિત્રતાનો પ્રારંભ છે અને તેને ફરી ન કરવાના દૃઢ સંકલ્પથી એ પવિત્રતા પૂર્ણ થાય છે. માટે આવા પાપો ફરી ન કરવાનો સંકલ્પ કર.' દૃઢપ્રહારીએ તે માટે તૈયારી બતાવી, એટલે તેને પાંચ મહાવ્રતો ઉચ્ચરાવી સાધુજીવનની દીક્ષા આપવામા આવી. દૃઢપ્રહારીએ આ જ વખતે અભિગ્રહ કર્યો કે જ્યા સુધી આ ચાર હત્યાઓ યાદ આવે ત્યા સુધી મારે અન્ન કે પાણી લેવા નહિ. કેવો ઘોર અભિગ્રહ ! કેવી ઘોર પ્રતિજ્ઞા ! 'કર્મે શૂરા 'ધર્મે શૂરા'—જેઓ પાપકર્મ કરવામાં શૂરવીર હોય છે, તેઓ ધર્મના માર્ગે વળે તો તેમ. પણ શૂરવીરતા દેખાડે છે આ [illegible]

'બંધાયેલા, રોધાયેલા અને ક્લેશમાં પડેલા આત્માઓ ત્યાં સુધી જ દુઃખી થાય છે કે જ્યાં સુધી આદરપૂર્વક શ્રી સિદ્ધચક્રનું સ્મરણ કરતા નથી.' ૭.

एतत्तपोविधायिन्यो, योषितोऽपि विशेषतः ।
वन्ध्या निन्द्वादिदोषाणां, प्रयच्छन्ति जलाञ्जलिम् ॥८॥

'આ તપ કરનારી સ્ત્રીઓ પ્રાયઃ વન્ધ્યા અને નિન્દુ આદિ દોષોને તિલાંજલિ આપે છે.' ૮. (જેને કોઈ પણ વાર સંતાન ન થાય તે વન્ધ્યા કહેવાય અને જેને સંતાન થઈને મરી જતા હોય તે નિન્દુ દોષવાળી ગણાય.)

वैकल्यं बालवैधव्यं, दुर्भगत्वं कुरूपताम् ।
दुर्भगात्वं च दासीत्वं, लभन्ते न कदाचन ॥९॥

'વળી ઇન્દ્રિયની ખોડ, બાલવિધવાપણું, દુર્ભાગીપણું, કદરૂપાપણું, દુર્ભગાપણું અને દાસીપણું તેઓ કદાપિ પામતી નથી.' ૯. (જેની યોનિ અનેક દોષોવાળી હોય તે દુર્ભગા કહેવાય.)

यद्यदेवाभिवाञ्छन्ति, जन्तवो भक्तिशालिनः ।
तत्तदेवाप्नुवन्ति श्री-सिद्धचक्रार्चनोद्यता: ॥१०॥

'શ્રી સિદ્ધચક્રની આરાધનામાં તત્પર એવા ભક્તિશાલી આત્માઓ જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે તેમને પ્રાપ્ત થાય છે.' ૧૦.

તેમ આ શ્રી સિદ્ધચક્રના આરાધન-પ્રતાપે રોગ, દુર્ભાગ્ય અને દુઃખ વિખરાઈ જાય છે, શમી જાય છે.'

ન્હમણજલે સિદ્ધચક્રને. કુષ્ટ અઢારે જાય રે;
વાય ચોરાશી ઉપશમે, રુઝે ગુમડ ઘાય રે. ચે૦ ૨૭

'આ શ્રી સિદ્ધચક્રના ન્હવણજલનો ઉપયોગ કરતા અઢાર પ્રકારના કોઢ દૂર થાય છે, ચોરાશી પ્રકારના વાયુ શમી જાય છે તથા ગડગૂમડ અને ઘા રૂઝાઈ જાય છે.'

ભીમ ભગંદર ભય ટલે, જાય જલોદર દૂર રે;
વ્યાધિ વિવિધ વિષવેદના, જવર થાય ચકચૂર રે.
ચે૦ ૨૮

'વળી તેનાથી ભયંકર એવા ભગંદરનો ભય ટળે છે, જલોદર દૂર થાય છે, વિવિધ પ્રકારના વ્યાધિઓ તથા વિષની વેદના મટી જાય છે અને ગમે તેવા હઠીલા તાવો ઉતરી જાય છે.'

ખાસ ખસન ખસ ચક્ષુના.રોગ મિટે સન્નિપાત રે;
ચોર ચરડ ડર ડાકિણી. કોઈ ન કરે ઉપઘાત રે.
ચે૦ ૨૯

તેમજ ઉધરસ, ક્ષય, ખસ, આંખોના રોગ તથા સન્નિપાત મટી જાય છે અને ચોર, ભૂત કે ડાકિણીનો ડર કશું નુકશાન કરી શકતો નથી.'

હીક હરસ ને હેડકી, નારાં ને નાસુર રે;
પાઠાં, પીડા રે પેટની, ટલે દુઃખ દંતનાં શૂલ રે.
ચે૦ ૩૦

'વળી હીક, ઉરસ, હેડકી, નાશ, નાસૂર, પાઠા, પેટની પીડા અને દાંતના દર્દ પણ એનાથી દૂર થાય છે'

નિર્ધનિયાં ધન સંપજે, અપુત્ર પુત્રીયા હોય રે;
વિણ કેવલી સિદ્ધચક્રના, ગુણ ન શકે કહિ કોય રે.
એ૦ ૩૧.

'તથા નિર્ધનને ધન મળે છે અને પુત્ર વગરનાને પુત્ર મળે છે. આ રીતે શ્રી સિદ્ધચક્રના ગુણ અપાર હોવાથી કેવલી ભગવંત સિવાય કોઈ તેને પૂરેપૂરા કહી શકે એમ નથી'

પાઠકમિત્રો ! આ બધું સરલતાથી સમજી શકે એમ છે. આમાં રોગનિવારણનું વર્ણન વધારે છે, પણ તે અમે બીજા પ્રકરણમાં કહ્યું તેમ શ્રદ્ધા અને ભક્તિ પર આધાર રાખે છે.

તે પછી સિરિસિરિવાલકહામાં નીચેની પાગ ગાથાઓ વાંચવામાં આવી અને તેણે અમારા વિચારને પાકી પુષ્ટિ આપી

एयं च सिद्धचक्कं कहियं विज्जाणुवाय. परमत्थं ।
नाएण जेण सहसा सिज्झंति महंतसिद्धिओ ॥२०७॥

'આ સિદ્ધચક્રને તો વિદ્યાનુવાદનો પરમાર્થ કહેલો છે. તેને જાણ્યો હોય તો મહાન સિદ્ધિઓ તરત સિદ્ધ થાય છે'

एवं च सिद्धचक्कं जो झायइ सुहझाणजोएण ।
नवसंजमेण पुणो सो पावइ सिद्धं सिद्धं ॥२०८॥

'જે તપ અને સંયમથી યુક્ત થઈને શુકલધ્યાનના યોગ વડે આનું નિર્મલ અને ઉજ્જવલ ધ્યાન ધરે છે, તેને કર્મની ઘણી નિર્જરા થાય છે.'

अक्खयसुक्खो मोक्खो जस्स पसाएण लब्भए तस्स।
झाणेणं अन्नाओ सिद्धीओ हुंति किं चुज्जं ॥२०९॥

'જેના પ્રસાદથી અક્ષય સુખવાળો મોક્ષ મળે છે, તેના ધ્યાનથી બીજી સિદ્ધિઓ પણ મળે, તેમા આશ્ચર્ય શું? તાત્પર્ય કે બધી સિદ્ધિઓ મળે.'

एयं च परमतत्तं परमरहस्सं च परममंतं च।
परमत्थं परमपदं पन्नत्तं परमपुरिसेहिं ॥२१०॥

'પરમપુરુષોએ આને પરમતત્ત્વ, પરમરહસ્ય, પરમ-યંત્ર, પરમાર્થ અને પરમપદ કહેલું છે'

तत्तो तिजयपसिद्धं अट्ठमहासिद्धिदायगं सुद्धं।
सिरिसिद्धचक्कमेयं आराहह परमभत्तीए ॥२११॥

'તેથી ત્રણ જગતમાં પ્રસિદ્ધ, અષ્ટમહાસિદ્ધિને દેનાર અને પરમ પવિત્ર એવા આ શ્રી સિદ્ધચક્રને પરમભક્તિથી આરાધો'

અષ્ટસિદ્ધિ અને નવનિધિ એ નામો તો લોકોની જીભે ચડી ગયેલાં છે, પણ તેનાં નામ પૂછીએ તો ડોકું ધૂણાવે છે, એટલે અહીં અષ્ટસિદ્ધિનાં નામો આપીશું. તે આ પ્રમાણે:

(૧) અણિમા—અણુ જેવા નાના થઈ જવાની શક્તિ.

(૨) **લઘિમા**—અત્યંત હલકા થઈ જવાની શક્તિ.

(૩) **મહિમા**—હાથી, પર્વત આદિ જેવા મોટા થઈ જવાની શક્તિ.

(૪) **પ્રાપ્તિ**—દૂર રહેલા સર્વ પદાર્થોને સમીપ કરવાની શક્તિ.

(૫) **પ્રાકામ્ય**—ઇચ્છાનો ભંગ ન થાય એવી શક્તિ.

(૬) **વશિત્વ**—સહુને વશ કરવાની શક્તિ.

(૭) **ઈશિત્વ**—સહુના પર સત્તા ચલાવવાની શક્તિ.

(૮) **યત્રકામાવસાયિત્વ**—બધા સંકલ્પો સત્ય કરવાની શક્તિ.

યોગની ઘણી ઉંચી ભૂમિકાએ આ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે શ્રી સિદ્ધચક્રના આરાધનથી સરલતાથી પ્રાપ્ત થાય છે.

શ્રી હેમચંદ્રાચાર્યે પણ **શબ્દમહાર્ણવન્યાસમાં** શ્રી સિદ્ધચક્રની અર્થમીમાંસા કરતા જણાવ્યું છે કે 'આ યંત્રમાં પરમાક્ષરો હોવાથી અને તેનું 'ધ્યાન પરના યોગની અનેક પ્રકારની સિદ્ધિઓ [illegible] હોવાથી તેનું સિદ્ધત્વ સિદ્ધ છે'

શ્રી હેમચંદ્રાચાર્યે **સંસ્કૃતદ્વયાશ્રયમહાકાવ્યમાં** નીચેના શ્લોકથી મંગલાચરણ કરેલ છે

अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे ॥

'અર્હં એવો જે અક્ષર છે, તે બ્રહ્મસ્વરૂપ છે, પરમેષ્ઠીનો વાચક છે અને શ્રી સિદ્ધચક્રનુ સુંદર બીજ છે, તેનું અમે સર્વ પ્રકારે ધ્યાન ધરીએ છીએ.'

આ શ્લોક પર વ્યાખ્યા કરતા શ્રી અભયતિલકગણિએ જણાવ્યું છે કે 'આ શ્રી સિદ્ધચક્રમા હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ એવા જે પાચ બીજ છે, તે સુવર્ણસિદ્ધિ આદિ સિદ્ધિઓના મહાન હેતુરૂપ છે' આનો અર્થ એ થયો કે સુવર્ણસિદ્ધિ અને બીજી પણ અનેક સિદ્ધિઓ માટે શ્રી સિદ્ધચક્ર એક સબલ સાધન હતુ.

આ સિદ્ધિઓ કઈ વિધિથી કેવી રીતે પ્રાપ્ત થતી હશે? તે જાણવાનું આપણી પાસે કોઈ સાધન નથી, પણ એટલું અનુમાન કરી શકીએ છીએ કે તેમા સ્થપાયેલ દરેક મત્રપદને સાધવાનો ચોકસ વિધિ હતો અને તે તપ-સંયમ પૂર્વક અનુસરવાથી વિવિધ પ્રકારની સિદ્ધિઓ થતી હતી.

આજે આપણી પાસે મંત્રરૂપી તાળાઓ તો છે, પણ કુંચીઓ સદ્ગુરુ પાસે રહી ગઈ છે. 'ગુરુવિના જ્ઞાન નહિ' એ તો દીવા જેવી વાત છે. મનુષ્ય ગમે તેવા ચતુર-વિચક્ષણ હોય તો પણ તેને ગુરુની જરૂર પડે છે. તે અંગે સિદ્ધ નાગાર્જુનની કથા સાભળવા જેવી છે.

સિદ્ધ નાગાર્જુનની કથા

શ્રી પાદલિપ્તાચાર્ય એક સિદ્ધ પુરુષ હતા. વિદ્યા અને મંત્રોમા તેમણે અનેક સિદ્ધિ મેળવી હતી. એક વાર

તેઓ વિહાર કરતા સૌરાષ્ટ્રના ઢંકપુર નગરે આવ્યા. ત્યાં સિદ્ધ તરીકે પ્રસિદ્ધ થયેલો નાગાર્જુન તેમને મળવા આવ્યો. તે ક્ષત્રિયનો પુત્ર હતો અને નાનપણથી જ અનેક નદી, નાળા તથા પહાડોમાં ઘૂમ્યો હતો એ રીતે તેણે વનસ્પતિ સંબંધી ઘણું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એ વખતે ભારતવર્ષમાં રસાયણ સંબંધી જે કંઈ જ્ઞાન હતું, તે પણ તેણે મેળવી લીધું હતું, પણ તેને આકાશગામિની વિદ્યા સિદ્ધ કરવાની ભાવના હતી અને તે દિશામાં તે પ્રયત્ન કરી રહ્યો હતો. તેણે જાણ્યું કે શ્રીપાદલિપ્તાચાર્ય આ વિદ્યા જાણે છે. એટલે તે શીખી લેવા તેમની પાસે આવ્યો હતો. તે આચાર્યનો શિષ્ય બન્યો અને તેમની વિનયપૂર્વક ભક્તિ કરવા લાગ્યો.

આચાર્ય તો પ્રતિદિન પગે એક પ્રકારનો લેપ લગાડી ને આકાશમાં ઉડતા અને દૂર દૂર રહેલા તીર્થોના દર્શન કરીને પાછા ફરતા. એક વખત તેઓ અષ્ટાપદ તીર્થના દર્શન કરી પાછા આવ્યા. તે વખતે બીજા શિષ્યો તેમની પાસે આવે તે પહેલા [illegible] નાગાર્જુન તેમની પાસે [illegible] અને [illegible] ગુપ્ત [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અને પગે લગાડી આચાર્યની માફક ઉડવાની તૈયારી કરી, પણ થોડે ઊંચે ગયો કે ધબ લઇ નીચે પડ્યો. ફરી પ્રયોગ કર્યો અને ફરી તે નીચે પડ્યો. આમ જ્યારે પાંચ-સાત પ્રયોગોમાં નિષ્ફળતા મળી ત્યારે તેણે વિચાર્યું કે અમુક વનસ્પતિ અમુક વખતે લાવવી જોઇએ, તે હું લાવ્યો નથી, તેથી આમ થતું હશે, એટલે દરેક વનસ્પતિ તેના સમયે લઈ આવ્યો અને તેનો લેપ તૈયાર કર્યો. પછી તે લગાડીને ઉડવાનો પ્રયત્ન કરતાં પહેલા વધારે ઊંચે જઇ શક્યો પણ તરત જ ચક્કર ખાતો એક ખાડામાં પડ્યો અને તેના હાડકાં–પાસળાં ખોખરા થયા.

ઘણા દિવસ થયા છતાં નાગાર્જુન દેખાયો નહિ, એટલે ગુરુએ તેની તપાસ માટે સાધુઓને મોકલ્યા. ત્યાં તેમણે ખાડામાં પડેલા નાગાર્જુનને શોધી કાઢ્યો અને તેના શરીર પરની ધૂળ ખંખેરીને આચાર્ય પાસે લઈ આવ્યા.

આચાર્યે પૂછ્યું: ‘આમ શાથી થયું?’ નાગાર્જુને કહ્યું: ‘આપ મારા જેવા પામર પર ક્રોધ ન કરો અને મારી ઇચ્છા પૂર્ણ કરો તો બધી વાત કહુ.’ આચાર્યે કહ્યું ‘તારે ભય પામવાનું કોઇ કારણ નથી. જે વાત કહેવી હોય તે સુખેથી કહે.’ નાગાર્જુનને લાગ્યું કે હવે ગુરુ પ્રસન્ન થઇને વિદ્યા બતાવશે, એટલે તેણે બધી હકીકત કહી સંભળાવી.

આ હકીક્ત સાંભળતા આચાર્યને લાગ્યું કે જે મનુષ્ય વટાઇ ગયેલી વનસ્પતિઓના પાણીને માત્ર સૂંઘીને કે ચાખીને તેનાં ૧૦૭ સાચાં નામો જાણી શક્યો, તે ખરેખર મહા

પ્રતિભાશાલી હોવો જોઇએ. મારા શિષ્યોમા કોઈ આટલો પ્રતિભાશાલી નથી, એટલે તેને સાચી હકીકત જણાવી દઉં.

આચાર્યે કહ્યુ 'નાગાર્જુન' તારી શક્તિથી હું પ્રસન્ન થયો છું. તે પગનું ધોવણ સૂંઘીને તથા ચાખીને ૧૦૭ વનસ્પતિઓના જે નામો શોધી કાઢયાં તે સાચા છે. તેં આ વનસ્પતિઓ પાણીમા વાટીને લેપ કર્યો, એટલે તેણે જોઇતું કામ આપ્યુ નથી. આ વનસ્પતિઓ તું સાઠી ચોખાના ધોવણમા વાટીને તેનો લેપ તૈયાર કરીશ તો તું આકાશગમન કરવામાં જરૂર સફલ થઇશ.'

આ સાભળી નાગર્જુને આચાર્યના પગ પકડી લીધા અને તેમને વારવાર વદન કરી તેમના ચરણની રજ માથે ચડાવી. પછી લેપનો પ્રયોગ કરતા તે આકાશમા ઊડી ગયો તેમના આ ઉપકારમા તેણે શત્રુજય પર્વતની તળેટીમાં પાદલિપ્તપુર નામનુ નગર વસાવ્યું, જે કાલક્રમે પાલીતાણા તરીકે પ્રસિદ્ધ થયુ.

પછીથી યુગ બદલાયો. લોકો અનેક પ્રકારના ભયોથી ત્રસ્ત હતા. તેઓ એનું નિવારણ શી રીતે થાય ? એની વિચારણામાં હતા, એ વખતે 'मननात् त्रायते इति मन्त्र.' એ વ્યાખ્યા પ્રચારમા આવી. તાત્પર્ય કે જેનું મનન કરતા ભયમાંથી ત્રાણ મળે, રક્ષણ મળે, તે મંત્ર સમજાવા લાગ્યો. લોકોની આ સમજણ આજ સુધી ચાલુ છે.

પછીની ત્રણ વ્યાખ્યાઓ વિશેષ પ્રચારમા નથી અને વિશેષ મહત્ત્વની પણ નથી, આમ છતાં તેનાથી મંત્ર સંબંધી કેટલોક ખ્યાલ જરૂર આવે છે.

મંત્ર એ એક પ્રકારની અક્ષરરચના છે અને તેનું વારવાર મનન કરતા અદ્દ્ભુત પરિણામો આવે છે. પરંતુ આ અક્ષરરચના ગમે તે મનુષ્યો કરી શકતા નથી અને કદાચ કરે તો એ વિદ્વદ્દ્માન્ય કે સમાજમાન્ય થઈ શકતી નથી. એની રચના તો જેને આર્ષદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, જે આગમ-નિગમનો ભેદ જાણે છે અને જે મંત્રશાસ્ત્ર કે મંત્રવિદ્યાના તમામ રહસ્યોથી પરિચિત છે, એવા મહાપુરુષો જ કરી શકે છે અને તે જ ધાર્યું ફલ આપે છે

જૈનધર્મના જે મુખ્ય મંત્રો છે, તે તીર્થંકર ભગવાન દ્વારા ઉપદેશાયેલા છે અને ગણધર ભગવંતો કે શ્રુતસ્થવિરો દ્વારા અક્ષરદેહ પામેલા છે, એટલે તે પરમ પવિત્ર અને સદા આરાધવા યોગ્ય છે. વળી પૂર્વાચાર્યોએ જે મંત્રનો સ્વીકાર કર્યો હોય કે જેનું પરંપરાગત આરાધન થતું આવ્

હોય, તે મંત્રો પણ આરાધવા યોગ્ય ગણાયા છે. આ રીતે મંત્રનું ક્ષેત્ર વિશાલ બન્યું છે અને તેની સંખ્યા હજારો પર પહોંચી છે. જો એક વિદ્વાન આ બધા મંત્રોનો સંગ્રહ કરવા ઇચ્છે, તો સો વર્ષના પોતાના આયુષ્ય દરમિયાન કરી શકે નહિ. અથવા કરી શકે તો એ માટે ઘણા ગ્રંથો બહાર પાડવા પડે. આજે જૈનોનું જે મંત્રસાહિત્ય પ્રસિદ્ધિમાં આવ્યું છે, તે પાશેરામાં પહેલી પૂણી સમાન છે.

મંત્રમાં અમુક જ અક્ષર હોવા જોઈએ, એવું નથી. તે એક અક્ષરથી માંડીને સો કે તેથી પણ વધારે અક્ષરવાળા હોય છે. પરંતુ આરાધનાની દૃષ્ટિએ ઓછા અક્ષરવાળા મંત્રો પસંદ કરવા યોગ્ય છે, કારણ કે તે થોડા સમયમાં વધારે ગણી શકાય છે અને તેની શુદ્ધિનું પ્રમાણ બરાબર જળવાઈ રહે છે. ઘણા અક્ષરવાળો મંત્ર જલ્દી ગણી શકાતો નથી અને તેમાં ભૂલચૂક થવાનો સંભવ છે, જે તેના ફલમાં ક્ષતિ લાવે છે.

'બીજાક્ષર વિના કોઈ મંત્ર બની શકે ખરો?' એ પ્રશ્ન થોડા દિવસ પહેલાં જ એક મહાશય તરફથી અમને પૂછવામાં આવ્યો હતો.

અમે કહ્યું: 'બની શકે. એવા ઘણા મંત્રો બનેલા છે.'

તેમણે કહ્યું: 'તેનો કોઈ દાખલો આપી શકો ખરા?'

મંત્ર લખી આપ્યો અને તેને માદલિયામાં મૂકી એ માદળિયું રાણીને આપ્યું અને તેને લાલ દોરાથી પરોવી ગળામાં ધારણ કરવાનું જણાવ્યું. આ રીતે મહાત્માએ પોતાનું કામ કરી આપ્યું, એટલે તેમને વારંવાર વંદના કરી, તેમનો આભાર માની, તે પોતાના સ્થાને ગઈ.

આ ઘટનાને સાત દિવસ થયા કે રાજાએ તેને પ્રેમથી બોલાવી અને પહેલા કરતા પણ વધારે સન્માનપૂર્વક રાખવા માંડી. રાણીને તો રાજાના પ્રેમ સિવાય બીજું કંઈ જોઈતું ન હતું, એટલે તે દુ:ખના દિવસો વિસરી ગઈ અને આનંદ વિનોદમાં પોતાનો વખત ગાળવા લાગી.

એક વાર રાજા–રાણી વાતે ચડયા, એમાંથી આનંદઘનજી મહાત્માની વાત નીકળી, ત્યારે રાણીએ કહ્યું : 'એ તો બહુ મોટા મહાત્મા છે. આપણો મનમેળ તેમની કૃપાથી જ થયો છે' રાજાએ પૂછયું : 'એ શી રીતે ?' ત્યારે તેણે બનેલી હકીકત કહી સંભળાવી અને પોતાની ડોકમાં રહેલું માદળિયું બતાવ્યું. આ જોઈ રાજા ચમકયો અને પોતે કોઈ કામણને વશ થયો છે, એ વિચારે ખેદ પામ્યો. તેણે રાણીને કહ્યું : 'એ માદળિયું મને આપી દે.' રાણી તેનો ઇન્કાર કરી શકે એમ ન હતી, એટલે તેણે પોતાની ડોકમાંથી માદળિયું કાઢી રાજાના હાથમાં મૂકયું.

બીજા દિવસે રાજા એ માદળિયું પોતાના ગજવામાં ઘાલી આનંદઘનજી મહાત્માના નિવાસસ્થાને ગયો અને પ્રણામ કરીને સામે બેઠો. તેણે પ્રથમ તો મહાત્માને સુખશાતા

આ ઘટનામાં મહાત્માની ભાવનાએ જ મંત્રનું કામ કર્યું હતુ. તેઓ અંતરથી ઈચ્છતા હતા કે 'આ બાઈનું દુઃખ દૂર થાય તો સારું' અને આ રીતે તેનું દુઃખ દૂર થયુ હતુ.

હવે મંત્રના પ્રકારો પર આવીએ. જે મંત્રમાં બીજાક્ષરો તથા અન્ય અક્ષરો હોય, પણ મંત્રદેવતાનું નામ ન હોય, તેને **બીજમંત્ર** કહેવામા આવે છે અને જેમાં મંત્રદેવતાનું વિશિષ્ટ નામ હોય, તેને **નામમંત્ર** કહેવામાં આવે છે. આ વ્યાખ્યા અનુસાર 'ॐ ह्रीँ ॐ' એ બીજમંત્ર છે અને 'ॐ श्रीपार्श्वनाथाय ह्रीँ' એ નામમંત્ર છે. પ્રથમ મંત્રમા માત્ર બીજાક્ષરો છે, પરંતુ કોઈનું વિશેષ નામ નથી, જ્યારે બીજા મંત્રમા બીજાક્ષરો ઉપરાત મંત્રદેવતા શ્રી પાર્શ્વનાથનુ નામ પણ છે.

મંત્રસમુદાયના **આગ્નેય** અને **સૌમ્ય** એવા પણ બે પ્રકારો છે. તેમા પૃથ્વી, અગ્નિ અને આકાશ મંડલવાળા મંત્રોને આગ્નેય કહેવામા આવે છે તથા જલ અને વાયુ મંડલવાળા મંત્રોને સૌમ્ય કહેવામા આવે છે. જો અંતમા ફટ્ પલ્લવનો પ્રયોગ થાય તો સૌમ્ય મંત્રો આગ્નેય બને છે અને મંત્રના અંતે નમઃ પલ્લવ લાગે તો આગ્નેય મંત્રો પણ સૌમ્ય બને છે. અહીં આગ્નેયથી ઉગ્ર અને સૌમ્યથી શાંત સમજવા.

મંત્રના **પુલ્લિંગી, સ્ત્રીલિંગી** અને **નપુંસકલિંગી** એવા ત્રણ પ્રકારો પણ પડે છે. જેના છેડે વષટ્ અને ફટ્

પલ્લવ લાગે તેને પુલ્લિંગી સમજવા, વૌષટ્ અને સ્વાહા પલ્લવ લાગે તેને સ્ત્રીલિંગી સમજવા અને હુ તથા નમઃ પલ્લવ લાગે તેને નપુંસકલિંગી સમજવા

પલ્લવ એટલે મંત્રના છેડે લાગતો ખાસ શબ્દ તેમાં નમ, સ્વાહા, વષટ્, વૌષટ્, હુ તથા ફટ્ ની મુખ્યતા છે અને તેના આધારે જ ઉપરના પ્રકારો પાડવામાં આવ્યા છે.

કેટલાક **સાત્ત્વિક, રાજસિક** અને **તામસિક**ના ભેદથી પણ મંત્રના ત્રણ પ્રકારો માને છે, તો કેટલાક **સિદ્ધ-મંત્ર, સાધારણમંત્ર** અને **નિર્બીજમંત્ર** એ રીતે પણ ત્રણ પ્રકારો માને છે.

મંત્રના આ પ્રકારો લક્ષમાં રાખવાથી તેના વિધિ-વિધાનો સમજવામાં સરલતા રહે છે.

મંત્રની આરાધના કરનારને આરાધક કહેવામાં આવે છે તેમાં કયા લક્ષણો-ગુણો હોવા જોઈએ? તેનું મંત્ર શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન છે. પણ તે બધાનો સાર [illegible] ભદ્રગુપ્તે અનુભવસિદ્ધ[illegible] [illegible] [illegible] આ પ્રમાણે આપ્યો છે:

दक्षो जितेन्द्रियो धीमान् [illegible]:।
[illegible] [illegible] [illegible] [illegible]॥
[illegible] [illegible] [illegible]:।
[illegible] [illegible] [illegible]:।

'જે સાધક ચતુર, ઇન્દ્રિયોને જિતનાર, બુદ્ધિમાન, ક્રોધરૂપી અગ્નિને શમાવવા માટે જલસમાન, સાચું બોલનાર, નિર્લોભી, કપટ અને મદ રહિત, નમ્ર, દયાળુ, પરસ્ત્રીને બહેન સમજનાર તથા શ્રીજિનેશ્વરદેવ અને નિર્ગ્રંથ ગુરુની ભક્તિવાળો હોય, તે મંત્રને ગ્રહણ કરનારો થાય છે; એટલે કે સદ્દગુરુ આવા ગુણોવાળાને મંત્રનું દાન કરે છે'

મંત્રદાતા ગુરુ વિના મંત્રની આરાધના થઈ શકતી નથી, એટલે મંત્રનું આરાધન કરવાની ઇચ્છાવાળાએ સહુથી પ્રથમ મંત્રનો ઉપદેશ કરી શકે એવા સદ્દગુરુને શોધી કાઢવા જોઈએ. આ કામ અઘરુ છે, પણ અશક્ય નથી. મંત્ર-આરાધનની પ્રબલ ભાવના હોય તો ગુરુ અવશ્ય મળી રહે છે

સદ્દગુરુ શુભ દિવસે, શુભ મુહૂર્તે શિષ્યને મંત્રનો ઉપદેશ કરે છે, એટલે કે તેને વિધિપૂર્વક જમણા કાનમા કહે છે અને આરાધકે તેને શ્રદ્ધા-ભકિત-બહુમાનપૂર્વક ધારી લેવાનો હોય છે. મંત્રશાસ્ત્રો કહે છે કે કોઈ વાર ગુરુએ આપેલો મંત્ર વિચિત્ર લાગે, તો પણ શિષ્યે-આરાધકે તેના વિષે શંકા ઉઠાવવી નહિ, કારણ કે તેની પાછળ મોટું રહસ્ય હોય છે.'

માષતુષ મુનિ

એક સાધુ ભલા-ભોળા હતા. તેમને શાસ્ત્રનું જ્ઞાન ન હતું અને તપશ્ચર્યા કરવા જેવી સ્થિતિ ન હતી, એટલે તેમણે ગુરુને વિનંતિ કરી કે 'મને એવો કોઈ મંત્ર આપો

કે જેથી મારું કલ્યાણ થાય. હું એ મંત્રનો જપ અવશ્ય કરીશ' એટલે ગુરુએ તેમને 'મા રુષ મા તુષ' એવો પદ લઈ મંત્ર આપ્યો. મા રુષ એટલે તું કોઈ પર રોષ ભરાઈશ નહિ અને મા તુષ એટલે તું કોઈ પર તુષ્યમાન થઈશ નહિ. તાત્પર્ય કે તું કંઈ પણ રાગ-દ્વેષ કરીશ નહિ, તો આત્મકલ્યાણ સાધી શકીશ.

પેલા સાધુએ મંત્રજપ કરવા માંડયો, પણ નિદ્રા લઈને ઉઠ્યા પછી તેમાંના બે અક્ષરો તેઓ ભૂલી ગયા અને 'માષતુષ માષતુષ' એ રીતે મંત્રજપ કરવા લાગ્યા. પરંતુ તેમને ગુરુવચન પર અનન્ય શ્રદ્ધા હતી અને તેમનો મનોભાવ ઉત્કૃષ્ટ હતો, એટલે આ મંત્રજપ કરતા તેમની કર્મ-શૃંખલા તૂટી ગઈ અને તેઓ કેવલજ્ઞાની બની પોતાનું આત્મકલ્યાણ સાધી શક્યા. આ મુનિ માષતુષ નામે પ્રસિદ્ધિ પામ્યા.

ગુરુ પરની અનન્ય શ્રદ્ધા અંગે આ દાખલો આપ્યો છે. પણ તેમાંથી એવો સાર કાઢવાનો નથી કે [illegible]

શરીરને સ્વચ્છ બનાવવું એ દેહશુદ્ધિ છે. નિર્ગ્રંથ મુનિઓને સ્નાન કરવાનો આચાર નથી, એટલે તેમને આમાં અપવાદ રૂપ સમજવા. અશુભ વિચારો દૂર કરીને મનને પવિત્ર બનાવવું એ મન.શુદ્ધિ છે. આરાધના માટે યોગ્ય સ્થાનની પસંદગી કરવી એ સ્થાનશુદ્ધિ છે અને આરાધનાનું સ્થાન વાળી-ઝુડીને સાફ કરવું, ત્યા ગુલાબજળ છાંટવું અને ઘીનો દીવો તથા સુગંધી ધૂપ પ્રકટાવવો કે સુગંધી અગરબત્તી પ્રકટાવવી, એ પણ સ્થાનશુદ્ધિ છે મંત્રારાધના માટે જે જે દ્રવ્યોની જરૂર પડે તે શુદ્ધ લાવવા એ દ્રવ્યશુદ્ધિ છે.

શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિ એ મંત્રસિદ્ધિના મૂળ પાયા છે. તેમાં કંઈ પણ ખામી આવે તો મંત્રસિદ્ધિ થતી નથી.

મંત્રારાધન વડે ષટ્કર્મની સિદ્ધિ થઈ શકે છે. ષટ્ કર્મ એટલે (૧) શાંતિકર્મ, (૨) વશ્યકર્મ. (૩) વિદ્વેષણકર્મ, (૪) સ્તંભનકર્મ, (૫) ઉચ્ચાટનકર્મ અને (૬) મારણકર્મ. જેનાથી શાંતિ-તુષ્ટિ-પુષ્ટિનો લાભ મળે, તે **શાંતિકર્મ** કહેવાય. જેનાથી કોઇને વશ કરી શકાય, તે **વશ્યકર્મ** કહેવાય. સામાન્ય રીતે તેને વશીકરણ કહેવામા આવે છે. જેનાથી બે વ્યક્તિઓ વચ્ચે વિદ્વેષ એટલે ખટરાગ ઉભો થાય અને એ રીતે એમની મિત્રતા તૂટે, તેને **વિદ્વેષણકર્મ** કહેવાય. વિરોધપક્ષનું સંગઠન તોડવું, એ પણ વિદ્વેષણકર્મ જ છે. જેનાથી કોઇ વ્યક્તિને પદભ્રષ્ટ તથા સ્થાનભ્રષ્ટ કરી શકાય તે **ઉચ્ચાટનકર્મ** કહેવાય અને જેનાથી એક કે

વધારે વ્યક્તિઓનું મરણ નીપજાવી શકાય, તેને **મારણકર્મ** કહેવાય

મંત્રારાધનથી આ બધું થઈ શકે છે, પણ એ કરવા જેવું નથી. એ કરવા જતાં નીતિનિયમો તૂટયા છે, ધાર્મિક ભાવનાને ધક્કો લાગ્યો છે અને છેવટે પતનની ઊંડી ખીણમાં ગબડી પડવાનો વખત આવ્યો છે આ કર્મ અનાધારણ પરિસ્થિતિમાં કોઈ સુયોગ્ય મંત્રારાધક દ્વારા થાય તે જ યોગ્ય છે. આપણે માટે તો તેમાનું પહેલું કર્મ એટલે જેનાથી શાંતિ-તુષ્ટિ-પુષ્ટિની પ્રાપ્તિ થાય. એ જ ઠીક છે. એમાં કોઈ ભયસ્થાન નથી.

મંત્રનું ખરું મહત્ત્વ તો તેનાં ત્રિવિધ કાર્યોમાં રહેલું છે. તેનો વિધિસર જપ કરતાં (૧) મન સ્થિર થાય છે, (૨) ચેતના પ્રદીપ્ત થાય છે અને (૩) દેવી શક્તિઓ [illegible] [illegible]ધાન સરલ બને છે.

આપણું મન સ્થિર નથી તે પતંગની પૂંછડી, કે જંગલના [illegible] કે મદિરા પીધેલ મર્કટની જેમ ચપળતા દાખવ્યા જ કરે છે. તે ઘડીમાં [illegible] વિચાર કરે છે તો ઘડીમાં તે [illegible] [illegible] તે એક વિષયને છોડે છે, તો [illegible] [illegible] [illegible] [illegible] તેની ચપળતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જાય છે. પછી તેનુ પરિણામ તો આવે જ શેનું ? આપણા આધ્યાત્મિક વિકાસમાં આ મોટી નડતર છે, એટલે મનને સ્થિર કરવું જોઇએ, સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે માટે મંત્રજપ સરસ સાધન પૂરું પાડે છે. અનુભવીઓએ કહ્યુ છે કે 'મંત્રે બાંધ્યું મન રહે' અર્થાત્ તમે મનને મંત્રજપ રૂપી દોરડા વડે બાધી લેશો તો એ સ્થિર રહેશે. તેથી જ મંત્રજપનો ઉપદેશ છે. મંત્રજપ કેમ કરવો ? ક્યારે કરવો ? એ સ્વતંત્ર વિચારણાનો વિષય છે, એટલે તે સંબંધી વિશેષ વિવેચન નહિ કરીએ, પણ એટલું જણાવીશુ કે પ્રથમ વાચિક અથવા ભાષ્યમાણ જપ કરવો, તે સિદ્ધ થયા પછી ઉપાંશુ જપ કરવો અને છેવટે માનસજપ પર આવી જવું. જપ માટે સહુથી સારો સમય સવારનો છે, એટલે કે પરોઢિયાના ચાર વાગ્યાથી માડીને પ્રાતઃકાલના નવ વાગ્યા સુધીનો છે. રાત્રિના બીજા પ્રહરનો સમય પણ તે માટે અનુકૂલ છે.

તંત્રકારોએ તાર સ્વરે કહ્યુ છે કે 'जपात् सिद्धिर्जपात्सिद्धिर्जपात् सिद्धिर्न संशयः જપથી સિદ્ધિ મળે છે, ફરીવાર કહીએ છીએ કે જપથી સિદ્ધિ મળે છે અને ત્રીજીવાર કહીએ છીએ કે જપથી સિદ્ધિ મળે છે. તેમા જરા પણ સંશય રાખશો નહિ.'

આપણામાં ચૈતન્ય છે, ચેતના છે, એટલે તો આપણો જીવનવ્યવહાર ચાલે છે, પણ એ ચેતના જોઈએ તેવી જાગૃત નથી. ભડભડાટ બળતા અગ્નિને સ્થાને એક નાની સગળી

વિષય ખરેખર હલકો હોત તો આપણા તીર્થંકર ભગવાનોએ તેનો ઉપદેશ ન કર્યો હોત કે આપણા ગણધર ભગવંતો તથા શ્રુતસ્થવિરોએ તેને અક્ષરદેહ આપ્યો ન હોત. વળી આપણા પરમપ્રભાવંત આચાર્યોને પણ એ અસ્વીકાર્ય જ હોત. પરંતુ પરિસ્થિતિ એથી ઉલટી છે, એ આ વિષયની શ્રેષ્ઠતા સાબીત કરે છે ખરી વાત તો એ છે કે જેણે મંત્ર-યંત્રનો કંઈ અભ્યાસ કર્યો નથી કે કોઈપણ કારણે તેમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી છે, તેઓ જ આવા વચનપ્રયોગો કરે છે.

કેટલાક કહે છે કે ‘ મંત્ર-યંત્રને આપણે સારા વિષયો માની લઈએ, પણ આચાર્યોને તેમાં પડવાનું પ્રયોજન શું ?’ તેનો ઉત્તર એ છે કે આચાર્યોને માથે શાસનરક્ષાની જવાબદારી છે, તે જવાબદારી પાર પાડવા માટે, તેમણે મંત્ર-યંત્રમાં રસ લીધો છે અને તેના દ્વારા વિશિષ્ટશક્તિ સંપાદન કરી છે, જે તેમને ખરા વખતે કામ લાગી છે.

મહામંત્રવાદી આર્યખપુટાચાર્ય

દક્ષિણના એક નગરમા જૈનો અને બૌદ્ધો વચ્ચે વાદ થયો. તેમાં બૌદ્ધો હારી ગયા. તેનો ડંખ તેમના મનમા ખૂબ રહ્યો. પછી તેમનો મુખ્ય આચાર્ય મૃત્યુ પામીને એ જ નગરમા યક્ષ થયો. તેણે થોડો ઉત્પાત મચાવતા લોકોએ નગર બહાર એક મંદિર બંધાવ્યું અને તેમાં એની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી પછી એ મંદિરની આસપાસ એક સુંદર ધર્મશાલાસમેત રમણીય ઉદ્યાન બનાવ્યું.

આ ઉદ્યાનમા-આ ધર્મશાલામા ઘણા સાધુ-સંતો

પૂજારીઓને ભારે વિમાસણ થઇ પડી. તેમણે આ વાત રાજાને પહોચાડી રાજાએ કહ્યુ, 'એ અડિયલ માણસને કોરડાનો માર મારીને ત્યાંથી ઉઠાડો. અને તેણે કેટલાક રાજસેવકોને ત્યાં મોકલી આપ્યા. તેઓ આચાર્યને કોરડાનો માર મારવા લાગ્યા, પણ અજબ જેવી વાત કે તેમને એક પણ કોરડો વાગ્યો નહિ. એની અસર તો અંતઃપુરમા રહેલી રાજાની રાણીઓને થવા લાગી અને ત્યા હાહાકાર મચ્યો. અંતઃપુરના સેવકોએ આ વાત રાજાને પહોચાડી, એટલે રાજા સમજી ગયો કે 'જરૂર આ કોઈ વિદ્યાસિદ્ધ પુરુષ છે' તે પોતાના સેવકો સહિત યક્ષમંદિરે આવ્યો અને હાથ જોડી કહેવા લાગ્યો. 'હે મહાપુરુષ! અમે તમને ઓળખ્યા નહિ. અમે તમારી અવજ્ઞા કરી છે. અમારો અપરાધ માફ કરો અને મારી રાણીઓને કોરડાના મારથી બચાવો. તે બિચારીઓ લોહીલુહાણ થઇ ગઈ છે.'

રાજાની આ વિનંતિ સાભળી આચાર્ય બેઠા થયા. રાજાએ તેમને વિધિસર વદન કર્યું. લોકો રાજાને અનુસરનારા હોય છે.

આચાર્યે કહ્યુ 'રાજન્! તારી રાણીઓને કોરડાનો જે માર પડતો હતો, તે બધ થઈ ગયો છે હવે તુ એની ચિંતા ન કરીશ.'

રાજાએ તેમનો આભાર માન્યો અને નગરમાં પ્રવેશ કરવાની વિનતિ કરી. આચાર્યે તેનો સ્વીકાર કરતા ભારે તૈયારીઓ થવા લાગી હવે આચાર્યે ત્યાંથી જતી વખતે

રાજાએ કહ્યું : ‘ તો એમને વિનતિ કરો કે તેઓ આ બ્રાહ્મણોનો જાન બચાવે.’

મહેન્દ્ર ઉપાધ્યાયે કહ્યું : ‘શાસનદેવને એવી વિનતિ કરવા હું તૈયાર છું, પણ પ્રથમ એવી કબૂલાત આપો કે આ બ્રાહ્મણો સાજા થયા પછી જૈન ધર્મની સંયમદીક્ષા અંગીકાર કરશે. ’

રાજાએ બ્રાહ્મણોને પૂછી એ વાતની કબૂલાત આપી કે મહેન્દ્ર ઉપાધ્યાયે શાસનદેવને વિનતિ કરવાપૂર્વક પોતાની પાસેની કરેણની બીજી લાકડી બ્રાહ્મણો પર ફેરવી, એટલે તેમની ગરદન સીધી થઇ ગઇ અને તેઓ લોહી વમતા બંધ થઇ ગયા.

રાજાએ તેમના પગ પકડી લીધા અને પેલો હુકમ પાછો ખેંચી લીધો તથા હવે પછી કોઇ જૈન સાધુને ન સતાવવાની પ્રતિજ્ઞા કરી.

મહેન્દ્ર ઉપાધ્યાય પેલા પાંચસો વિદ્વાન બ્રાહ્મણોને સાથે લઈ ભરૂચ આવ્યા. ગુરુએ તેમને ધન્યવાદ આપ્યા, શ્રી સંઘે તેનો ઉત્સવ મનાવ્યો અને પાંચસો બ્રાહ્મણો યોગ્ય સમયે દીક્ષિત થઈ જૈન સાધુ બન્યા. આ કાર્ય ખરેખર ભગીરથ હતું, પણ મંત્રશક્તિના પ્રભાવે તે બની શક્યું હતું.

જૈનાચાર્યોએ પોતાની વિદ્વત્તા ઉપરાંત મંત્રશક્તિથી રાજાઓ અને રાજસભાઓ પર પોતાનો પ્રભાવ પાડ્યો છે અને એ રીતે જૈન ધર્મની શાન વધારી છે. જ્યાં ઉપદેશ

કે સમજાવટથી કામ થાય એવું ન હોય, ત્યાં જ તેમણે એ શક્તિનો ઉપયોગ કર્યો છે અને દુરુપયોગ તો કદી કર્યો જ નથી. આ તેમની કેવી દીર્ઘ દૃષ્ટિ! આ તેમનું કેવું શાણપણ!

મંત્રશક્તિનો દુરુપયોગ કરવાથી બૌદ્ધધર્મ આ દેશ-માંથી ઉખડી ગયો હતો અને શાક્તો લોકોની નજરમાં પણ હલકા પડ્યા હતા. એ એક ઐતિહાસિક હકીકત છે. તેના પરથી બહુ કોઈએ બોધ લેવા ઘટે છે.

મંત્રનું મહત્ત્વ સમજવા માટે ખાસ આટલું વિવેચન કર્યું છે.

મંત્રમાં અક્ષરોની મુખ્યતા છે, તેમ યંત્રમાં આકૃતિની મુખ્યતા છે. આનો અર્થ એમ સમજવાનો કે યંત્રને કોઈ ને કોઇ આકૃતિ અવશ્ય હોય છે. તે આકૃતિ વિના બની શકતો નથી. આ જ સુધીમાં કોઈએ આકૃતિ વિનાનો યંત્ર જોયો છે ખરો ?

હવે બીજી વાત. જેમ અક્ષરો ગમે તેમ મૂકી દેવાથી મંત્રની રચના થઇ શકતી નથી, તેમ આકૃતિ ગમે તેમ મૂકી દેવાથી યંત્રની રચના થઇ શકતી નથી. જેમ મંત્રોની રચનામાં અક્ષરોનુ વિશિષ્ટ સંયોજન હોય છે, તેમ યંત્રોની રચનામા આકૃતિનુ વિશિષ્ટ સંયોજન હોય છે અને તેથી જ તે દર્શનીય બને છે. આ જગત્‌માં રૂપ કે સૌન્દર્યની જે કલ્પના છે, તે આકૃતિને આધીન છે ચામડીનો રંગ ગોરો હોય, પણ આખો ચુંચણી હોય, નાક ચીબું હોય કે ગાલ બેસી ગયેલા હોય તો તેને સુંદર કોણ કહેશે ? કવિઓએ સુંદરતાના જે વર્ણનો કરેલા છે, તેમાં આકૃતિની જ વાત છે. મીનાક્ષી એટલે જેની આખોનો આકાર મીન-માછલી જેવો છે તે. મૃગલોચના એટલે જેના લોચનો મૃગના લોચન જેવા છે તે. કમલનયના એટલે જેના નયનો કમલની પાંખડી જેવા છે તે ચંદ્રમુખી એટલે જેના મુખનો આકાર ચંદ્ર જેવો છે તે. તાત્પર્ય કે આકૃતિનુ વિશિષ્ટ સંયોજન યંત્ર માટે જરૂરી છે તે જ યંત્રને સુંદરતા અર્પે છે.

યંત્રની આકૃતિ ત્રિકોણ હોય છે, ચોરસ હોય છે, લંબચોરસ હોય છે, ગોળ હોય છે અને લંબગોળ પણ હોય

તાત્પર્ય કે સંચામાં તેની કળો તેના સ્થાને જ બેસાડેલી હોવી જોઈએ.

પ્રસ્તુત યંત્રમા પણ આવું જ છે, તેમાં જે આંકો, અક્ષરો, મંત્રપદો કે ચિત્રો સ્થાપવામાં આવે છે, તેમને એક પ્રકારની કળો જ સમજો ને ! તેમની યોગ્ય ગોઠવણથી જ યંત્ર કાર્યસાધક બને છે અને ધાર્યું કામ આપે છે. એમાં કંઈ ગરબડ થઈ કે યંત્ર નકામો બને છે અને ઘણી વાર તેનાથી નુકશાન પણ થાય છે. દિલ્હીના એક ગૃહસ્થે બે હજાર રૂપિયા ખર્ચીને લક્ષ્મીયંત્ર બનાવ્યો અને તેને પૂજાસ્થાનમા રાખી રોજ તેની પૂજા કરવા લાગ્યા પરંતુ એ સમયથી લક્ષ્મી વધવાને બદલે ઘટવા લાગી અને થોડા દિવસ બાદ એ યંત્રમાંથી એકાએક અગ્નિના તણખા ઝરવા લાગ્યા. તેનું કારણ તપાસતાં ખબર પડી કે તેમાં જે બીજાક્ષરો જે સ્થાને મૂકવા જોઈએ તેના બદલે બીજા સ્થાને મૂકાયા હતા.

યંત્રરચના તેના સિદ્ધ નિયમ પ્રમાણે જ થવી જોઈએ. તે માટે તેના વિશિષ્ટ કલ્પો કે યંત્રોદ્ધાર જોવાના રહે છે. આપણું એટલું સદ્‌ભાગ્ય છે કે આપણા પૂર્વાચાર્યો આપણા માટે આવી ઘણી સામગ્રી મૂકતા ગયા છે.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'યંત્રમાં આંકની સ્થાપના કરવાનું પ્રયોજન શું ? આવા યંત્રો કોઇ કાર્યસિદ્ધિ કરી શકે ખરા ?' તેનો ઉત્તર એ છે કે 'યંત્રોમા અંકોની સ્થાપના થાય છે, તે વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન કરવા માટે જ

શ્રી સિદ્ધચક્રનો આકાર

શ્રી સિદ્ધચક્ર એક પ્રાચીન, પવિત્ર, અલૌકિક યંત્રરાજ છે અને તેનું આલંબન લઈ ધ્યાન ધરતાં અસંખ્ય આત્માઓ સિદ્ધ–બુદ્ધ–નિષ્ઠિતાર્થ બની પરમપદે પ્રતિષ્ઠિત થયેલા છે. આ એક જ વસ્તુ પર આપણે ચિંતન–મનન કરીએ તો આપણો બેડો પાર થઇ જાય એમ છે, પણ આપણે ચિંતન–મનન કરવા ટેવાયેલા નથી. ઘણા ગુરુવર્યોની વાણી સાંભળે છે ખરા, પણ એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખે છે, અથવા તેઓ સદ્ગ્રંથો વાંચે છે ખરા, પણ તેનાં પાના ઝડપથી ફેરવતા રહે છે અને તેના પર ચિંતન–મનન કરવા જરાયે થોભતા નથી. પછી તેનાથી ધાર્યો લાભ થાય શી રીતે?

ચિંતન કરવાથી કેવો લાભ થાય છે? તે તમે મહાત્મા ચિલાતીપુત્રની વાત પરથી જાણી શકશો.

મહાત્મા ચિલાતીપુત્ર

જીંદગીભર અનેક જાતનાં પાપો કરનાર ચિલાતીપુત્ર

કર. તેનાથી તારો ઉદ્ધાર થશે.' બસ, એટલું કહી એ મુનિ આકાશમાર્ગે ચાલ્યા ગયા. પ્રાચીન કાલમા મુનિઓ પાસે એ પ્રકારની લબ્ધિ હતી, તેથી તેઓ ધારે ત્યારે આકાશ-ગમન કરી શકતા.

ચિલાતીપુત્રે શાળામાં પગ મૂક્યો ન હતો કે કોઈ ગુરુને પગે લાગી કક્કો-બારાખડી પણ શીખ્યો ન હતો. તેણે ચિલાતી નામની દાસીના પેટે જન્મ લીધો હતો અને બાલ્યાવસ્થા મોટા ભાગે રખડપટ્ટીમાં જ પસાર કરી હતી. પછી જુગાર, સુરાપાન, ચોરી વગેરે મહાવ્યસનો લાગુ પડતાં રાજાએ તેને નગરમાથી હાકી કાઢ્યો હતો અને તે લૂટારો બન્યો હતો.

મુનિએ કહેલા શબ્દો નિરર્થક ન હોય, એમ માનીને તે પેલા ત્રણ શબ્દોનું ચિંતન કરવા લાગ્યો 'ઉપશમ, વિવેક, સંવર.' 'ઉપશમ, વિવેક, સંવર' આમા સ્વાભાવિક રીતે જ શબ્દોનું રટણ થયું. તેના પરિણામે થોડા વખતમાં તેના અતરમા એક ઝબકારો થયો, તેના પ્રકાશથી તેને ઉપશમનો અર્થ એમ સમજાયો કે 'શાંત થવું-ક્રોધ કરવો નહિ.' એટલે તેણે પોતાનો ક્રોધ શાત કરવા હાથમા રહેલી તરવાર દૂર ફેંકી દીધી.

શબ્દોનું વિશેષ રટણ થતા બીજી વાર અંતરમાં ઝબકારો થયો. તેના લીધે વિવેકનો અર્થ તેને એમ સમજાયો કે 'સ્વજન તથા દેહ પર મોહ રાખવો નહિ.' એટલે

તેણે હાથમાં રહેલું કન્યાનું મસ્તક દૂર ફગાવી દીધું, કારણ કે તેના પર તેને એક સ્વજન જેવો મોહ હતો.

હજી શબ્દોનું સ્મરણ ચાલુ જ હતું [illegible] મનમાં પ્રકાશ કર્યો અને તેને સંવરનો અર્થ [illegible] કે 'મનને કાબૂમાં રાખવું. તેને જ્યાં ત્યાં જવા દેવું નહિ.' અને તે પેલા મુનિની જેમ ધ્યાનપૂર્વક [illegible] તેનો ખ્યાલ એવો હતો કે આ મુનિ મનને કાબૂમાં રાખવા માટે જ આ પ્રમાણે ઊભા હતા. કાળના [illegible] ચમત્કાર તો જુઓ! તેણે અતિ અલ્પ સમયમાં [illegible] ગુનાને મહાત્મા બનાવી દીધો. હવે તેને [illegible] આત્મા નહિ ઓળખીશ.

આ ભયંકર ઉપદ્રવ અઢી દિવસ ચાલ્યો, શરીર ચાળણી જેવુ થઈ ગયું અને આખરે મરણ આવી પહોંચ્યું, છતા ચિલાતીપુત્ર મહાત્મા પોતાના ધ્યાનમાથી ચલિત થયા નહિ. તેઓ સરોવરમાં હંસ ઝીલે તેમ શુભભાવનામાં ઝીલવા લાગ્યા અને સમાધિમરણ પામી આત્મકલ્યાણ સાધી ગયા. આજે પ્રાતઃસ્મરણીય પુરુષોમાં તેમનું નામ લેવાય છે. 'ચિંતન-મનનમાં શું?' એમ કહેનારે આમાથી ઘણો બોધ લેવો ઘટે છે.

હવે શ્રી સિદ્ધચક્રના આકાર પર આવીએ. તે અંગે કેટલુક જાણવા જેવું છે અને તે શ્રી સિદ્ધચક્રનું સ્વરૂપ સમજવામાં ઘણું સહાયભૂત થાય એવું છે. આમ પણ જાણેલું નકામું જતું નથી. તે એક યા બીજા પ્રકારે ઉપયોગી થાય છે, તેથી જ જ્ઞાન પર ભાર મૂકાયેલો છે અને તેને સંપાદન કરવાની જોરદાર ભલામણ થયેલી છે.

યંત્ર આકૃતિપ્રધાન છે, આકારપ્રધાન છે, એ પૂર્વે જણાવી ગયા છીએ. વસ્તુને ઓળખવા માટે આકાર મુખ્ય છે. 'આ આંબો છે' 'આ પીંપળો છે.' 'આ હાથી છે' 'આ ઘોડો છે,' અથવા 'આ પુરુષ છે' અને 'આ સ્ત્રી છે,' એવી ઓળખાણ તેમના આકાર વડે જ થાય છે. જ્યા સ્પષ્ટ આકાર નથી, ત્યાં વસ્તુને ઓળખવી મુશ્કેલ પડે છે. આપણી આસપાસ વાતાવરણમા અનેક પ્રકારના વાયુ રહેલા છે, પણ તેમને કોઈ સ્પષ્ટ આકાર

નથી, એટલે આપણે તેમને ઓળખી શકતા નથી. માત્ર કાર્ય પરથી તેમનું અસ્તિત્વ જણાય છે. જો તેમના સ્વરૂપનો વિશેષ બોધ કરવો હોય તો બીજી અનેક પ્રક્રિયાઓનો આશ્રય લેવો પડે છે.

આકાર અને રંગથી રૂપ નિર્માણ થાય છે, એ વાત પણ લક્ષ્યમા રાખવા જેવી છે. એક વસ્તુનો રંગ સારો હોય, પણ આકાર સારો ન હોય, તો એ વસ્તુ આપણને ગમતી નથી. આજે એક એક વસ્તુના અનેક આકારો નિર્માણ થઇ રહ્યા છે, તેની પાછળ પણ આ જ રહસ્ય છે.

શ્રી હેમચંદ્રાચાર્યે શ્રી સિદ્ધચક્રને ચક્રાકાર યંત્ર કહ્યો છે અને શ્રી અભયતિલક ગણિએ તેને चक्रमिव चक्र यन्त्र-विशेषक्रम् કહી તે ચક્ર જેવો ગોલાકાર છે, એવી વિશેષ સ્પષ્ટતા કરેલી છે

સામાન્ય રીતે ગોલાકાર યંત્રને જ ચક્ર સંજ્ઞા લગાડવામા આવે છે. શ્રીહેમચંદ્રાચાર્યે શબ્દમહાર્ણવન્યાસમાં જેમનો ઉલ્લેખ કર્યો છે, તે ત્રૈલોક્યવિજયચક્ર, ઘંટાર્ગલચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર તથા પ્રત્યંગિરાચક્ર આકારે ગોલ છે. અહીં કોઈ એમ કહેતું હોય કે ‘ આ તો બધા અન્યધર્મી યંત્રો છે, પણ આપણા જૈનધર્મમાં ચક્રાકાર-ગોલાકાર યંત્રોનો પ્રચાર હતો ખરો ? ’ આનો ઉત્તર અમે હકારમાં આપીએ છીએ અને વધારામાં જણાવીએ છીએ કે જૈનધર્મમાં તો ગોલાકાર યંત્રોને વધારે પસંદગી અપાતી અને તેથી જ

એ ધ્યાન અને વિદ્યાસિદ્ધિઓનું ગુપ્ત સાધન હતું, તે આ સમયમા પ્રકટ થયું અને તે વખતના પ્રસિદ્ધ લૌકિક યંત્રોની જેમ તેનું જાહેર પૂજન થવા લાગ્યું. લોકરુચિ તો એ તરફ ઢળેલી જ હતી, એટલે તેનો પ્રચાર થયો અને એ રીતે શ્રીસિદ્ધચક્રબૃહદ્યંત્રપૂજન અસ્તિત્વમા આવ્યું.

એ વખતે ચૈત્યવાસીઓનું જોર હોવા છતા સુવિહિત સાધુઓનો એક વર્ગ અસ્તિત્વમાં હતો અને તે ધીરે ધીરે વધતો જતો હતો, તેમને આ બધું પસંદ પડ્યું નહિ હોય એમ લાગે છે. તેમણે પોતાની આધ્યાત્મિક પ્રણાલિકા જાળવી રાખવા માટે આ યંત્રમા નવપદનો જે વિભાગ છે, તેની આરાધના પર વિશેષ ભાર આપવા માંડયો અને નવપદ-મંડલ તરીકે જે યંત્રની પ્રસિદ્ધિ હતી, તેને જ શ્રીસિદ્ધ-ચક્ર તરીકે રજૂ કરવા માંડયો. પછી તો નવપદ એ જ સિદ્ધ-ચક્ર અને સિદ્ધચક્ર એ જ નવપદ એવી હવા સારા પ્રમાણમા પ્રસરી ગઈ અને તેના પડઘા સ્તુતિ–સ્તવન–સજઝાય આદિ દ્વારા પડવા લાગ્યા. તેનું પરિણામ એકદર સારું આવ્યું. આજે નવપદની આરાધનાનો જે વિશાલ પ્રચાર છે, તે આ ઝુંબેશને આભારી છે. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ કે જેઓ જૈન શાસ્ત્રોના સમર્થ જ્ઞાતા હતા અને જેમણે લોકપ્રકાશ જેવી એક આકર કૃતિની જૈન સમાજને ભેટ આપી છે, તેમણે **શ્રીપાલ** રાજાના **રાસની** રચના કરતાં પ્રારંભમા જણાવ્યુ છે કે–

ઉપગારી અરિહંત પ્રભુ, સિદ્ધ ભજો ભગવંત,
આચારિજ ઉવજ્ઝાય તિમ, સાધુ સકલ ગુણવંત.

દરિસણ દુર્લભ નાણ ગુણ, ચારિત્ર તપ સુવિચાર;
સિદ્ધચક્ર એ સેવતાં, પામીજે ભવપાર.

અને તેમણે એ રાસમાં અનેક સ્થળે નવપદ અને સિદ્ધચક્ર શબ્દનો એક-બીજાના પર્યાય તરીકે જ ઉપયોગ કર્યો છે ત્રીજા ખંડની પાચમી ઢાળ રચતા સુરત પાસે રાદેર ગામે તેમનો સ્વર્ગવાસ થયો અને બાકીનો રાસ તેમની ઇચ્છા પ્રમાણે ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે પૂર્ણ કર્યો, તેમણે પણ આ જ વસ્તુ સ્વીકારી છે.

આ રાસ શ્રીરત્નશેખરસૂરિ મહારાજે રચેલ **સિરિસિરિવાલકહાના** આધારે જ રચવામા આવ્યો છે. અને બધુ વર્ણન તેના ક્રમે જ કરવામાં આવ્યુ છે, છતા તેમણે શ્રી સિદ્ધચક્રબૃહદ્યંત્રનો ઉદ્ધાર સૂચવતી અગિયાર ગાથાઓ છોડી દીધી છે અને ત્યા નવપદમંડલ જ રજૂ કર્યું છે. શ્રીમદ્ યશોવિજયજી મહારાજે પણ શ્રી શ્રીપાલ મહારાજાના ઉજમણાના વર્ણનપ્રસંગે સિરિસિરિવાલકહાનું યંત્રપૂજાનુ બીજુ વર્ણન છોડી દીધુ છે અને નવપદના પૂજનને જ ખાસ મહત્વ આપ્યું છે. આના પરથી એમ લાગે છે કે **સિરિસિરિવાલકહા** દ્વારા શ્રી સિદ્ધચક્રબૃહદ્યંત્રનું જે સ્વરૂપ આ બને મહાપુરુષો સામે આવ્યું, તે એમને ઇષ્ટ લાગ્યુ નહિ હોય અને તેથી તેઓ એને મહત્ત્વ આપવા ઇચ્છતા નહિ હોય.

હવે અમે યંત્રના સ્વરૂપનુ ક્રમશઃ વર્ણન કરીશું.

[૯]

સકલાગમ રહસ્યરૂપ અર્હં મંત્ર

શ્રી સિદ્ધચક્રના પ્રથમ વલયમાં તેનો મધ્યભાગ ઘણું મહત્ત્વ ધરાવે છે કે જેને મધ્યપીઠ કહેવામાં આવે છે. આ મધ્યપીઠની આસપાસ કમલની આઠ પાંખડીઓ હોવાથી તેને કર્ણિકા પણ કહેવામા આવે છે.

આ મધ્યપીઠ કે કર્ણિકાના કેન્દ્રમાં સકલ આગમના રહસ્યરૂપ अर्हं મંત્રબીજની વિશિષ્ટ રીતે સ્થાપના કરેલી છે. મંત્રબીજ વિષે થોડું વિવેચન છઠ્ઠા પ્રકરણમાં થયેલું છે, છતાં અહીં સ્પષ્ટતા ખાતર જણાવીએ છીએ કે જેમ બીજમાં સૂક્ષ્મભાવે આખું વૃક્ષ રહેલું હોય છે, તેમ મંત્રબીજમાં મંત્રની સમસ્ત શક્તિ છૂપાયેલી હોય છે અને તે જપ-ધ્યાનાદિ વિશિષ્ટ ક્રિયાથી પ્રકટ થાય છે. આવાં કેટલાક મંત્ર-બીજોનો પરિચય અમે હ્રીંકારકલ્પતરુ, મંત્રવિજ્ઞાન તથા મંત્રદિવાકર નામના અમારા ગ્રંથોમાં કરાવેલો છે.

જૈન ધર્મમા મુખ્ય ઉપાસના અર્હત્‌ની છે. અર્હત્‌

એટલે અરિહંત ભગવંત, જિનેશ્વર દેવ કે તીર્થંકર પર-માત્મા. તે અંગે શ્રી હેમચન્દ્રાચાર્યે ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્રના પ્રારંભમા જ કહ્યુ છે કે–

नामाऽऽकृति-द्रव्य-भावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

'જેઓ સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ (એ ચાર નિક્ષેપો) વડે ત્રણે ય જગતના લોકોને પવિત્ર કરી રહેલા છે, તે અર્હંતોની અમે ઉપાસના કરીએ છીએ.'

જૈન ધર્મમા સ્થિતિ–સંયોગ અનુસાર અન્ય દેવ–દેવીઓની ઉપાસના થાય છે, થવા લાગી છે, પણ મુખ્ય ઉપાસના અર્હત્‌ની છે, એ ભૂલવાનુ નથી. જૈન ધર્મમાં આટલાં મંદિરો બંધાયાં, આટલા તીર્થોની રચના થઈ, તે અર્હંતોની ઉપાસના કરવા માટે જ થયેલી છે અર્હત્ વિના જૈન ધર્મ સંભવતો નથી, જૈન સંસ્કૃતિ સંભવતી નથી, તેથી જ અર્હત્‌ની ઉપાસના મુખ્ય છે.

ભૂતકાળમા અનંત અર્હંતો થઈ ગયા, વર્તમાન કાલે મહાવિદેહ આદિ ક્ષેત્રોમા તેઓ વિદ્યમાન છે અને ભવિષ્ય-કાલ અનત હોવાથી તેમા પણ અનંત અર્હંતો થશે આ બધા અર્હંતોનું સૂચન अर्हं બીજ વડે થાય છે, એટલે તે અત્યંત પવિત્ર અને અદ્ભુત સામર્થ્યવાળું મંત્રબીજ છે.

આ મંત્રબીજ अर्हन्नामोद्भव એટલે અર્હત્ નામમાંથી ઉત્પન્ન થયેલું છે. અર્હત્‌ના ત્ નો લોપ થાય અને મંત્ર-વિદ્યાને ઘણું પસંદ એવું અનુસ્વાર र्ह् ના માથે બિરાજવા લાગે, એટલે अर्हं એવું મંત્રબીજ બને. અથવા પ્રાકૃત ભાષાના અર્હત્‌સૂચક અરિહં શબ્દમાંથી વચલા રિનો લોપ થઈ રેફ બને અને તે ह ના માથે બિરાજે એટલે अर्हं મંત્રબીજ બને. તે અંગે **તત્ત્વાર્થસારદીપક**માં કહેવાયું છે કે-

ज्ञानवीजं जगद्वन्द्यं, जन्म-मृत्यु-जरापहम् ।
अकारादिहकारान्तं, रेफविन्दुकलाङ्कितम् ॥४६॥
भुक्तिमुक्त्यादिदातारं, स्रवन्तममृताम्बुभिः ।
मन्त्रराजमिमं ध्यायेद्, धीमान् विश्वसुखावहम् ॥४७॥

'બુદ્ધિમાન પુરુષે જેની આદિમાં 'अ' છે, અંતમાં 'ह' છે અને જે રેફ, બિન્દુ તથા કલાથી સહિત છે, વળી જે જ્ઞાનબીજ છે, જગદ્વંદ્ય છે, જન્મ-જરા-મૃત્યુને દૂર કરનાર છે, ભુક્તિ તથા મુક્તિને આપનાર છે, જેમાંથી અમૃતરસ ઝરી રહ્યો છે અને જે સર્વ સુખોને લાવનાર છે, તે આ મંત્રરાજ अर्हंનું ધ્યાન ધરવું જોઈએ.'

તેના ધ્યાન અંગે ત્યાં બીજા પાંચ શ્લોક કહ્યા છે, તે પણ મનન કરવા યોગ્ય છે. **નમસ્કાર-સ્વાધ્યાય**ના બીજા ભાગના ૭૮મા પૃષ્ઠ પર તે જોઈ શકાશે.

આ अर्हं બીજની રચનામાં अ, र, ह અને બિન્દુ એ

ચાર તત્ત્વો છે. તેનો મહિમા શ્રીજયસિંહસૂરિએ **ધમ્મોવ-એસવિવરણમાલામાં** નીચે પ્રમાણે પ્રકાશ્યો છે—

अकारं प्रथमं तत्त्वं, सर्वभूताभयप्रदम् ।
कण्ठदेशं समाश्रित्य, वर्तते सर्वदेहिनाम् ॥१॥*

'અર્હ મંત્રમાં અકાર પ્રથમ તત્ત્વ છે. તે સર્વભૂતોને અભય આપનારું છે અને સર્વ દેહધારીઓના કંઠનો આશ્રય કરીને રહેલું છે.'

सर्वात्मकं सर्वगतं, सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं, चिन्तितं पापनाशनम् ॥२॥

'વળી તે સર્વમય છે, સર્વગત છે, સર્વવ્યાપી છે, સનાતન છે, સર્વ પ્રાણીઓને આશ્રીને રહેલું છે અને દિવ્ય (શક્તિથી યુક્ત) છે. તેનું ચિંતન કરવાથી સર્વપાપોનો નાશ થાય છે.'

इदमाद्यं भवेदस्य, कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परमदेवस्य, ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥३॥

'કલાસહિત કે કલારહિત એવું આ પરમ તત્ત્વ જેની આદિમાં છે, તેનું મોક્ષની ઇચ્છાવાળાએ ધ્યાન ધરવું જોઈએ.'

મંત્રશાસ્ત્રમાં માત્ર अ અક્ષરનો જપવિધિ તથા ધ્યાન-વિધિ દર્શાવેલો છે. તેમાં अ કલારહિત તથા કલાસહિત એ

---

* શ્લોકના આ નંબરો અમે મૂકેલા છે

બંને રીતે ઉપયોગમાં લેવાય છે. આવો अ એ કલારહિત છે અને આવો अँ એ કલાસહિત છે

अर्हं બીજમાં રહેલા अ નો મહિમા સાભળીને કદાચ કોઈ બોલી ઉઠશે કે 'શું अ અક્ષર આટલો બધો મહિમા-શાલી છે? અમે તો અનેક વાર એનુ ઉચ્ચારણ કરેલું છે, પણ એમાં કોઈ વિશેષ શક્તિ હોય એવુ લાગ્યુ નથી.' તેનું સમાધાન એ છે કે 'જ્યા સુધી આપણે એક વસ્તુનો મહિમા ન જાણીએ, ત્યા સુધી તે સામાન્ય જ લાગે છે, પરંતુ જ્યારે તેનો મહિમા જાણીએ અને એ દૃષ્ટિએ તેને જોવા માડીએ ત્યારે જ તેનું મહત્ત્વ સમજવામા આવે છે. તમે પ્યાલો પાણી તો અનેક વાર પીધુ છે, તેમા તમને કોઈ શક્તિનો અનુભવ થયો છે ખરો? પણ એક અણુશાસ્ત્રીને પૂછો કે એક પ્યાલા પાણીમા કેટલી શક્તિ રહેલી છે? તો તે તરત જ કહેશે કે 'આ સમસ્ત દુનિયાનો નાશ થઈ શકે એટલી અણુશક્તિ એમા રહેલી છે.' વાસ્તવમા તો આ અનુભવનો જ વિષય છે તમે એનો થોડો અનુભવ અવશ્ય કરી જુઓ.

હવે र તત્વનો મહિમા સાભળો

दीप्तपावकसङ्काशं, सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं, त्रिवर्गफलदं स्मृतम् ॥४॥

'સર્વ પ્રાણીઓના મસ્તકમા રહેલ પ્રદીપ્ત અગ્નિ સમાન આ र તત્ત્વનુ મંત્રધારક વડે જો વિધિપૂર્વક ધ્યાન

ધરાય તો તે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ-રૂપ-ફલને આપનારું છે, એમ જ્ઞાનીઓએ કહ્યુ છે.'

यस्य देवाभिधानस्य, मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं माङ्गल्यं, पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥५॥

'પુણ્ય, પવિત્ર અને મંગલ એવું આ ર તત્ત્વ જેના નામની મધ્યમા રહેલું છે, તે દેવ તત્ત્વજ્ઞો વડે પૂજ્ય છે.'

અ ર્ હ આ ત્રણ અક્ષરોની મધ્યમા ર્ રહેલો છે, એટલે अर्हं બીજને સર્વ તત્ત્વજ્ઞો પૂજે છે, એમ સમજવાનું છે.

હવે ह तत्त्वनो મહિમા વર્ણવે છે.

सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितम् ।
पर्यन्ते सर्ववर्णानां, सकलो निष्फलस्तथा ॥६॥

हकारो हि महाप्राणः, लोकशास्त्रेषु पूजितः ।
विधिना मन्त्रिणा ध्यातः, सर्वकार्यप्रसाधकः ॥७॥

'જે સર્વ પ્રાણીના હૃદયમા સદા રહે છે, જે સર્વ વર્ણોની અંતે આવેલ છે, જે કલાસહિત કે કલારહિત હોય છે અને લૌકિક શાસ્ત્રોમા મહાપ્રાણ તરીકે પૂજ્ય છે, એવા હકાર તત્ત્વનુ મંત્રધારક વડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે સર્વ કાર્યનું પ્રસાધક બને છે.'

હવે બિન્દુતત્ત્વનો મહિમા વર્ણવે છેઃ

सर्वेषामपि सत्त्वानां, नासाग्रं परिसंस्थितम् ।
बिन्दुकं सर्ववर्णानां, शिरसि सुव्यवस्थितम् ॥८॥
हकारोपरि यो बिन्दु, वर्तुलो जलबिन्दुवत् ।
योगिभिश्चिन्तितस्तस्थौ मोक्षदः सर्वदेहिनाम् ॥९॥

'જે સર્વ પ્રાણીઓના નાસિકાના અગ્રભાગને વિષે રહેલ છે, જે સર્વ વર્ણો એટલે અક્ષરોના મસ્તકે-ઉપરના ભાગમા સુવ્યવસ્થિત છે, જે હ કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને જે યોગીઓ વડે સદા ચિંતવાય છે, તે બિંદુ સર્વ જીવોને મોક્ષ આપનાર છે'

યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રે બિંદુને પરમપદની સંજ્ઞા માની છે અને તેનું ધ્યાન ધરવાનો આદેશ આપેલો છે. ગણિતશાસ્ત્રે પણ બિન્દુ એટલે શૂન્યનુ મહત્ત્વ સ્વીકાર્યું છે અને તેનો સંખ્યાવૃદ્ધિમાં સફલ ઉપયોગ કરેલો છે. ગણિત-રહસ્ય નામના અમારા ગ્રંથમા તે અંગે વિસ્તૃત વિવેચન થયેલું છે પરંતુ આપણો ભાષાવ્યવહાર બિન્દુ કે શૂન્યને મીંડુ કહે છે અને જ્યાં નિષ્ફલતાનુ નિદર્શન કરવુ હોય ત્યા તેનો ઉપયોગ કરે છે વિજ્ઞાન અને વ્યવહારની દૃષ્ટિમા આ કેવો મોટો તફાવત !

त्रीण्यक्षराणि बिन्दु श्च, यस्य देवस्य नाम वै ।
स सर्वज्ञः समाख्यातः, 'अर्हं' तदिति पण्डितैः ॥१०॥

'ત્રણ અક્ષર અને બિન્દુ મળીને જે દેવનું નામ થાય છે, તે દેવ પંડિતો વડે સર્વજ્ઞ अर्हं કહેવાયા છે.'

અહીં अ, र, ह અને બિન્દુનો મહિમા વર્ણવ્યો છે, પણ કલા કે નાદ અંગે કંઈ સૂચન કરેલુ નથી. કદાચ તેમના અભિપ્રાયે એ બહુ મહત્ત્વની વસ્તુ નહિ હોય, પણ મંત્રવિશારદોએ તેને માન્યતા આપેલી છે. તેમાં કલાને રેખા કે ચંદ્રરેખા કહી છે અને તેને અમૃતનો સ્રાવ કરનારી માની છે, જ્યારે નાદને વિશ્વાત્મક માન્યો છે, એટલે વિશ્વભરમાં પ્રસરનારો માન્યો છે.

આપણે તો अर्हं મંત્રબીજ એ અર્હતોની અક્ષરરૂપ પ્રતિમા છે, એમ માનીને ચાલવાનું છે.

કોઈકે એમ કહ્યું છે કે—

अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः।
हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥

'અકારથી વિષ્ણુ કહેવાય છે, રેફ એટલે રકારમાં બ્રહ્મા બેઠેલા છે અને ह् કારથી હર એટલે શિવનું સૂચન છે. તેના અંતે બિંદુ છે, તે પરમપદનું પ્રતીક છે'

તાત્પર્ય કે अर्हं મંત્રબીજમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ભાવના કરવા ઇચ્છીએ તો આ રીતે કરી શકીએ છીએ. વાસ્તવમાં अर्हं એ ઘણા ગંભીર અર્થવાળું મંત્રબીજ છે. તેના પર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ-

શબ્દાનુશાસનની સ્વોપજ્ઞવૃત્તિમાં જે પ્રકાશ પાડયો છે, તે આપણા માટે ઘણો માર્ગદર્શક છે. તેઓ મંગલાચરણ રૂપ अर्हम् સૂત્રની વ્યાખ્યા કરતાં કહે છે કે—

'अर्हमित्येतदक्षर परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्धचक्रस्यादिबीजं सकलागमोपनिषद्‌भूतमशेषविघ्नविघातनिघ्नमखिलदृष्टाऽदृष्टसंकल्पकल्पद्रुमोपमं शास्त्राध्ययनाऽध्यापनावधि प्रणिधेयम् ॥'

'अर्हं' એવો જે અક્ષર છે, તે પરમેશ્વર એવા પરમેષ્ઠીનો વાચક છે, સિદ્ધચક્રનુ આદિબીજ છે, સકલ આગમોનું રહસ્ય છે, સર્વવિઘ્નોનુ નિવારણ કરનાર છે અને દૃષ્ટ તથા અદૃષ્ટ એવા સંકલ્પોને પૂરવા માટે કલ્પવૃક્ષ સમાન છે. શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપન સમયે તેનુ ધ્યાન અવશ્ય ધરવું જોઈએ.'

અહીં કદાચ પ્રશ્ન થશે કે 'अर्हंમાં દેખીતી રીતે જ વધારે અક્ષરો છે, તો અક્ષરો ન કહેતાં અક્ષર એવો પ્રયોગ કેમ કર્યો?' તેનું સમાધાન એ છે કે મંત્રબીજ ઘણા અક્ષરોથી સંયુક્ત હોય, કૂટ હોય, તેને એક જ અક્ષર ગણવામા આવે છે જેમ કે ॐ, क्ष, ह्म्ल्र्व्यूं વગેરે. વળી મંત્રવિશારદોનું કહેવું છે કે કૂટમંત્રોમા દેખીતા ઘણા અક્ષરો હોવા છતાં તેમાં વસ્તુત એકજ અક્ષર મંત્રસ્વરૂપ હોય છે અને બાકીના તો તેના પરિકર કે પરિવાર રૂપ હોય છે, તેથી પણ તેને એક અક્ષર કહેવામા આવે છે આ

રીતે अर्हं બીજ અનેકાક્ષરી હોવા છતાં તેમાં ह અક્ષર મંત્રસ્વરૂપ છે, તેથી અહીં અક્ષર એવો શબ્દપ્રયોગ કરેલો છે.’

અહીં કદાચ એવો પ્રશ્ન પૂછાશે કે ‘પરમેશ્વર એવા પરમેષ્ઠી કહેવામાં શો હેતુ રહેલો છે?’ તો તેનો ઉત્તર એ છે કે દેવતાઓ અને ગુરુનું નામ વિશેષણ વિના બોલવું નહિ, એવો શાસ્ત્રનો આદેશ છે, તેથી પરમેષ્ઠી શબ્દને અહીં પરમેશ્વર એવું વિશેષણ લગાડેલું છે. પરમેશ્વર એટલે પરમ ઐશ્વર્યવાન્. અહીં પરમ ઐશ્વર્યથી અષ્ટમહા-પ્રતિહાર્ય, સમવસરણની રચના તથા તમામ પ્રકારની યોગસિદ્ધિઓ સમજવાની છે. પરમેષ્ઠી એટલે પરમ સ્થાને રહેલા. તે અહીં સર્વ જીવોનું યોગ-ક્ષેમ વહન કરનારા દેવાધિદેવ અર્હત્-અરિહંત પરમાત્મા સમજવાના છે. તાત્પર્ય કે अर्हं બીજ દેવાધિદેવ અરિહંત પરમાત્માનું વાચક છે, અરિહંત પરમાત્માનો બોધ કરાવનારું છે.

અહીં अर्हं બીજ માટે બીજાં ચાર વિશેષણો વાપરેલાં છે, તેનો મર્મ પણ સમજી લઈએ આ अर्हं બીજ સિદ્ધચક્રનું આદિબીજ છે, એટલે મૂલ બીજ છે અને તેથી જ મંત્રપીઠના કેન્દ્રસ્થાને તેની સ્થાપના કરવામાં આવે છે

આ બીજ સકલ જિનાગમોનું રહસ્ય છે કદાચ તમે કહેશો કે આ શી રીતે બની શકે? જિનાગમો ઘણાં છે અને તેમાં ઘણા વિષયો આવે છે. તે બધાનો સાર એક જ મંત્રબીજમાં શી રીતે ઉતરી શકે? પરંતુ આ વસ્તુ

એક અદ્ભુત મંત્રસંકેત

ગત પ્રકરણમાં અર્હં મન્ત્રનો પરિચય કરી ગયા. હવે તેની સ્થાપના શી રીતે થાય છે અને તેમાંથી એક અદ્ભુત મંત્રસંકેત શી રીતે ઉત્પન્ન થાય છે? તે જોઈએ.

યંત્રના મધ્યપીઠની વાત ચાલી રહી છે. અહીં અર્હં એવા બે સ્પષ્ટ અક્ષરો મૂકાયા નથી. (અહીં બે અક્ષરો વ્યવહારની દૃષ્ટિએ કહીએ છીએ. મંત્રશાસ્ત્રે તો તેને એક જ અક્ષર માનેલો છે.) 'તો ત્યાં શું મૂકાયું છે?' એવો પ્રશ્ન થવો સહજ છે. તેનો ઉત્તર એ છે કે—

અહીં અ ના સ્થાને ऽ આવી સંજ્ઞાવાળો અવગ્રહ મૂકાયો છે અને ર્હં ની નીચે રેફ લગાડી તેને દ્વિરેફ બનાવવામાં આવ્યો છે. 'આનું રહસ્ય શું?' એ આપણે વિચારવાનું છે. એકલા ર્હં કરતાં ર્હ્રંની શક્તિ વિશેષ મનાયેલી છે, કારણ કે તે હ્ર ના પરિવારનો છે કે જેણે અનેક શક્તિશાલી મંત્રબીજો આપેલાં છે. પૂર્વે હ્રાઁ હ્રીં હ્રૂં

ह्रौं ह् એ પંચબીજોનો ઉલ્લેખ થયેલો છે, તે બધા ह् પરિવારનાં છે અને શ્રી ઋષિમંડલના મૂલમંત્રમાં બિરાજતા ह्रां ह्रीं ह्रुं ह्रूं ह्रें ह्रैं ह्रौं ह्रः એ આઠ મંત્રીબીજો પણ એજ પરિવારના છે. વળી તેના મધ્ય ભાગમાં બિરાજતો ह्रीं કાર પણ આ જ પરિવારનો છે.

મંત્રવિદોએ બધા વર્ણોમા મંત્રશક્તિ માની છે, પણ તેમાના ह् અને र અક્ષરમા સહુથી વિશેષ શક્તિ માની છે અને તેથી જ ह् પરિવારને ખૂબ મહત્ત્વ અપાયેલું છે. શ્રી સમંતભદ્રાચાર્યે **મંત્રવ્યાકરણમાં** हैं બીજને જિનબીજ કહ્યુ છે અને શ્રી સકલકીર્તિ ભટ્ટારકે **તત્ત્વાર્થસારદીપકમાં** તેનું વર્ણન ગણાધીશમંત્ર તરીકે નીચે પ્રમાણે કર્યું છેઃ

अथ मन्त्रगणाधीशं, विश्वतत्त्वैकनायकम् ।
आदिमध्यान्तसद्भेदैः स्वरव्यञ्जनसम्भवम् ॥४०॥
ऊर्ध्वाधोरेफसंयुक्तं सकलं विन्दुभूषितम् ।
एकाग्रऽमनसा ज्ञानिन मन्त्रराजमिमं स्मर ॥४१॥

'હવે અમે ગણાધીશ મંત્રનું વર્ણન કરીશું કે જે સર્વતત્ત્વોનો મુખ્ય નાયક છે, જે આદિ (अ), મધ્ય (र) અને અંત (ह्) એ રીતે ભેદો વડે સ્વર અને વ્યંજનથી ઉત્પન્ન થાય છે, જે ઉપર અને નીચે રેફથી યુક્ત છે, જે કલાથી સહિત છે, જે બિન્દુથી શોભે છે, તે મંત્રરાજનું હે જ્ઞાની! તુ એકાગ્ર મનથી સ્મરણ કર.' ૪૦-૪૧.

देवासुरनतं मिथ्यादुर्बोधध्वान्तभास्करम् ।
शुक्लं मूर्धस्थचन्द्रांशुकलापव्याप्तदिङ्मुखम् ॥४२॥
हेमाब्जकर्णिकासीनं, निर्मलं दिक्षु खाङ्गणे ।
संचरन्तं च चन्द्राभं, जिनेन्द्रतुल्यसूर्जितम् ॥४३॥

'આ મંત્ર દેવો અને અસુર વડે નમસ્કાર કરાયેલો છે, મિથ્યા જ્ઞાનરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન છે, ઉજ્જ્વલ છે, પોતાના ઉપર રહેલા ચન્દ્ર (કલા)માથી નીકળતા કિરણોના સમૂહ વડે દિગંતોને વ્યાપ્ત કરે છે, સુવર્ણકમલની કર્ણિકામાં વિરાજમાન છે, નિર્મલ છે, દિશાઓ અને આકાશરૂપી આંગણામાં સંચરતા ચંદ્ર સમાન છે. વળી તે પરમ સામર્થ્યશાળી અને શ્રી જિનેન્દ્ર તુલ્ય છે.' ૪૨–૪૩.'

ब्रह्मा कैश्चिद्धरिः कैश्चिद् बुद्धः कैश्चिन्महेश्वरः ।
शिवः सर्वस्तथेशानो वर्णोऽयं कीर्तितो महान् ॥४४॥
मन्त्रमूर्तिं किलादाय देवदेवो जिनः स्वयम् ।
सर्वज्ञः सर्वगः शान्तः साक्षादेव व्यवस्थितः ॥४५॥

'આ મહાનવર્ણને–મંત્રાક્ષરને કેટલાક બ્રહ્મા, કેટલાક હરિ, કેટલાક બુદ્ધ, કેટલાક મહેશ્વર, કેટલાક શિવ તો કેટલાક ઈશાન કહે છે. એ સર્વ વડે વખણાયેલો છે. ખરેખર ! આ મંત્રનું રૂપ ધારણ કરીને સ્વયં દેવાધિદેવ, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને શાંત એવા શ્રી જિનેશ્વર દેવ જ બેઠેલા છે. આ મંત્ર તે ર્હ્રૂઁ છે.'

મંત્રસમૂહમાં ह्रीँ બીજે કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, તે આ પરથી સમજી શકાશે. આ સંયોગોમા મંત્રવિશારદો ह्रीँ કરતાં ह्रीँ ને વધારે પસંદ કરે, એ દેખીતુ છે અને તેમને તેમ કરવા માટે કોઈ લાબો ફેરફાર કરવો પડે એમ ન હતો. માત્ર ह्नी નીચે રેફ મૂકવાની જરૂર હતી અને તે એમણે મૂકી દીધી.

પરંતુ આ તો अर्हँ મંત્રબીજમાના ह्रीँ ની વિધિ થઈ, પણ તેની આગળ अ રહેલો છે, તેનુ શુ? જો ह्रीँ ને મુખ્યતા આપવી હોય તો ત્યાથી अ નો લોપ કરવો જોઈએ, એટલે તેમણે अ નો લોપ કર્યો, પણ તેનુ સ્મરણ રહે તે માટે ત્યા વ્યાકરણમાન્ય લોપસંજ્ઞાદર્શક અવગ્રહની સંજ્ઞા મૂકી. આ રીતે ત્યા अर्हँ અને ह्रीँનો મેળ સધાયો અને એક મહાશક્તિસંપન્ન મંત્રબીજની સ્થાપના થઈ

કોઈકે આને કુંડલિની સંજ્ઞા કહી છે. પણ વિક્રમની બારમી સદી પહેલાના કોઈ જૈન ગ્રંથમા તેનો સ્વીકાર થયેલો નથી. જૈનો એમ માનતા હતા અને માને છે કે કુંડલિની એક પ્રકારની અંતરચેતના છે અને તે તપ, જપ, ધ્યાન તથા સંયમના અનુષ્ઠાન વડે જાગૃત થાય છે, એટલે તેમને એનો સ્વતંત્ર સ્વીકાર કરવાની જરૂર ન હતી. વળી કુંડલિની શક્તિને કુંડલાકાર માનવામાં આવી છે અને તે સાડા ત્રણ આંટાવાળી હોય છે, જ્યારે આ તો તેનાથી તદ્દન ભિન્ન આકાર ધરાવે છે આ આકાર બંને બાજુ

અંકુશ જેવું સામીપ્ય ધરાવે છે, એટલે તેને અનિદાનિરોધક-સૂચક સંજ્ઞા માનવી હોય તો માની શકાય.

ર્હ્ઁ બીજમા સામાન્ય રીતે કલા અને બિંદુ તો મુખ્ય જ છે, પણ સિરિસિરિવાલકહામાં नाद-बिन्दु-कल એવો ઉલ્લેખ છે અને શ્રી ઋષિમંડલસ્તોત્રમા પણ नाद-बिन्दु-रेखा-समन्वितम् એવો પાઠ આવે છે, એટલે આપણી પરંપરા નાદ, બિંદુ અને કલાની છે. આ ક્રમ પશ્ચાનુપૂર્વી છે, એટલે મંત્રબીજ પર પ્રથમ બીજના ચંદ્રના આકારની કલા સ્થાપિત કરવાની છે, તેના પર બિન્દુ સ્થાપવાનું છે કે જેનો આકાર વર્તુલ છે અને તેના પર નાદ સ્થાપવાનો છે કે જેનો આકાર ત્રિકોણ છે

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે બિન્દુ અને નાદ એ જુદી જુદી વસ્તુઓ હોવા છતાં જૈન પરંપરામાં કેટલાક વખતથી તેને ભેગા માની લઈ માત્ર બિન્દુનો જ વ્યવહાર કરવામા આવે છે.

હવે ર્હ્ઁ બીજને પ્રથમ ૐકારનું વેષ્ટન અપાયું છે. ૐકાર એ જૈન દૃષ્ટિએ પંચપરમેષ્ઠીનું સ્વરૂપ છે, કારણ કે તેની રચના પંચપરમેષ્ઠીના પ્રથમ અક્ષરોથી થયેલી છે. તે માટે નીચેની ગાથા પ્રસિદ્ધ છે :

अरिहंता असरीरा, आयरिय उवज्झाय मुणिणो ।
पंचक्खरनिप्फन्नो, ओंकारो पंचपरमिट्ठी ॥

'ૐકાર પંચપરમેષ્ઠી સ્વરૂપ છે, કારણ કે તે અરિ-

હંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ (સાધુ)ના પ્રથમ અક્ષરથી નિષ્પન્ન થયેલો છે.'

આ વસ્તુ થોડા સ્પષ્ટીકરણથી સમજાશે. અરિહંતનો પ્રથમ અક્ષર अ છે અને અશરીરીનો (સિદ્ધનો) પ્રથમ અક્ષર પણ अ છે. આ બનેની સંધિ કરીએ તો अ+अ=आ થાય છે. તેમાં આચાર્યનો પ્રથમાક્ષર आ ઉમેરતાં તે आ+आ= आ જ રહે છે તેમાં ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર उ ઉમેરીએ તો आ+उ=ओ થાય છે અને તેમાં મુનિ (સાધુ)નો म् ઉમેરીએ તો 'ओम्' એવો શબ્દ બને છે.

આ ૐકાર મંત્ર તૈજસ, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, કમલ, અગ્નિ, ધ્રુવ આદિ અનેક સંજ્ઞાઓથી પ્રસિદ્ધ છે અને યોગીઓ તથા મંત્રવિશારદો બંને તેનો આશ્રય લે છે. ૐકારના અર્થ અંગે ઘણું વિવેચન થયેલું છે, ઘણી ટીકાઓ લખાયેલી છે અને લગભગ બધા ધર્મોએ તેનો એક યા બીજા રૂપે સ્વીકાર કરેલો છે અમે મંત્રચિંતામણિ ગ્રંથનો બાર પ્રકરણવાળો પ્રથમ ખંડ તેના અંગે જ લખ્યો છે, તે જિજ્ઞાસુઓએ જોઈ લેવો.

ૐકારને હ્રીંકારનું વેષ્ટન અપાયું છે. હ્રીંકાર એ જૈન દૃષ્ટિએ શક્તિબીજ છે તે અંગે હ્રીંકારવિદ્યાસ્તવનમાં કહ્યું છે કે—

नवर्णपार्श्वं त्र्यक्षमक्ष्यमिद्ध-
मर्धाक्षरं भास्वरूपमागम् ।

खण्डेन्दुबिन्दुस्फुटनादशोभं,
त्वां शक्तिबीजं प्रमनाः प्रणौमि ॥

'જેની પાર્શ્વમાં स વર્ણ છે (એવો ह), જે ल અને य ના મધ્યમાં નિષ્ઠિત છે (એવો र). જેની વચ્ચે 'ई' સ્વર છે, જેની કાંતિ દેદીપ્યમાન સૂર્યના જેવી છે અને અર્ધચંદ્ર (કલા), બિંદુ અને સ્પષ્ટ નાદથી શોભી રહેલ છે, એવા હે શક્તિબીજ! હું તને પ્રોલ્લસિત મનથી (ભાવપૂર્વક) સ્તવું છું'

હ્રીંકારને માયાબીજ, ત્રૈલોક્યાક્ષર કે શક્તિપ્રણવ પણ કહેવામા આવે છે અને તેમા પંચપરમેષ્ઠી, ચોવીશ જિનો તથા શ્રી પાર્શ્વનાથ અને પદ્માવતીની સ્થાપના માનવામાં આવે છે. તે અંગે અમે **શ્રી ઋષિમંડલ-આરાધનામાં**, **હ્રીંકારકલ્પતરુમાં** અને **મંત્રચિંતામણિ** ના બીજા ખંડમાં વિસ્તૃત વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓને જોઈ જવાની ભલામણ છે.

હ્રીંકારના ઈમાં જે રેખા રહેલી છે, તેને લંબાવવામાં આવી છે. સૂક્ષ્મ દૃષ્ટિએ જોવાથી એ માલુમ પડશે. તે ડાબી બાજુ આગળ વધી બે કુંડલાકાર આકૃતિ ધારણ કરે છે. આ આકૃતિને માંત્રિક પરિભાષામા 'અનાહત' કહેવામાં આવે છે.

આ રીતે મધ્યમાં ડર્હ્ં બીજ, તેના ઉપર ૐકારનું વેષ્ટન, તેના પર હ્રીંકારનું વેષ્ટન અને તે બધા પર અનાહતની છાયા રાખવાથી એક અદ્ભુત માંત્રિક સંકેત ઉભો થાય છે. જેમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એક પ્રકારની

ત્રિપુટી છે, અથવા મન, વચન અને કાયા એક પ્રકારની ત્રિપુટી છે, અથવા લૌકિક શાસ્ત્રમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની એક પ્રકારની ત્રિપુટી છે, તેમ આ અતિ સામર્થ્ય-વાળા મંત્રબીજોની ત્રિપુટી છે. તેનું સાથે ધ્યાન ધરવાથી અદ્ભુત પરિણામ આવે છે અને તેથી જ 'ॐ ह्रीँ अर्हँ નમઃ' એ મંત્રની યોજના થયેલી છે. જેને अर्हँ બીજનો જપ કરવો હોય, તેણે આ મંત્રનો જપ કરવો જોઈએ.

આ મંત્રત્રિપુટી પર અનાહતની છાયા છે, એનો અર્થ એ છે કે અક્ષરશક્તિના મૂળમાં જે અનક્ષરશક્તિ રહેલી છે, તેને પણ આપણે આરાધવાની છે. થોડા સ્પષ્ટીકરણથી પાઠક મિત્રોને આ વસ્તુ બરાબર સમજાશે.

આપણે ત્યાં વાણીના ચાર સ્વરૂપો મનાયેલા છે: (૧) પરા, (૨) પશ્યંતી, (૩) મધ્યમા અને (૪) વૈખરી. તેમાં નાભિની નીચેના ભાગમાં વાણીને ઉત્પન્ન કરનારી શક્તિ રહેલી છે. તેને પરા કહેવામાં આવે છે. આ વાણીને કોઈ સ્વરૂપ હોતું નથી, એટલે તેને અનક્ષરશક્તિ સમજવાની છે. આ શક્તિ હજી કોઈ સાથે આઘાત પામેલી નથી, આહત થયેલી નથી, તેથી તેનો વ્યવહાર અનાહત તરીકે થાય છે.

શબ્દશક્તિ જ્યારે વાણીનું સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બને છે અને તે વાયુરૂપે નાભિપ્રદેશોમાં આવે છે. ત્યારે પશ્યંતીનું રૂપ ધારણ કરે છે. ત્યાંથી આગળ વધી જ્યારે હૃદયપ્રદેશ સુધી પહોંચે છે, ત્યારે મધ્યમા નામે ઓળખાય છે અને ત્યાંથી પણ આગળ વધી કંઠપ્રદેશમાં પહોંચે છે.

ત્યારે **વૈખરી** નામથી ઓળખાય છે. આ ચોથા પ્રકારથી વાણી બરાબર વ્યક્ત થાય છે.

આપણા મંત્રાક્ષરો આ વાણીને આધીન છે, એટલે આપણે આ વાણીનું માન કરવા તેને વાગ્દેવતા કહીએ છીએ સરસ્વતીનું સ્વરૂપ તેમાંથી જ વિકાસ પામેલું છે. તાત્પર્ય કે અક્ષરમયી મંત્રસાધનામાંથી આપણે અનક્ષરમયી મંત્ર સાધના પ્રત્યે જઈએ એ અનાહતની ઉપાસના છે. તેના લીધે વાણી પર અદ્વિતીય પ્રભુત્વ આવી જાય છે.

યોગીઓ ધ્યાનાવસ્થામાં પરા વાણીનો અનુભવ કરી શકે છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે તેઓ ધ્યાનાવસ્થામાં એક પ્રકારનો નાદ સાંભળે છે, તેને અનાહતનાદ કહેવામાં આવે છે, પણ તે અહીં પ્રસ્તુત નથી.

[૧૧]

સોળ વિદ્યાદેવીઓ

મંત્રપીઠનું વર્ણન હજી પૂરું થયું નથી. તેમાં એક વસ્તુ બાકી રહે છે અને તે અનાહતની પરિધિ પર વર્તુલાકારે રચેલી સોળ સ્વરોની સ્થાપના. આપણી ગુજરાતી ભાષામાં બાર સ્વરો છે અને અહીં સોળ સ્વરો છે. આપણે ઋ ૠ ઌ ૡ એ ચાર સ્વરો સ્વીકારેલા નથી, પણ મંત્ર-સંપ્રદાયે એનો સ્વીકાર કરેલો છે અને એ રીતે સ્વરોની સંખ્યા સોળની બનેલી છે.

કેટલાકને એમ લાગશે કે આ રીતે સ્વરો લખવાની અહીં જરૂર શી? એ તો નાના છોકરાઓને શીખવાની વસ્તુ છે પણ વાસ્તવમાં એવું નથી. આ સોળ સ્વરો એ સોળ વિદ્યાદેવીઓના મંત્રબીજ છે. શ્રી હેમચંદ્રાચાર્યે શબ્દ-[illegible] કહ્યું છે કે '[illegible]-[illegible]' - તે જ રીતે [illegible]

સુવર્ણસમાન પીળો છે, તેનું વાહન ગજરાજ છે અને તેનો મંત્ર ‘ॐ वां वज्राङ्कुश्यै ई नमः’ છે

(૫) **શ્રી અપ્રતિચક્રા.** જેના ચક્રની બરાબરી કોઈ કરી શકે નહિ, તે અપ્રતિચક્રા. આ દેવીને ચાર હાથ છે અને તે ચારેયમા ચક્ર છે તેનું વાહન ગરુડ છે અને તેનો મંત્ર ‘ॐ शा अप्रतिचक्रायै उ नमः’ છે. સ્તુ. ચ. તથા આ. દિ. ના અભિપ્રાયથી આ દેવીનો વર્ણ કનક સમાન પીળો છે.

(૬) **શ્રી પુરુષદત્તા.** જે પુરુષને વરદાન આપનારી છે, તે પુરુષદત્તા. તેને ચાર હાથ છે તેમા જમણા બે હાથ વરદમુદ્રા અને ખડ્ગવાળા છે. જ્યારે ડાબા બે હાથ બીજોરા અને ઢાલથી યુક્ત છે, તેનો વર્ણ સુવર્ણ જેવો છે, તેનું વાહન ભેંસ છે અને તેનો મત્ર ‘ॐ पां पुरुपदत्तायै ऊं नमः’ છે.

(૭) **શ્રી કાલી.** જે દુશ્મનો પ્રત્યે કાલ જેવી છે, તે કાલી. આ દેવીને ચાર હાથ છે. તેમા જમણા બે હાથ જપમાલા અને ગદાથી યુક્ત છે તથા ડાબા બે હાથ વજ્ર અને વરદમુદ્રાથી વિભૂષિત છે. તેનો વર્ણ શ્યામ છે, તેનુ વાહન અશ્વ છે અને તેનો મત્ર ‘ॐ सा काल्यै ऋं नम’ છે.

(૮) **શ્રી મહાકાલી** જે વૈરીવર્ગ પ્રત્યે મહાકાલ જેવી છે, તે મહાકાલી. આ દેવીને ચાર હાથ છે તેમાં જમણા બે હાથ અક્ષસૂત્ર (માલા) અને વજ્રથી શોભે છે અને ડાબા

બે હાથ અભયમુદ્રા અને ઘંટાથી શોભે છે. તેનો વર્ણ તમાલ જેવો અતિ શ્યામ છે, તેનુ વાહન પુરુષ છે, એટલે કે તે મૃતેલા પુરુષ પર પગ રાખીને બેઠેલી છે અને તેનો મંત્ર 'ॐ हा महाकाल्यै ऋ नम' છે. સ્તુ. ૨ તથા આદિના અભિપ્રાયથી તેના એક હાથમાં જપમાલા, બીજા હાથમા ફૂલ. ત્રીજા હાથમા ઘટ અને ચોથા હાથમા વજ્ર છે.

અહી કાલી અને મહાકાલી એવાં નામો આવે છે, તે પરથી કેટલાક એમ માને છે કે આપણામા કાલી અને મહાકાલીની ઉપાસના છે, પરતુ લૌકિકમતમા કાલી અને મહાકાલીનું જે સ્વરૂપ મનાયું છે, તે ઘણુ રૌદ્ર છે, ઘણુ હિંસક છે. તેમને બકરા વગેરે પશુઓના બલિ અપાતો હોય છે, જે આપણી અહિંસક ભાવનાથી તદ્દન વિરુદ્ધ છે અહી જે કાલી અને મહાકાલીનો ઉલ્લેખ આવે છે, તે તે પ્રકારની વિદ્યાઓની અધિષ્ઠાત્રી છે, પણ તેનુ સ્વરૂપ હિંસક નથી. ભળતા નામોથી ઘણી વાર ભવાડા થાય છે, તેથી અહી આટલી સ્પષ્ટતા કરવાનુ ઉચિત માન્યુ છે.

(૯) શ્રી ગૌરી. જેને દેખવાથી [illegible] તે ગૌરી અથવા જે ગૌરવર્ણની છે. તે ગૌરી. આ દેવી [illegible] [illegible]વાળી છે. તેની જમણી બે ભુજાઓ વરદમુદ્રા અને મુસલથી શોભે છે અને ડાબી બે ભુજાઓ જપમાલા અને કમલથી અલંકૃત છે. તેનો વર્ણ [illegible] [illegible] છે તેનુ

વાહન ઘો છે અને તેનો મંત્ર 'ॐ यूं गौर्यै ल्ं नमः' છે. આ. દિ. ના અભિપ્રાયથી આ દેવીનો વર્ણ શ્વેત છે.

(૧૦) **શ્રી ગાન્ધારી.** જેનાથી ગંધ ઉત્પન્ન થાય, તે ગાન્ધારી, અથવા જે ગાન્ધાર દેશમાં ઉત્પન્ન થયેલી છે, તે ગાંધારી. તે ચાર ભુજાવાળી છે. તેમાં જમણા બે હાથ વરદમુદ્રા અને મુશલવાલા છે તથા ડાબા બે હાથ અભયમુદ્રા અને વજ્રથી વિભૂષિત છે. તેનો વર્ણ નીલ છે, તેનું વાહન કમલ છે અને તેનો મંત્ર 'ॐ रूं गान्धार्यै ल्ं नम ' છે.

(૧૧) **શ્રી સર્વાસ્ત્રમહાજવાલા.** જેના સર્વ અસ્ત્રોમાંથી મોટી જવાલાઓ નીકળે છે, તે સર્વાસ્ત્ર મહાજવાલા. આ દેવીને બે હાથ છે અને તેમા ઘણાં શસ્ત્રો રહેલા છે, તેમાંથી જવાલાઓ નીકળે છે. તેનો વર્ણ ધવલ છે, તેનું વાહન વરાહ છે અને તેનો મંત્ર 'ॐ ल्ं सर्वास्त्रमहाज्वालायै एं नम' છે. આ દેવીને કેટલાક જવાલા, કેટલાક મહાજવાલા, તો કેટલાક જવાલામાલિની પણ કહે છે. સ્તુ. ચ. મા આ દેવીનું વર્ણન કરેલુ નથી.

(૧૨) **શ્રી માનવી.** જે મનુષ્યની માતા તુલ્ય તે માનવી. આ દેવી ચાર ભુજાવાળી છે. તેમા જમણી બે ભુજાઓ જપમાલા અને વૃક્ષની ડાળીથી અલંકૃત છે. તેનો વર્ણ શ્યામ છે, તેનું વાહન કમલ છે અને તેનો મંત્ર 'ॐ व्रूं मानव्य ए नम .' છે

(૧૩) **શ્રી વૈરોટયા.** અન્યોન્ય વૈરની શાંતિ માટે

જેનુ આગમન થાય છે, તે વૈરોટયા. (પૂજન વિધિમાં વૈરુટયા છપાયું છે.) આ દેવી ચાર ભુજાવાળી છે તેમાં જમણી બે ભુજાઓ ખડ્ગ અને સર્પથી યુક્ત છે અને ડાબી બે ભુજાઓ ઢાલ તથા સર્પને ધારણ કરનાર છે. તેનો વર્ણ શ્યામ છે, તેનુ વાહન અજગર છે અને તેનો મત્ર 'ૐ ज्र वैरोट्यायै ओं नम.' છે.

(૧૪) શ્રી અચ્છુપ્તા. જેને પાપનો સ્પર્શ નથી, તે અચ્છુપ્તા તે ચાર ભુજાવાળી છે. તેમાં જમણી બે ભુજાઓમા ખડગ અને બાણ છે, જ્યારે ડાબી બે ભુજાઓમા ખેટક (ઢાલ) અને ધનુષ્ય છે. તેનો વર્ણ વીજળી જેવો છે. તેનું વાહન અશ્વ છે અને તેનો મત્ર 'ॐ प् अच्छुप्तायै ओं नम' છે.

(૧૫) શ્રી માનસી. જે ધ્યાન ધરનારના મનને સાન્નિધ્ય કરે, તે માનસી. તે ચાર ભુજાવાળી છે. તેના જમણી બે ભુજાઓ વરદમુદ્રા અને વજ્રથી યુક્ત છે. અને ડાબા હાથ જપમાલા તથા વજ્રથી વિભૂષિત છે. તેનો વર્ણ ધવલ છે, તેનુ વાહન હસ છે અને તેનો મંત્ર 'ॐ नृं मानस्यै अ नम' છે

(૧૬) શ્રી મહામાનસી. જે ધ્યાનારૂઢ મનુષ્યને વિશેષ સાન્નિધ્ય કરે, તે મહામાનસી તેને ચાર ભુજાઓ છે. તેમા જમણી બે ભુજાઓ વરદમુદ્રા અને ખડગથી યુક્ત છે, જ્યારે ડાબી બે ભુજાઓમા કુંડિકા અને ઢાલ ધારણ કરાયેલ

નૈઋત્ય કોણના દલમાં 'ॐ ह्रीँ ज्ञानाय स्वाहा' એ મંત્ર વડે જ્ઞાનની.

વાયવ્ય કોણના દલમાં 'ॐ ह्रीँ चारित्राय स्वाहा' એ મંત્ર વડે ચારિત્રની.

અને ઇશાન કોણના દલમાં 'ॐ ह्रीँ तपसे स्वाहा' એ મંત્ર વડે તપની.

તાત્પર્ય કે મધ્યપીઠ સમેત પ્રથમ વલયમા નવપદની સ્થાપના થાય છે, જે અત્યંત મહત્ત્વની છે. તેનો પાઠકોને વિગત વાર ખ્યાલ આપવા માટે પ્રથમ 'નવપદની અદ્ભુત રચના' નામનું પ્રકરણ લખ્યું છે, પછી 'પ્રથમ પાચ પદોનું સ્વરૂપ,' પછી 'બીજા ચાર પદોનું સ્વરૂપ,' અને ત્યાર પછી 'નવપદ–આરાધનવિધિ' નામનું પ્રકરણ લખી આ વિષયને પૂરો કર્યો છે, તે પાઠક મિત્રોએ ધ્યાનથી વાંચવાની જરૂર છે. પ્રસ્તુત પ્રકરણમા 'નવપદની અદ્ભુત રચના' પર પ્રકાશ પાડ્યો છે.

નવપદની રચના ખરેખર અદ્ભુત છે. જો નવના અંકને પૂર્ણતાસૂચક અને રહસ્યમય માનીએ તો નવપદો પૂર્ણ પણ છે અને રહસ્યમય પણ છે. આ પદોને પૂર્ણ કહેવાનું કારણ એ છે કે તેમાના કોઇ પણ પદનું યથાર્થ આલંબન લેવામા આવે તો એ સંસારસાગરનો પાર પમાડે છે અને રહસ્યમય કહેવાનુ કારણ એ છે કે તેમાં ધર્મશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રનું રહસ્ય અંતર્ગત થયેલુ છે.

'નવપદમાં ધર્મશાસ્ત્રનું રહસ્ય શી રીતે અંતર્ગત થયેલું છે?' એ વસ્તુ પ્રથમ સમજી લઈએ. જૈન ધર્મનું મંડાણ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તારક તત્ત્વો પર થયેલું છે. તેમાં દેવને પ્રથમ મૂકવાનું કારણ એ છે કે તેઓ પોતાના જીવનની પરમ શુદ્ધિ કર્યા પછી સત્ય ધર્મનું પ્રતિપાદન કરે છે અને તેનો પ્રવાહ ચાલુ રહે તે માટે ધર્મસંઘની-ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરે છે. તે રીતે તેમનો ઉપકાર સહુથી મોટો હોય છે, એટલે તેમની ગણના પહેલી થાય છે.

દેવ પછીનું સ્થાન ગુરુને આપવાનું કારણ એ છે કે ધર્મસંઘની ધુરા વહેવાનું કાર્ય તેઓ કરે છે. તેમના પ્રયત્ન-પ્રયાસથી જ દેવે કહેલો ધર્મ લોકોના હૃદય સુધી પહોંચે છે અને ધર્મની પરંપરા જળવાઈ રહે છે.

ધર્મનું આલંબન લીધા વિના કોઈ સંસારસાગર તરી શકતું નથી, એટલે ત્રીજા તારક તત્ત્વ તરીકે તેને સ્થાન આપવામાં આવ્યું છે.

આમાંથી એક પણ તત્ત્વ ઓછું હોય તો કામ ચાલે નહિ. દેવ ન હોય તો ધર્મનું પ્રવર્તન થાય શી રીતે? ગુરુ ન હોય તો એ ધર્મ આપણા સુધી પહોંચે શી રીતે? અને ધર્મ આપણા સુધી પહોંચ્યો હોય પણ તેનું આલંબન ન લઈએ તો સંસારસાગર તરાય શી રીતે? એટલે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેય તારક તત્ત્વોમાં સહુક્રમપદે

શ્રદ્ધાન્વિત થવાનું છે. એવી શ્રદ્ધાવાળો જીવ આખરે મુક્તિ પામે છે. જેને દેવ પર શ્રદ્ધા નથી, ગુરુ પર શ્રદ્ધા નથી કે ધર્મ પર શ્રદ્ધા નથી, તે જૈન દષ્ટિએ નાસ્તિક છે. તેનો ભવનિસ્તાર થવો અસંભવિત છે.

દેવની નિશ્રાએ ગુરુ છે અને ગુરુની નિશ્રાએ ધર્મ છે, એટલે અહીં દેવ, ગુરુ અને ધર્મનો જે ક્રમ આપ્યો છે, તે સુવિહિત છે પહેલા ગુરુ અને પછી દેવ, એવી માન્યતા કેટલાકમાં પ્રચલિત થઈ છે, પણ દેવ તો ગુરુના યે ગુરુ છે એ કેમ ભૂલી જવાય છે? વળી દેવ તો સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે, જ્યારે ગુરુ તો મતિ અને શ્રુત જ્ઞાનથી આગળ વધેલા નથી, એટલે તે બેની સરખામણી જ શી રીતે થઈ શકે? છતા સરખામણી કરીએ તો સર્વજ્ઞ–સર્વદર્શી પરમાત્માને જ પ્રથમ સ્થાન આપવું ઘટે. નમસ્કાર મહામંત્ર જે જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વોનો સમુદ્ધાર મનાયેલો છે, તેમાં પ્રથમની બે વદના દેવને અને પછીની ત્રણ વદના ગુરુને કરવામાં આવે છે, એ શુ બતાવે છે? પ્રથમ દેવ અને પછી ગુરુ એ આપણી અતિ પ્રાચીન કાલથી ચાલી આવતી માન્ય પરંપરા છે અને તેનું પાલન કરવામા જ આપણુ હિત રહેલું છે.

કેટલાક દેવને તો બરાબર માને છે, પણ ગુરુનો ચ્છેદ ઉડાડી દે છે, એટલે કે તેમને મહત્ત્વ આપતા નથી કે તેમનું શરણુ સ્વીકારતા નથી તેઓ કહે છે કે 'અમારે જે જોઈએ છે, તે દેવની ભક્તિથી મળી રહેશે, પછી માથે

દેવ એટલે ઉપાસ્ય દેવ. તેમના બે પ્રકારો છે : અરિહંત અને સિદ્ધ. તેમાં અરિહંત એ સાકાર (શરીરી) પરમાત્મા છે અને સિદ્ધ એ નિરાકાર (શરીરરહિત) પરમાત્મા છે.

ગુરુ એટલે ત્યાગી વર્ગ. તેના ત્રણ પ્રકારો છે : આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. તેમા આચાર્ય ગચ્છનું નેતૃત્વ કરે છે, સાધુઓને તેમના સાધનામાર્ગમા સ્થિર કરે છે, લોકોને ધર્મનો ઉપદેશ આપે છે અને શાસનની સુરક્ષા કરે છે. ઉપાધ્યાય સાધુવર્ગને સૂત્ર-સિદ્ધાંતનું જ્ઞાન આપે છે, ક્રિયાઓનું સાચું સ્વરૂપ દર્શાવે છે અને ગચ્છના સાધુઓનું પાલન-પોષણ કરવાની ફરજ બજાવે .છે સાધુઓ ત્યાગ-વૈરાગ્યથી વિભૂષિત થઇને નિર્વાણ યોગની સાધના કરે છે. આચાર્ય અને ઉપાધ્યાયો સાધુઅવસ્થામા હોય છે, એટલે તેઓ સાધુઓનો ધર્મ તો પાળે જ છે, ઉપરાત ઉપર જણાવ્યાં તે તે કાર્યો કરી પોતાનું પદ સાર્થક કરે છે.

ધર્મ એટલે મોક્ષનો માર્ગ. તેના ચાર પ્રકારો માનવામાં આવ્યા છે: દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. દર્શન એટલે તત્ત્વની રુચિ, જ્ઞાન એટલે તત્ત્વનો બોધ, ચારિત્ર એટલે તત્ત્વનું જીવનમાં પરિણમન અને તપ એટલે ઇચ્છાઓનો નિરોધ. મોક્ષના અનેક માર્ગો છે, પણ આ માર્ગ અનેક મહાપુરુષો વડે અનુસરાયેલો હોઈ વધારે પ્રશસ્ત ગણાયેલો છે અને તેથી જ અહી તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ રીતે દેવ, ગુરુ અને ધર્મથી નવપદોનો વિસ્તાર થયેલો છે, જે નીચેની તાલિકાથી સ્પષ્ટ સમજાશે :

પદનું નામ	તારકતત્ત્વ
(૧) અરિહંત	દેવ
(૨) સિદ્ધ	,,
(૩) આચાર્ય	ગુરુ
(૪) ઉપાધ્યાય	,,
(૫) સાધુ	,,
(૬) દર્શન	ધર્મ
(૭) જ્ઞાન	,,
(૮) ચારિત્ર	,,
(૯) તપ	,,

આ રીતે જૈન ધર્મનું મૂળભૂત રહસ્ય નવપદમાં અંતર્ગત થયેલું છે.

હવે 'નવપદમાં અધ્યાત્મશાસ્ત્રનું રહસ્ય અંતર્ગત શી રીતે?' એ પણ સમજી લઈએ અધ્યાત્મ-શાસ્ત્રનું મંડાણ નીચેના ૬ સિદ્ધાંતો પર થયેલું છે

(૧) આત્મા છે

(૨) તે નિત્ય છે

(૩) તે શુભાશુભ કર્મનો કર્તા છે.

(૪) તે કર્મફલનો ભોક્તા છે.

(૫) તે સર્વ કર્મ તોડવાને સમર્થ છે

(૬) અને સર્વ કર્મ તોડવાનો ઉપાય સુધર્મ છે.

આ ૬ સિદ્ધાંતોનો સ્વીકાર કરનારી જૈનધર્મ આત્મ-વાદી, અધ્યાત્મવાદી કે મોક્ષવાદી કહેવાય છે. આ ૬ સિદ્ધાંતો-

(૪) તેમના આહાર અને નિહાર (મલત્યાગ) ની ક્રિયા ચર્મચક્ષુઓ વડે જોઈ શકાતી નથી, એટલે કે આપણા જેવા સામાન્ય મનુષ્યો તેને જોઈ શકતા નથી.

અતિશય એ અરિહંતની મોટામાં મોટી ઓળખાણ છે, એટલે તેમના વિશેષ અતિશયો પણ જાણી લઈએ. તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થતા નીચેના અગિયાર અતિશયો પ્રકટ થાય છેઃ-

(૧) યોજનપ્રમાણ ક્ષેત્રવાળી ભૂમિમા મનુષ્ય, દેવતા અને તિર્યંઓની ક્રોડાક્રોડ સંખ્યામા અવસ્થિત હોવી.

(૨) તેમની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતાઓને પોતપોતાની ભાષામા પરિણામવી તથા એક યોજનપર્યંત બરાબર સંભળાવી.

(૩) મસ્તકના પાછલા ભાગમાં સૂર્યના બિંબની શોભાનો પણ તિરસ્કાર કરનારું એવુ મનોહર ભામંડલ હોવું.

(૪-૧૧) બસો ગાઉથી અધિક એટલે સવાસો યોજન પર્યંત રોગ-જ્વરાદિ[૪], પરસ્પર વૈરવિરોધ[૫], ઈતિ-ધાન્યાદિને ઉપદ્રવ કરનાર પુષ્કલ ઊંદર વગેરેની ઉત્પત્તિ,[૬] મરકી,[૭] અતિવૃષ્ટિ,[૮] અનાવૃષ્ટિ,[૯] દુર્ભિક્ષ,[૧૦] તથા સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રના ભયનો અભાવ.[૧૧]

તેમની ભક્તિનિમિત્તે દેવો દ્વારા બીજા ઓગણીશ અતિશયો નીચે પ્રમાણે પ્રકટ થાય છેઃ-

(૧-૬) આકાશમાં ધર્મચક્ર,[1] શ્વેત સુંદર ચામરો,[2] પાદપીઠ સહિત સ્વચ્છ સ્ફટિકમય સિંહાસન,[3] ત્રણછત્ર[4]. રત્નમય ધ્વજ,[5] તથા પાદન્યાસ માટે નવ સુવર્ણ કમલોનું સાથે ચાલવું,[6] આ બધી સામગ્રી શ્રી અરિહંત દેવ વિહાર કરતા હોય, ત્યારે આકાશમાં સાથે ચાલે છે.

(૭-૧૪) સમવસરણમાં રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ મનોહર વપ્ર એટલે કિલ્લાઓની રચના થવી,[7] ચાર દિશાએ ચાર મુખો દેખાવા,[8] અશોકવૃક્ષની રચના થવી,[9] રસ્તામાં કાંટાઓનું અધોમુખ થવું,[10] વૃક્ષોની ડાળોનું નમવું,[11] આકાશમાં દુંદુભિના ઊંચેથી ધ્વનિ થવો,[12] સુખકર અનુકૂલ વાયુ વહેવો[13] અને પક્ષીઓની પ્રદક્ષિણ પૂર્વક ગતિ થવી[14]

(૧૫-૧૯) સુગંધી જલની વૃષ્ટિ થવી,[15] પંચ વર્ણનાં પુષ્પોનું આકાશમાંથી ખરવું.[16] કેશ દાઢીમૂછ અને હાથ પગના નખની વૃદ્ધિ ન થવી[17] ભવનપતિ આદિ ચાર નિકાયના દેવોનું જઘન્યથી એક કોડની સંખ્યામાં સમીપ રહેવું,[18] તથા ઋતુઓ અને ઇન્દ્રિયાર્થો એટલે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દની અનુકૂલતા રહેવી[19]

આ રીતે ચાર, અગિયાર અને ઓગણીસ અતિશયો મળી કુલ ચોત્રીસ અતિશય થાય છે.

આ ચોત્રીસ અતિશયો [illegible] ના ચાર અતિશયો [illegible] તરીકે થાય છે (૧) [illegible]
[illegible] ૨૬

વૃક્ષની રચના જે અરિહંતના શરીરથી બાર ગણું ઊંચું હોય છે. (૨) પાંચ વર્ણવાળા પુષ્પોનું આકાશમાંથી ખરવું. (૩) દિવ્યધ્વનિ એટલે શ્રી અરિહંત દેવની વાણીમાં દેવતાઓ વડે વીણા-વાંસળી વગેરે દ્વારા માલકોશ વગેરે રાગનો સૂર પૂરાવો. (આ અતિશયની ઉપરના અતિશયોમાં ગણના નથી, પણ તેનો સમાવેશ વાણીના ગુણોમાં કરી શકાય છે.) (૪) શ્વેત સુંદર ચામરો. (૫) પાદપીઠ સહિત સ્વચ્છ સ્ફટિકમય સિંહાસન. (૬) સૂર્યના બિંબનું પણ તિરસ્કાર કરનારું એવું તેજસ્વી ભામંડલ. (૭) દુંદુભી અને (૮) ત્રણ છત્ર

આ આઠ અતિશયોને મહાપ્રાતિહાર્ય કહેવાનું કારણ એ છે કે તે પ્રતિહારીની જેમ અવિરતપણે સાથે જ રહે છે.

ઘણાં વર્ષો પહેલાં અમે બેંગલોરનો પ્રવાસ કર્યો, ત્યારે દિગમ્બર પંડિત ચેલપ્પા શાસ્ત્રી જોડે મુલાકાત થતા **ભુવલય** નામના ગ્રંથની વાત નીકળી હતી અને તેમાં અષ્ટમહાપ્રાતિહાર્યનું સુંદર વર્ણન આવે છે, એમ એમણે જણાવ્યું હતું તથા તેને લગતો મૂળ ભાગ અમને અર્થ સાથે કહી સંભળાવ્યો હતો. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે આ દરેક પ્રાતિહાર્યમાં ગુપ્ત વિદ્યાઓ રહેલી છે. જેમ કે અશોકવૃક્ષમાં પુષ્પ-આયુર્વેદ, આસનમાં ગણિતવિદ્યા વગેરે. પરંતુ તે સંબંધમાં વધારે સ્પષ્ટીકરણ થઈ શક્યું ન હતું. તે પછી અમે આપણા અનેક ગ્રંથો તપાસ્યા, પણ તેમ

અષ્ટમહાપ્રાતિહાર્યના સુંદર વર્ણન સિવાય વિદ્યાદિ સંબંધમાં કંઈ જોવામાં આવ્યું નથી, પરંતુ વિદ્વાનો તથા સંશોધકોએ આ બાબતમાં ઊંડા ઉતરવા જેવું છે, એમ અમને લાગે છે.

આ અતિશયોનો ચાર અતિશયોમાં સંક્ષેપ થયેલો છે, તે આ પ્રમાણે.

(૧) **અપાયાપગમાતિશય**—સર્વ અપાયોનો અપગમ્ થવો. અપાય એટલે ઇતિ-ભીતિ અને અપગમ એટલે નાશ. તાત્પર્ય કે શ્રી અરિહંત દેવના જ્યાં પગલાં થાય, ત્યાં યોજનો સુધી કોઈ પ્રકારનો રોગચાળો ફેલાય નહિ, કોઈ પ્રકારનો ઉપદ્રવ થાય નહિ કે કોઈ મહાભયનું કારણ ઉત્પન્ન થાય નહિ. અન્ય શબ્દોમાં કહીએ તો તેઓ જ્યાં જાય ત્યાં મંગલમાલા જ પ્રવર્તે. સામાન્ય પુણ્યશાલીના પગલાનું પણ સુંદર પરિણામ આવે છે, તો આવા યોગસિદ્ધ મહાપુરુષના પગલાનું પરિણામ આવું અદ્ભુત આવે, એમાં કંઈ આશ્ચર્ય નથી

(૨) **જ્ઞાનાતિશય**—તેઓ કેવલજ્ઞાની હોય છે. એટલે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાલના સર્વ પદાર્થોના સર્વભાવો યથાર્થપણે જાણી શકે છે. [illegible] છે કે 'तत्र [illegible]'—જેઓ યોગમાર્ગના [illegible] કરે છે, તેની પ્રજ્ઞા [illegible] થઈ જાય છે. એટલે તેમનું જ્ઞાન સાચું જ હોય છે [illegible] નથી [illegible] હોય છે,

એટલે તેમનું જ્ઞાન પૂર્ણ હોય, સત્યના પ્રકાશથી ઉજ્જવલ હોય, એ સ્વાભાવિક છે.

(૩) **પૂજાતિશય**—જગતના તમામ લોકો વડે પૂજાવું. અહીં જગતથી સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણેય લોક સમજવા. તાત્પર્ય કે અરિહંતનો અતિશય એવો હોય છે કે તેમને નરપતિ એટલે રાજાઓ, સુરપતિ એટલે સ્વર્ગના ઇન્દ્રો અને અસુરપતિ એટલે ભવનપતિ દેવોના ઇન્દ્રો પણ વંદે છે, પૂજે છે અને તેમના પ્રત્યે અત્યંત માનની લાગણી રાખે છે. તેમણે પોતાની સાધનામા વિશ્વમૈત્રીની ભાવના ઉત્કૃષ્ટપણે કેળવેલી હોય છે, તેથી જ તેમના પ્રત્યે જગતના બધા લોકોનું આકર્ષણ થાય છે અને તેમને વંદવા–પૂજવાની ભાવના જાગે છે.

(૪) **વચનાતિશય**–તેમની વાણી અત્યત મધુર હોય છે, સહુને સમજાય તેવી હોય છે અને સહુના હૃદયને સ્પર્શનારી હોય છે. તેથી જ તેમની ધર્મદેશના સફલ બને છે અને લાખો સ્રીપુરુષો તેમના અનુયાયીઓ બની પોતાનું આત્મકલ્યાણ સાધે છે.

આ ચાર અતિશયોને મૂલ અતિશય કહેવામાં આવે છે, તેમા અષ્ટમહાપ્રાતિહાર્ય ઉમેરી અરિહંતના બાર ગુણ ગણવામા આવે છે.

ભૂતકાલમાં જે અરિહંતો થઈ ગયા, વર્તમાનમાં જે અરિહંતો વિદ્યમાન છે અને ભવિષ્યમાં જે અરિહંતો

થવાના છે, તે બધાયે આપણા માટે વંદનીય-પૂજનીય છે, છતાં વર્તમાન ચોવીશીના નામથી ઉપલક્ષિત શ્રી ઋષભદેવ આદિ ચોવીશ અરિહંતોનો-તીર્થંકરોનો આપણા પર આસન્ન ઉપકાર છે, તેથી મુખ્યત્વે તેમની આરાધના થાય છે. આ ચોવીશેય તીર્થંકરોના મંત્રો પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીએ છીએ :

(१) ॐ ह्रीं अर्हं श्री ऋषभदेवाय नमः
(२) ,, ,, ,, श्री अजितनाथाय नमः ।
(३) ,, ,, ,, श्री सम्भवनाथाय नमः ।
(४) ,, ,, ,, श्री अभिनन्दननाथाय नमः ।
(५) ,, ,, ,, श्री सुमतिनाथाय नमः ।
(६) ,, ,, ,, श्री पद्मप्रभस्वामिने नमः ।
(७) ,, ,, ,, श्री सुपार्श्वनाथाय नमः ।
(८) ,, ,, ,, श्री चन्द्रप्रभस्वामिने नमः ।
(९) ,, ,, ,, श्री सुविधिनाथाय नमः ।
(१०) ,, ,, ,, श्री शीतलनाथाय नमः ।
(११) ,, ,, ,, श्री श्रेयांसनाथाय नमः ।
(१२) ,, ,, ,, श्री वासुपूज्यस्वामिने नमः ।
(१३) ,, ,, ,, श्री विमलनाथाय नमः ।
(१४) ,, ,, ,, श्री अनन्तनाथाय नमः ।
(१५) ,, ,, ,, श्री धर्मनाथाय नमः ।
(१६) ,, ,, ,, श्री शान्तिनाथाय नमः ।
(१७) ,, ,, ,, श्री कुन्थुनाथाय नमः ।

(૧૮) ,, ,, ,, श्री अरनाथाय नमः ।
(૧૯) ,, ,, ,, श्री मल्लिनाथाय नमः ।
(૨૦) ,, ,, ,, श्री मुनिसुव्रतस्वामिने नमः ।
(૨૧) ,, ,, ,, श्री नमिनाथाय नमः ।
(૨૨) ,, ,, ,, श्री नेमिनाथाय नमः ।
(૨૩) ,, ,, ,, श्री पार्श्वनाथाय नमः ।
(૨૪) ,, ,, ,, श्री महावीराय नमः ।

ચોવીશ તીર્થંકરોના બીજા મંત્રો પણ જોવામાં આવ્યા છે, જેમા હ્રીં પછી શ્રીં બીજ લગાડેલું છે અને તીર્થંકરોના નામ આગળ શ્રી નથી, તે આ પ્રમાણે: 'ॐ ह्रीं श्रीं अर्हं ऋषभदेवाय नमः ।' ॐ ह्रीं श्रीं अर्हं अजितनाथाय नमः । પરંતુ અરિહંતોના મંત્રમાં તો ॐ ह्रीं अर्हं એ ત્રણ બીજો જ યોગ્ય છે. વચ્ચે શ્રીં બીજ મૂકવાથી મંત્રનું સ્વરૂપ જ બદલાઇ જાય છે અને અર્હંત્ મંત્રને બદલે સર્વલાભ મંત્ર બને છે. વળી તીર્થંકરોના નામની આગળ માનાર્થે શ્રી હોય તે વધારે સારું છે.

ઉપરના ચોવીશેય મંત્રોનો ઉપયોગ સ્મરણ, જપ અને ધ્યાન માટે થઇ શકે છે તે ઉપરાંત જે તીર્થંકર ભગવાનની પૂજા કરતા હોઇએ તે વખતે તેમના દરેક અંગે તિલક કરતી વખતે પ્રકટ કે મૌનપણે પણ તે બોલી શકાય છે. દાખલા તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા ચાલતી હોય તો જમણા અંગૂઠે પૂજન કરતી વખતે 'ॐ ह्रीं अर्हं श्री पार्श्वनाथाय नमः' એમ બોલવું. બીજા અંગૂઠે

પૂજન કરતા પણ એ જ મંત્ર બોલવો. એ રીતે દરેક તિલક કરતી વખતે પણ એ જ મંત્ર બોલવો. તેથી પોતે કયા તીર્થંકર ભગવાનની પૂજા કરી રહેલ છે તેનો ખ્યાલ રહે છે અને મન બીજે જતુ નથી. આ બધા મંત્રો શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ કરનારા છે.

વલી તીર્થંકરનું નામ રટતા પણ તે મંત્રનું કામ કરે છે, એવો અનુભવ અમને થયેલો છે. અમારી પંદર વર્ષની ઉંમરે અમારા મૂલ વતન દાણાવાડા ગામમાં સંધ્યાસમયે અમને જમણા પગે સર્પદંશ થયો, અને અમે ધોતિયાનો છેડો ફાડી પીંડી પર તેને જોરથી બાંધી દીધો. પછી અમને ઘરે લઈ ગયા. ત્યાં ઘી ગરમ કરીને પાવામાં આવ્યું. તેમાં લીમડાના પાન, મરી તથા મીઠું નાખેલા હતા. અમને દંશની આસપાસ શાક કાપવાની સામાન્ય છરી વડે ચીરો મૂકવામાં આવ્યો અને કેટલુંક લોહી બહાર કાઢી નાખવામાં આવ્યું. તેની વેદના અપાર હતી. એટલે [illegible]

જેમના નામમાં આવો પ્રભાવ હોય, તેમનાં દર્શન, સેવાપૂજા તથા આરાધનમાં કેવો પ્રભાવ હોય, તે સુજ્ઞોએ સ્વયં વિચારી લેવું. શ્રી અરિહંત–તીર્થંકર–જિન ભગવંતની આરાધના–ઉપાસના કેવી રીતે કરવી જોઈએ ? તેનો વિસ્તૃત ખ્યાલ અમે **જિનોપાસના** નામના અમારા ગ્રંથમા આપેલો છે.

૨–સિદ્ધપદ

નવપદમાં બીજું પદ સિદ્ધનુ છે. અરિહંતની જેમ તેમને પણ પરમાત્મા કહેવામાં આવે છે. વાસ્તવમાં અરિહંત કરતા સિદ્ધનું સ્વરૂપ વધારે શુદ્ધ છે, કારણ કે અરિહંત પરમાત્માએ ચાર ઘાતીકર્મ ખપાવ્યા હોય છે અને ચાર અઘાતીકર્મ બાકી હોય છે, જ્યારે સિદ્ધ પરમાત્માએ તો ચાર ઘાતી અને ચાર અઘાતી એ આઠેય કર્મોને પૂરેપૂરા ખપાવી દીધા હોય છે. તેમને કર્મનો લેશ પણ હોતો નથી.

અરિહંત પરમાત્મા શરીરી છે, એટલે કે તેમને શરીર હોય છે અને તેથી તેઓ વિશિષ્ટ રૂપરંગ તથા આકાર ધારણ કરે છે, જ્યારે સિદ્ધ પરમાત્મા અશરીરી હોય છે, એટલે કે તેમને શરીર હોતું નથી, તેથી તેમને કોઈ પણ પ્રકારનું રૂપ કે આકાર હોતો નથી. તેમની આ સ્થિતિ સચવવા માટે તેમને નિરંજન–નિરાકાર કહેવામા આવે છે.

જ્યાં શરીર ન હોય, ત્યા ઇન્દ્રિયો હોતી નથી અને

મન પણ હોતું નથી, એટલે શ્રી સિદ્ધપરમાત્માને કાયિક, વાચિક કે માનસિક કોઇ પ્રવૃત્તિ હોતી નથી. તેઓ પોતાના સ્વરૂપમા–સ્વભાવમા જ મગ્ન રહે છે અને તેથી અનંત સુખનો અનુભવ કરે છે.

પ્રશ્ન–જ્યાં ખાવા–પીવાનું ન હોય, હરવા–ફરવાનું ન હોય કે બીજી મોજ–મજાહ કરવાની ન હોય, ત્યાં સુખનો અનુભવ શી રીતે થાય?

ઉત્તર–આ તો તમે પેલા ભરવાડ જેવી વાત કરો છો. એક પંડિતને ભરવાડનો મેળાપ થતાં તેણે પૂછ્યું. 'ભાઈ, તું ધર્મ જાણે છે?' ભરવાડે કહ્યું: 'ધર્મ કોને કહેવાય? એ હું જાણતો નથી. ધર્મથી શું થાય?' પંડિતે કહ્યું 'સ્વર્ગ મળે.' ભરવાડે કહ્યું: 'હેં સ્વર્ગ? ત્યાં શું હોય?' પંડિતે કહ્યું 'ત્યાં રહેવા માટે અદ્ભુત મહેલો હોય, હરવા–ફરવા માટે સુંદર બાગ–બગીચા હોય, ત્યાં રૂપ રૂપના અંબાર જેવી અનેક અપ્સરાઓ હોય અને બીજું પણ ઘણું હોય.' ભરવાડે કહ્યું: 'આ બધું તો ઠીક, પણ ત્યાં હોકો અને તમાકુ હોય કે નહિ?' પંડિતે કહ્યું: 'અરે મૂર્ખ! આ તો તુચ્છ વસ્તુઓ છે. તેનું ત્યાં કામ શું હોય?' ભરવાડે કહ્યું: 'તો એ સ્વર્ગ [illegible] જ્યાં હોકો અને તમાકુ ન હોય ત્યાં મજા આવે જ નહિ.'

આપણે ભૌતિક સુખોથી એટલા બધા ટેવાઈ ગયેલા છીએ કે તે સિવાય આનંદની કલ્પના કરી શકતા જ નહિ.

અક્ષય એટલે જેનો કદી ક્ષય થાય નહિ એવું છે; અવ્યાબાધ એટલે પીડાઓ અને અંતરાયોથી રહિત છે; અને અપુનરાવૃત્તિ એટલે ત્યાં ગયા પછી પાછું ફરવું ન પડે એવું છે. આ પરથી તમને સિદ્ધ પરમાત્માઓની સ્થિતિ સમજાઈ જશે.

આજ સુધીમાં અનંત આત્માઓ સિદ્ધ થયા છે, તે બધા ત્યાં બિરાજે છે. આજે જે આત્માઓ મહાવિદેહ આદિ ક્ષેત્રોમાંથી સિદ્ધ થઈ રહ્યા છે, તેઓ પણ પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી ત્યાં પહોંચી સ્થિર થાય છે અને હવે પછી જે આત્માઓ સિદ્ધ થવાના છે, તેઓ પણ ત્યાં જ પહોંચી સ્થિર થવાના છે. જ્યોતમાં જ્યોત મિલે એવો ત્યાં ઘાટ છે, એટલે સ્થાનની તંગી પડે એમ નથી.

સિદ્ધ થવાના પ્રકારો પરથી તેમના પંદર પ્રકારો પાડવામાં આવ્યા છે. તેનાથી પણ આપણે પરિચિત થઈએ.

(૧) **તીર્થ સિદ્ધ**–જેઓ તીર્થની વિદ્યમાનતામાં સિદ્ધ થયા હોય, તે તીર્થસિદ્ધ. અહીં તીર્થ શબ્દથી શ્રી જિનેશ્વરદેવે સ્થાપેલો ધર્મસંઘ સમજવાનો છે. તેના આલંબનથી સંસારસાગર તરી શકાય છે, તેથી તેને 'તીર્થ' કહેવાય છે. બધા અરિહંતો તીર્થસિદ્ધ છે.

(૨) **અતીર્થસિદ્ધ**–જેઓ તીર્થની વિદ્યમાનતા ન હોય એ વખતે સિદ્ધ થયા હોય, તે અતીર્થસિદ્ધ. મરુદેવી માતા સિદ્ધ થયા એ વખતે કોઈ તીર્થ વિદ્યમાન ન હતું.

(૩) **તીર્થંકરસિદ્ધ**–જેઓ તીર્થંકરની અવસ્થામાં સિદ્ધ થયા હોય, તે તીર્થંકર સિદ્ધ.

(૪) **અતીર્થંકરસિદ્ધ**–જેઓ તીર્થંકર પદ પ્રાપ્ત કર્યા વિના માત્ર કેવલીની અવસ્થાએ સિદ્ધ થયા હોય, તે અતીર્થંકર સિદ્ધ શ્રી ગૌતમસ્વામી વગેરે અતીર્થંકર સિદ્ધ છે

(૫) **સ્વયંબુદ્ધસિદ્ધ**–જેઓ જાતે બોધ પામીને સિદ્ધ થયા હોય, તે સ્વયંબુદ્ધસિદ્ધ. આર્દ્રકુમાર વગેરે આ રીતે સિદ્ધ થયેલા છે.

(૬) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ**–જેઓ કોઈક નિમિત્ત પામીને સિદ્ધ થયેલા હોય, તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ કરકંડુ વગેરે આ રીતે સિદ્ધ થયેલા છે

(૭) **બુદ્ધબોધિતસિદ્ધ**–જેઓ આચાર્યાદિથી બોધ પામીને સિદ્ધ થયેલા હોય, તે બુદ્ધબોધિતસિદ્ધ

(૮) **સ્ત્રીલિંગસિદ્ધ**–જેઓ સ્ત્રીની અવસ્થામાં સિદ્ધ થયેલા હોય. તે સ્ત્રીલિંગસિદ્ધ. ચંદનબાળા વગેરે આ રીતે સિદ્ધ થયેલા છે.

(૯) **પુરુષલિંગસિદ્ધ**–જેઓ પુરુષની અવસ્થામાં સિદ્ધ થયેલા હોય, તે પુરુષલિંગસિદ્ધ. ઇલાચીકુમાર વગેરે આ રીતે સિદ્ધ થયેલા છે

(૧૦) **નપુંસકલિંગસિદ્ધ**–જેઓ નપુંસકની અવસ્થામાં સિદ્ધ થયેલા હોય, તે નપુંસકલિંગસિદ્ધ [illegible] આદિ આ રીતે સિદ્ધ થયેલા છે

(૧૧) **સ્વલિંગસિદ્ધ**–જેઓ નિર્ગ્રંથ–સાધુ અવસ્થામાં સિદ્ધ થયેલા હોય, તે સ્વલિંગસિદ્ધ.

(૧૨) **અન્યલિંગસિદ્ધ**–જેઓ અન્ય સાધુવેશમા સિદ્ધ થયેલા હોય, તે અન્યલિંગસિદ્ધ. વલ્કલચીરી વગેરે આ રીતે સિદ્ધ થયેલા છે

(૧૩) **ગૃહસ્થલિંગસિદ્ધ**–જેઓ ગૃહસ્થના વેશમાં સિદ્ધ થયા હોય, તે ગૃહસ્થલિંગસિદ્ધ. ભરતચક્રવર્તી આ રીતે સિદ્ધ થયેલા છે.

(૧૪) **એકસિદ્ધ**–એક સમયે એક સિદ્ધ થયા હોય તે એકસિદ્ધ.

(૧૫) **અનેકસિદ્ધ**–એક સમયે અનેક સિદ્ધ થયા હોય, તે અનેકસિદ્ધ.

સિદ્ધના આ પ્રકારો પરથી એટલુ ફલિત થાય છે કે મનુષ્યો વિવિધ સંયોગોમાં કર્મનો ક્ષય કરીને સિદ્ધાવસ્થા પામે છે. તેમા લિંગ કે વેશ બાધક બનતા નથી. સ્ત્રીએ પણ પુરુષાર્થ કરે તો સકલકર્મ ખપાવી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે એક આત્મા કોઈ પણ પ્રકારે ભલે સિસિદ્ધ થયો હોય, પણ સિદ્ધાવસ્થામા તો બધા સમાન જ હોય છે. તેમાં ઊંચા–નીચાનો કોઈ ભેદ નથી કે તેમના સુખાનુભવમા કોઈ પ્રકારની ન્યૂનતા કે અધિકતા નથી.

અરિહંત ભગવંતના બાર ગુણો ગણાય છે, તેમ સિદ્ધ ભગવંતના આઠ ગુણો ગણાય છે. તે આ પ્રમાણે:

(૧) **અનંતજ્ઞાન**–જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટ થાય છે.

(૨) **અનંતદર્શન**–દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ ઉત્પન્ન થાય છે.

(૩) **અવ્યાબાધદશા**–વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ ઉત્પન્ન થાય છે.

(૪) **અનંત ચારિત્ર**–મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતા ક્ષાયિકસમ્યક્ત્વ તથા યથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થાય છે. તેના લીધે અનંતસિદ્ધિરૂપ સ્વભાવ દશાનો સ્વાદ અનુભવી શકાય છે.

(૫) **અક્ષયસ્થિતિ**–આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટ થાય છે. તેનાથી અજરામર અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

(૬) **અરૂપિત્વ**–નામકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટ થાય છે. તેનાથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા શબ્દનો સર્વકાલીન વિયોગ થાય છે, જેને નિરંજન-નિરાકાર અવસ્થા કહેવામાં આવે છે.

(૭) **અગુરુલઘુત્વ**–ગોત્રકર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રકટ થાય છે. તેનાથી ઉચ્ચ-નીચ આદિના ભેદ વગરની સહજ અવસ્થા પ્રાપ્ત થાય છે.

(૮) અનંતવીર્ય–અંતરાયકર્મનો સર્વથા અભાવ થવાથી આ ગુણ પ્રગટ થાય છે. તેનાથી આત્માની અનંત શક્તિનો પ્રકાશ થાય છે તથા અનાદિકાલીન દીનતા ચાલી જતાં સચ્ચિદાનંદ અવસ્થા અનુભવાય છે.

સિદ્ધપદની આરાધના આપણને અનંત સુખમય સિદ્ધાવસ્થાએ પહોંચાડવાને સમર્થ છે, તેથી જ તે અવશ્ય કરવા જેવી છે.

૩-આચાર્યપદ

અરિહંતો ધર્મનું પ્રવર્તન કરે છે અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેનો ઉપદેશ આપે છે, પણ એ ધર્મ આચાર્યોની પરંપરા વડે જ ભાવી પેઢીઓને પહોંચે છે, તેથી આચાર્યનું સ્થાન જિનશાસનમાં ઘણું મહત્ત્વનું બનેલું છે. જેનું આચરણ શ્રેષ્ઠ હોય, તે આચાર્ય કહેવાય. આ આચરણ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, અને વીર્યને લગતું સમજવાનું છે. તેના નિયત થયેલા નિયમો પોતે બરાબર પાળે છે, તેથી તેઓ બીજાને એ નિયમો પાળવાની પ્રેરણા કરી શકે છે, ઉપદેશ આપી શકે છે અને એ રીતે ધર્મ-પ્રચારનું કાર્ય વ્યવસ્થિત રીતે આગળ વધે છે. જે વસ્તુ આપણે શ્રદ્ધાપૂર્વક આચરતા ન હોઇએ, તેનો ઉપદેશ બીજાને આપી શકતા નથી અને કદાચ આપીએ તો તેની ધારી અસર થતી નથી. પિતા પોતે બીડી પીતો હોય અને પુત્રને કહે કે તારે બીડી પીવી નહિ તો તેની અસર કેવી થાય ? કેટલીક વાર તો એ રીતે ઉપદેશ આપવા જતાં

હાસ્યાસ્પદ સ્થિતિ પેદા થાય છે અને નીચું જોવાનો વખત આવે છે.

વડોદરાના સ્વ. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ઘણા વિદ્યાપ્રેમી અને સંસ્કારી પુરુષ હતા, તેઓ ઘણી વાર વિદ્વાનોને આમંત્રણ આપી પોતાના રાજમહેલમાં બોલાવતા અને સમસ્ત રાજપરિવારને તેની વિદ્વત્તાનો લાભ અપાવતા. આ રીતે તેમણે એક વાર એક વિદ્વાનને આમંત્રણ આપ્યું. સમસ્ત રાજપરિવાર તેનું વ્યાખ્યાન સાંભળવા એકત્ર થયો. અહિંસા પર વ્યાખ્યાન ચાલ્યું, તેમાંથી આહાર પ્રકરણ નીકળ્યું અને માંસ, મચ્છી તથા ઈંડાનો ત્યાગ કરવા માટે આ વિદ્વાને એટલી છટાભરી છણાવટ કરી કે રાજ્ય પરિવારના ઘણા સભ્યો તેનો ત્યાગ કરવા તત્પર થઈ ગયા. એવામાં પેલા વિદ્વાને જેવો પોતાનો પસેવો લૂછવા ગજવામાંથી રૂમાલ ખેંચ્યો કે તેની સાથે એક ઈંડું બહાર નીકળી પડ્યું. તેની શું અસર થઈ હશે? તે કહેવાનું રહેતું નથી. વાતાવરણ બદલાઈ ગયું. એક [illegible] અને તેને [illegible] સ્થાન છોડવું ભારે પડ્યું.

ધર્મપ્રચારની જવાબદારી નાનીસૂની નથી. એ જવાબદારી વહન કરનાર અનેકવિધ [illegible] સાર [illegible] અને તેનો [illegible] કે [illegible] આ [illegible] છે, [illegible] આચાર્યપદ [illegible] કે જો [illegible] [illegible] હોય. [illegible] [illegible] - [illegible]

હોય, જે બુદ્ધિમાન હોય, ચતુર હોય, દરેક પાસેથી કામ લેવાની કુશલતા ધરાવનારો હોય પણ સિદ્ધાંતની બાબતમાં પાછી પાની કરનારો ન હોય, તથા સમય આવ્યે શાસનની રક્ષા માટે ગમે તેવડો ભારે ભોગ આપવાને તૈયાર હોય. માત્ર યોગોદ્વહન એ કંઇ આચાર્યપદની યોગ્યતા નથી. તે યોગ્યતાનો એક ભાગ બની શકે, પણ તે ઉપરાંત તેનામાં ઉપર જણાવેલા ગુણો પૈકી ઘણાખરા ગુણો હોવા જોઈએ. અન્યથા તેઓ પોતાની જવાબદારી વહન કરવામાં નિષ્ફળ નીવડે અને એ રીતે શાસનને ભારે નુકશાન પહોચે.

ગચ્છના નાયક તરીકે પણ આચાર્યને કેટલીક જવાબદારી વહન કરવાની હોય છે. તેમા સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાનો સમાવેશ થાય છે. સાધુક્રિયામાં તત્પર થયેલાને ભૂલ થયે તેની યાદ આપવી, એ સારણા છે, ખોટી ક્રિયા કરનારને રોકવો એ વારણા છે, પ્રેરણા કરીને સાધુઓને ક્રિયામાં તત્પર કરવા એ ચોયણા છે, અને જરૂર પડયે આકરા શબ્દો કહીને કે વારંવાર પ્રેરણા કરીને પ્રમાદી સાધુઓનો પ્રમાદ ઉડાડવો અને તેમને સત્‌ક્રિયામા જોડવા, એ પડિચોયણા છે, આ રીતે શિષ્યોનું હિત કરવાથી તેઓ ગુરુપદને સાર્થક કરે છે.

આચાર્યની આધ્યાત્મિક યોગ્યતા માટે નીચેના ૩૬ ગુણો આવશ્યક મનાયા છે.:

પાંચ ઇન્દ્રિયોના વિષયોને જિતવા એ ૫ ગુણ
બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરવું એ ૯ ગુણ

ક્રોધાદિ ચાર કષાયોને જિતવા	એ	૪ ગુણ
પાંચ મહાવ્રતોનું પાલન કરવું	એ	૫ ગુણ
પાંચ આચારોનું પાલન કરવું	એ	૫ ગુણ
પાંચ સમિતિઓનું પાલન કરવું	એ	૫ ગુણ
ત્રણ ગુપ્તિઓનું પાલન કરવું	એ	૩ ગુણ
		કુલ ૩૬ ગુણ

આવા ગુણવાન બનીને શાસનની સેવા કરવામાં સદા તત્પર હોવા આચાર્ય ભગવંતનું વંદન-પૂજન કરવાથી તથા બીજી રીતે ભક્તિ કરવાથી આપણામાં આધ્યાત્મિક ગુણો પ્રકટે છે અને તે મોક્ષપ્રાપ્તિમાં ઘણા સહાયક બને છે, તેથી જ તેમને નવપદમાં ખાસ સ્થાન અપાયેલું છે. આપણે અનન્ય શ્રદ્ધા પૂર્વક તેમની આરાધના કરી જીવનને ઉજાળીએ.

૪–ઉપાધ્યાયપદ

જિનશાસનમાં ઉપાધ્યાયનું સ્થાન પણ ઘણું મહત્ત્વનું ગણાય છે, કારણ કે તીર્થંકર ભગવાનના ઉપદેશની અને [illegible] ભગવંતોના પ્રવચનની જે [illegible], [illegible]

[illegible]

પદ્ધતિ પચીસ ગુણો વડે ઉપાધ્યાયને ઓળખવાની છે, તે પણ અહીં જાણી લઈએ.

૧૧ અંગશાસ્ત્રો ભણે અને ભણાવે	તે	૧૧ ગુણ.
૧૨ ઉપાંગશાસ્ત્રો ભણે અને ભણાવે	એ	૧૨ ગુણ.
ચરણસિત્તરી પાળે	એ	૧ ગુણ
કરણસિત્તરી પાળે	એ	૧ ગુણ
		કુલ ૨૫ ગુણ

અગિયાર અંગસૂત્રોનાં નામો આ પ્રમાણે જાણવા:

(૧) આચાંરાગ.
(૨) સૂત્રકૃતાંગ.
(૩) સ્થાનાંગ
(૪) સમવાય ગ
(૫) વિવાહ પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)
(૬) જ્ઞાતાધર્મકથાગ.
(૭) ઉપાસકદશા ગ
(૮) અંતકૃતદશાગ
(૯) અનુત્તરોપપાતિક
(૧૦) પ્રશ્નવ્યાકરણ
(૧૧) વિપાકશ્રુત

બાર ઉપાંગસૂત્રોનાં નામ આ પ્રમાણે જાણવા

(૧) ઓવવાઈય
(૨) રાયપસેણિય
(૩) જીવાજીવાભિગમ
(૪) પણ્ણવણા
(૫) સૂરપણ્ણત્તિ
(૬) જંબુદ્દીવપણ્ણત્તિ
(૭) ચ દપણ્ણત્તિ
(૮) નિરયાવલિયા
(૯) કપ્પવડંસિયા
(૧૦) પુપ્ફિયા
(૧૧) પુપ્ફચૂલિયા
(૧૨) વણ્હિદસા

ચરણસિત્તરી એટલે ચારિત્રને લગતા ૭૦ બોલ. તેની ગણના આ પ્રમાણે થાય છે:

वय-समणधम्म-संजम-वेयावच्चं च बंभगुत्तिओ ।
नाणाइतिअं तव-कोहनिग्गहाई चरणमेअं ॥

વ્રતો-મહાવ્રતો	૫ પ્રકારના
શ્રમણધર્મ	૧૦ પ્રકારનો.
સંયમ	૧૭ પ્રકારનો.
વૈયાવૃત્ય	૧૦ પ્રકારનું.
બ્રહ્મચર્યની ગુપ્તિઓ	૯ પ્રકારની.
જ્ઞાનાદિત્રિક (જ્ઞાન-દર્શન-ચારિત્ર)	૩ પ્રકારના
તપ	૧૨ પ્રકારનું.
નિગ્રહ ક્રોધાદિનો	૪ પ્રકારનો
કુલ	૭૦

આનો અર્થ એટલો સમજવાનો કે તેઓ ૭૦ પ્રકારનું ચારિત્ર પાળે છે.

કરણસિત્તરી એટલે ક્રિયાને લગતા ૭૦ બોલ. તેની ગણના આ પ્રમાણે થાય છે:

पिंडविसोही समिई, भावण-पडिमा य इंदिय-निरोहो ।
पडिलेहण गुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥

પિંડવિશુદ્ધિ	૪ પ્રકારની.
સમિતિ	૫ પ્રકારની.

ભાવનાઓ	૧૨ પ્રકારની.
પ્રતિમાઓ	૧૨ પ્રકારની.
ઈન્દ્રિયનિરોધ	૫ પ્રકારનો.
પ્રતિલેખના	૨૫ પ્રકારની.
ગુપ્તિઓ	૩ પ્રકારની.
અભિગ્રહો	૪ પ્રકારના.
કુલ	૭૦

આનો અર્થ એટલો સમજવાનો કે તેઓ શ્રમણને યોગ્ય ક્રિયાઓ કરવામાં પણ અતિ કુશલ હોય છે.

ટૂંકમાં જેઓ ચારિત્રશીલ, ક્રિયાનિપુણ અને શાસ્ત્રના પારગામી હોય છે તથા સાધુઓને શાસ્ત્રોનો સ્વાધ્યાય ઉત્સાહપૂર્વક કરાવે છે, તેમને ઉપાધ્યાય કહેવાય છે. તેઓ જિનશાસનને જયવંત રાખવામાં અગત્યનો ભાગ ભજવતા હોઈ સદા–સર્વદા વંદવા યોગ્ય, પૂજવા યોગ્ય તથા આરાધવા યોગ્ય છે.

૫–સાધુપદ

સાધુપદનો–સાધુ અવસ્થાનો સ્વીકાર કર્યા વિના અરિહંત થવાતું નથી, સિદ્ધ થવાતું નથી, આચાર્ય થવાતું નથી તથા ઉપાધ્યાય પણ થવાતુ નથી, તે પરથી સાધુપદનું મહત્ત્વ સમજી શકાશે.

શ્રમણ ભગવાન મહાવીરે ત્રીશ વર્ષની યુવા વયે

સંસારનો ત્યાગ કરી સાધુ અવસ્થા સ્વીકારી અને તેનું યથાર્થ પાલન કર્યું તો સાડા બાર વર્ષ અને એક પક્ષના અંતે તેઓ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી અર્હત્ બની શક્યા. અન્ય તીર્થંકરોના જીવનમાં પણ આમ જ બન્યું છે. પંચકલ્યાણકમાં ત્રીજું દીક્ષા કલ્યાણક માનવાનું કારણ પણ એ જ છે કે દરેક તીર્થંકર સંસારનો ત્યાગ કરી સાધુજીવનનો અવશ્ય સ્વીકાર કરે છે.

સિદ્ધ થવા માટે પણ મુખ્ય ભૂમિકા સાધુપણાની છે. કેટલાક આત્માઓ અત્યંત ભાવશુદ્ધિને કારણે ગૃહસ્થલિંગમાં પણ સિદ્ધ થયા છે ખરા, પણ તેમની સંખ્યા નહિવત્ છે. મુખ્ય માર્ગ તો ઉપર જણાવ્યું તેમ સાધુજીવનના સ્વીકારનો જ છે.

ઉપાધ્યાય અને આચાર્ય બનવા માટે પણ પ્રથમ સાધુપદનો સ્વીકાર કરવો પડે છે અને તેમાં પ્રગતિ કરતાં જ ઉપાધ્યાય અને આચાર્યપદની પ્રાપ્તિ થાય છે. પંચ પદ પરમેષ્ઠિનો પાયો સાધુપદ છે. તેથી જ તેને મંગલ, લોકોત્તમ અને શરણ કરવા યોગ્ય માનવામાં આવ્યું છે : साहू मंगलं । साहू लोगुत्तमा । साहू सरणं पवज्जामि ।

[illegible] પ્રતિષ્ઠા [illegible]

કરે છે, તે સાધુ.' આનો અર્થ એ થયો કે સાધુજીવન એ સાધનાપ્રધાન જીવન છે. આ જીવન તેણે એવી રીતે જીવવું જોઈએ કે જેથી પોતાનું કલ્યાણ થાય અને બીજાઓનું પણ કલ્યાણ થાય. મોક્ષનું અનુષ્ઠાન એટલે મોક્ષને લગતી ક્રિયાઓ તે મુખ્યત્વે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ રૂપ જાણવી. તાત્પર્ય કે જે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધના કરી પોતાનું કલ્યાણ સાધે છે અને અન્ય જીવોને તેનો ઉપદેશ કરીને તથા તેમા જોડીને તેમનું પણ કલ્યાણ કરે છે, તેમને સાધુ જાણવા.

સંસારની આસક્તિનો ત્યાગ કરી, ગુરુશરણે જઈ, પાંચ મહાવ્રતનો સ્વીકાર કરવો એ સાધુજીવનની દીક્ષા છે. તેમના ૨૭ ગુણો આ પ્રમાણે મનાય છે:

પાંચ મહાવ્રતો પાળે	એ ૫ ગુણ
રાત્રિભોજનનો ત્યાગ કરે	એ ૧ ગુણ.
છ કાયના જીવોની રક્ષા કરે	એ ૬ ગુણ.
પાંચ ઇન્દ્રિયો પર સંયમ રાખે	એ ૫ ગુણ.
ત્રણ ગુપ્તિનું પાલન કરે.	એ ૩ ગુણ.
લોભ રાખે નહિ	એ ૧ ગુણ.
ક્ષમા ધારણ કરે	એ ૧ ગુણ.
ચિત્તને નિર્મલ રાખે	એ ૧ ગુણ
વસ્ત્રાદિની શુદ્ધ પડિલેહણા કરે	એ ૧ ગુણ.
સંયમમા રહે	એ ૧ ગુણ

પરિષહો સહન કરે	એ ૧ ગુણ
ઉપસર્ગો સહન કરે	એ ૧ ગુણ.
	કુલ ૨૭ ગુણ

તાત્પર્ય કે સાધુ સદાચારી, પરમ પવિત્ર અને અતિ ગુણવાન હોય છે, તેથી તેમનું દર્શન પણ મહામંગલકારી મનાયેલું છે. પછી તેમના પૂજન-આરાધનનું તો કહેવું જ શું? ભવભીરુ મુમુક્ષુ આત્માઓએ તેમનું આરાધન અવશ્ય કરવું જોઈએ.

વિસ્તાર છે, તેથી ઇચ્છનીય એ છે કે આપણે આ ચાર ગુણો પર ખાસ લક્ષ્ય આપી તેની અનન્યમને આરાધના કરીએ.

'ચાર ગુણોમા પહેલું સ્થાન દર્શનને શા માટે? 'તેનો ઉત્તર એ છે કે 'પ્રથમ દર્શનગુણનો વિકાસ થયા પછી જ બીજા ગુણોનો વિકાસ થાય છે, એટલે પહેલું સ્થાન દર્શનને આપ્યું છે.

૬–દર્શન

દર્શનનો સામાન્ય અર્થ તો 'જોવાની ક્રિયા' એવો થાય છે, પણ શાસ્ત્રીય પરિભાષામાં તત્ત્વોની શ્રદ્ધાને જ દર્શન કહેવામા આવે છે. અહીં દર્શનથી સમ્યગ્ દર્શન જ સમજવાનું છે કે જેને સમ્યકત્વ પણ કહેવામા આવે છે. ગુજરાતી ભાષામાં તે માટે સમકિત શબ્દનો પ્રયોગ પણ થાય છે.

તત્ત્વો ત્રણ છેઃ દેવ, ગુરુ અને ધર્મ. વધારે સ્પષ્ટ કહીએ તો સુદેવ, સુગુરુ અને સુધર્મ. દેવોની પરીક્ષા કરતાં અરિહંત સુદેવ સિદ્ધ થયા છે, ગુરુઓની પરીક્ષા કરતાં નિર્ગ્રંથ મુનિઓએ સુગુરુની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી છે અને ધર્મોની પરીક્ષા કરતા શ્રી જિનેશ્વર દેવોએ કહેલો ધર્મ સુધર્મ પુરવાર થયેલો છે, એટલે અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને જિનેશ્વરદેવના કહેલા ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધાન્વિત થવું, એ સમ્યગ્દર્શન કે સમ્યકત્વનું મુખ્ય સ્વરૂપ છે.

જૈન ધર્મમાં નવતત્ત્વોની પણ પ્રસિદ્ધિ છે. જેમકે–

ત્યારે તેમને અષ્ટાદશ દોષરહિત અરિહંત સુદેવ લાગે છે, તે પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ મુનિઓ સુગુરુ ભાસે છે અને શ્રીજિનેશ્વરદેવોએ કહેલો અહિંસા-સંયમ-તપોમય ધર્મ સુધર્મ ભાસે છે કે જેને સમ્યક્ત્વની સ્પર્શના કહેવામાં આવે છે. આવા આત્માઓનો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્ત સમયમાં ભવનિસ્તાર જરૂર થાય છે. સમયનું આ પ્રમાણ ઘણું મોટું છે, પણ આત્મગુણોનો પરિપૂર્ણ વિકાસ કરતાં એટલો સમય લાગી જાય છે. જો આ ગુણોનો વિકાસ કરવાની તાલાવેલી લાગે અને સત્સંગ, સ્વાધ્યાય, જપ, ધ્યાન વગેરેનો આશ્રય લેવામાં આવે તો થોડા વખતમાં પણ તેનો પરિપૂર્ણ વિકાસ સાધી શકાય છે.

સમ્યક્ત્વને ધર્મરૂપી વૃક્ષનું મૂલ માનવામાં આવ્યું છે, કારણ કે સમ્યક્ત્વ દૃઢ હોય, મજબૂત હોય તો ધર્મભાવના દૃઢ-મજબૂત રહે છે અને જો તે ડગમગતું હોય કે ટળી ગયું હોય તો ધર્મભાવના ઢીલી પડી જાય છે અને આખરે નાશ પામે છે.

સમ્યક્ત્વને ધર્મરૂપી નગરમાં પ્રવેશ કરવાનો દરવાજો કહેવામાં આવ્યો છે, કારણ કે તેની પ્રાપ્તિ થઈ હોય તો ક્રમે ક્રમે ધાર્મિક વિકાસ થઈ શકે છે, અન્યથા તે અસંભવિત બને છે.

શાસ્ત્રકારોએ સમ્યક્ત્વનું મહત્ત્વ સમજાવવા માટે સમ્યક્ત્વને એકડાની ઉપમા આપી છે અને બીજા ગુણોને

મીંડાની ઉપમા આપી છે. જો એકડો હોય તો મીંડાનું મૂલ્ય ઘણું, દરેક પગથિયે દશ દશ ગણું વધતું જાય. પણ એકડો ન હોય તો એ મીંડાનું કંઈ મૂલ્ય નથી. જેમ 0000000000 આ રીતે ગમે તેટલા મીંડા મૂક્યે જાઓ તો શું એનું કંઈ મૂલ્ય દેખાશે ખરું? તાત્પર્ય કે સમ્યક્ત્વ હોય તો જ્ઞાન, ચારિત્ર અને તપનું મૂલ્ય ઘણું છે. અને સમ્યક્ત્વ ન હોય તો જ્ઞાન, ચારિત્ર તથા તપનું મૂલ્ય કંઈ નથી. આ પરથી સમ્યક્ત્વનું મહત્ત્વ સમજી શકાશે.

અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'સમ્યક્ત્વ રત્નાન્ન પરં હિ રત્નમ્—આ જગતમાં સમ્યક્ત્વ રત્ન કરતાં કોઈ મોટું રત્ન નથી.' અન્ય રત્નોની કિંમત લાખો-કરોડોની આંકવામાં આવે, પણ આ રત્નનું તો કોઈ મૂલ્ય જ નથી. શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહર સ્તોત્રમાં તેને ચિંતામણિ [illegible] કરતાં પણ અધિક ગણ્યું છે. કારણ કે તેના વડે [illegible] સ્થાનની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

[illegible] સમ્યક્ત્વ રત્ન પ્રાપ્ત [illegible] [illegible] દુર્ગતિ ન થાય [illegible] [illegible]

સાંભળી સમ્યકત્વપૂર્વક શ્રાવકનાં વ્રતો ગ્રહણ કર્યાં હતાં. એ વ્રતોનું તે બરાબર પાલન કરતો હતો, પણ એક યા બીજા કારણે તેને નિર્ગ્રંથ મુનિઓનો સહવાસ છૂટી ગયો અને બૌદ્ધ શ્રમણોનો વિશેષ પરિચય થવા લાગ્યો. આથી તેની શ્રદ્ધા બદલાઈ ગઈ. વધારે સ્પષ્ટ કહીએ તો એ ભગવાન મહાવીરના સમ્યકત્વથી ભ્રષ્ટ થયો અને તેમણે આપેલા વ્રત-નિયમો છૂટી ગયા. અત્યાર સુધી આત્મશુદ્ધિ એ એનું લક્ષ્ય હતુ, તેના સ્થાને લોકસેવાની વૃત્તિ જાગી અને તે સાથે લોકૈષણા પણ જાગી. તેણે રાજગૃહી નગરીની બહાર ઘણું ધન ખર્ચીને ચાર મુખવાળી એક વાવ બનાવી. તેની આસપાસ એક સુદર બગીચો બનાવ્યો અને તેની ચાર દિશામાં ચાર શાલાઓ સ્થાપી કે જેમાં પ્રવાસીઓ માટે હજામત કરાવવાની, ચંપી-માલીશ કરાવવાની, ન્હાવા-ધોવાની, ભોજન કરવાની, આરામ કરવાની તથા ઔષધિ વગેરેની સગવડ રાખી, આથી તેની લોકપ્રિયતા વધી અને તે વાવ પર વિશેષ ધ્યાન આપવા લાગ્યો. 'શું અત્યાર સુધીમાં આવી સુદર વાવ કોઈએ બંધાવી હશે ખરી? અને તેમાં આ પ્રકારની સગવડો રાખી હશે ખરી? ખરેખર! મારા હાથે આ એક ઘણું મોટું કામ થયું છે.' આ પ્રકારના વિચારો કરતાં તેને એ વાવ પર ખૂબ મમત્વ બંધાયું અને મરણની ઘડીઓ ગણાવા લાગી, ત્યારે પણ તેને એ વાવ નજર સમક્ષ તરવા લાગી. આ રીતે અંત સમયે વાવની લેશ્યા રહી જવાથી તે મરણ પામીને એ જ વાવમા દેડકા રૂપે ઉત્પન્ન થયો અને કાલ નિર્ગમન કરવા લાગ્યો.

એવામાં ભગવાન મહાવીર રાજગૃહીની બહાર [illegible] ઉદ્યાનમાં સમવસર્યા. નગરના લોકો તેમનાં દર્શન કરવાને ઉપડ્યા. શ્રેણિક રાજા પણ સવારી કાઢી તેમનાં દર્શને ગયા. આ વખતે વાવ પર એકઠા થયેલા લોકો ભગવાન મહાવીરના આગમનની વાતો કરવા લાગ્યા તેમાંથી [illegible] નાગમાના પેલા દેડકાને પૂર્વના [illegible] આને તેને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત [illegible] પૂર્વભવનો [illegible] તેની [illegible] [illegible]

સાચું જ્ઞાન મળ્યું કહેવાય. આવું જ્ઞાન અંતરના અંધારાં ઉલેચી નાખે, તત્ત્વનો પ્રકાશ ઝળહળતો કરે અને દિવ્ય જીવનની ઝાંખી કરાવે.

જૈન શાસ્ત્રોએ તો 'ज्ञानस्य फलं विरति.' એ સૂત્ર વડે સ્પષ્ટ એલાન કર્યું છે કે જેને પ્રાપ્ત કરવાથી વિરતિ–એટલે વ્રત–નિયમ લેવાની ભાવના જાગે તેને જ જ્ઞાન સમજવું. આનો ફલિતાર્થ એ છે કે તે સિવાયનું બાકી બધું અજ્ઞાન સમજવું. 'सा विद्या या विमुक्तये' એ સૂત્રમાં પણ આવો જ ભાવ રહેલો છે. જેનાથી મુક્તિ મળે તે જ વિદ્યા સમજવી. અહીં વિદ્યા શબ્દ જ્ઞાનના અર્થમાં વપરાયેલો છે.

જૈન શાસ્ત્રોએ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ પ્રકારના જ્ઞાનો માનેલા છે. તેમાં જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનની સહાયથી થાય, તે મતિજ્ઞાન અને શબ્દના નિમિત્તથી થાય, તે શ્રુતજ્ઞાન. બધા મનુષ્યોને આ બે પ્રકારનું જ્ઞાન હોય છે, તેથી જ તેઓ સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દનું જ્ઞાન મેળવી શકે છે તથા અક્ષરબોધ પણ કરી શકે છે. આપણે શાસ્ત્રો, ગ્રંથો કે પુસ્તકો વાંચીને જે જ્ઞાન મેળવીએ છીએ, તે શ્રુતજ્ઞાન કહેવાય, કારણ કે તે શબ્દના નિમિત્તથી થયેલું જ્ઞાન છે.

અવધિ, મનઃપર્યવ અને કેવલ એ લબ્ધિજન્ય જ્ઞાનો છે, એટલે કે પ્રયત્નવિશેષથી પ્રાપ્ત થાય છે. તેમા

રૂપી દ્રવ્યોનું અમુક ક્ષેત્ર અને અમુક કાલની મર્યાદાવાળું જે જ્ઞાન થાય છે. તેને અવધિજ્ઞાન કહેવાય છે. અન્યના મનો-ભાવોનું સામાન્ય કે વિશિષ્ટ જ્ઞાન થાય છે. તેને મનઃપર્યવ જ્ઞાન કહેવાય છે અને જેના વડે ભૂત, વર્તમાન, ભવિષ્ય એ ત્રણેય કાળના સર્વ પદાર્થોના સર્વ ભાવોનું જ્ઞાન થાય. તેને કેવલજ્ઞાન કહેવાય છે

અહીં એ સ્પષ્ટતા કરી દઈએ કે [illegible] પહેલાં મનુષ્યને જે જ્ઞાન હોય છે, તેને મિથ્યાજ્ઞાન [illegible] જ્ઞાન લેખવામાં આવે છે. [illegible] તે [illegible] નથી, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી [illegible] જ્ઞાન લેખવામાં આવે છે, કારણ કે તે [illegible] ઉપકારક બને છે

(૩) **સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત**–માલીકે રાજી ખુશીથી નહિ આપેલી મોટી વસ્તુ લેતાં અટકવાનું વ્રત.

(૪) **સ્વદારાસંતોષવ્રત**–પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ રહેવાનું વ્રત.

(૫) **પરિગ્રહપરિમાણવ્રત**–પરિગ્રહનું માપ રાખવાને લાગતું વ્રત. ધન, ધાન્ય, સોનું, રૂપું, ખેતર, જમીન, મકાન, ઢોરઢાંખર વગેરે પરિગ્રહ કહેવાય છે.

આ પાંચ વ્રતોને અણુવ્રત કહેવામાં આવે છે, કારણ કે મહાવ્રતની અપેક્ષાએ તે અણુ એટલે નાના છે.

(૬) **દિક્‌પરિમાણવ્રત**–અમુક દિશામાં અમુક અંતરથી વધારે દૂર ન જવાનુ વ્રત.

(૭) **ભોગોપભોગપરિમાણવ્રત**–ભોગ અને ઉપભોગની સામગ્રીઓનું માપ કરવાનું વ્રત જે એકવાર ભોગવી શકાય તે ભોગ કહેવાય અને જે વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ કહેવાય.

(૮) **અનર્થદંડવિરમણવ્રત**–ખાસ પ્રયોજન વિના થતી પ્રવૃત્તિઓમાંથી અટકવાનું વ્રત.

આ ત્રણ વ્રતોને ગુણવ્રત કહેવામા આવે છે, કારણ કે તે અહિંસાદિ મૂલગુણોની પુષ્ટિ કરનારા છે.

(૯) **સામાયિકવ્રત**–આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ૪૮ મીનીટ સુધી એક આસને સમભાવે બેસવાનું વ્રત.

(૧૦) દેશાવકાશિકવ્રત—કોઈ પણ વ્રતમાં રાખેલી છૂટોને મર્યાદિત કરી એક સ્થાનમાં રહેવાનું વ્રત તેમ સામાન્ય રીતે ચૌદ નિયમોની ધારણા કરવામાં આવે છે.

(૧૧) પૌષધોપવાસવ્રત—પર્વતિથિએ ઉપવાસ કરી પૌષધમાં રહેવાનું વ્રત

(૧૨) અતિથિસંવિભાગવ્રત [illegible] આહાર-પાણી વહોરાવવાનું વ્રત

આ બાર વ્રતોને [illegible] કરવામાં [illegible] તે શાસ્ત્રજ્ઞાનની રીતે જાણવા છે

તપના બે પ્રકારો છે: એક બાહ્ય, બીજો અભ્યંતર. તેમાં જે તપ શરીરની વિશેષ શુદ્ધિ કરે તે બાહ્ય તપ કહેવાય છે અને જે તપ અંતરની–મનની વિશેષ શુદ્ધિ કરે તે અભ્યંતર તપ કહેવાય છે. બાહ્ય તપથી મનની પણ કેટલાક અંશે શુદ્ધિ થાય છે અને અભ્યંતર તપથી શરીરની પણ કેટલાક અંશે શુદ્ધિ થાય છે, પણ મુખ્યતાએ ઉપર પ્રમાણે સમજવાનું છે.

કેટલાક એમ માને છે કે જૈન ધર્મમાં કાયિક તપ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે, પણ તપના આ બે પ્રકારો જોતાં તેમની એ માન્યતા નિરાધાર ઠરે છે. વાસ્તવમા જૈન ધર્મે કાયશુદ્ધિ અને મન શુદ્ધિ બંનેને મહત્ત્વ આપ્યુ છે.

બાહ્યતપના છ પ્રકારો મનાયેલા છે, તે આ પ્રમાણે:

(૧) **અણસણ**–આહાર–પાણીનો અમુક વખત સુધી ત્યાગ કરવો તે. ઉપવાસ, આયંબિલ, એકાસણું વગેરે આ પ્રકારનું તપ છે.

(૨) **ઊનોદરિકા**–ભૂખ કરતાં થોડું ઓછું જમવું તે.

(૩) **વૃત્તિસંક્ષેપ**–ભોજનની વસ્તુઓમાં ઘટાડો કરવો તે.

(૪) **રસત્યાગ**–રસ એટલે વિકૃતિ–વિગઇ. તેના મુખ્ય પ્રકારો દશ છે (૧) મધ, (૨) મદિરા, (૩) માખણ, (૪) માંસ, (૫) દૂધ, (૬) દહીં, (૭) ઘી, (૮) તેલ, (૯) ગોળ અને (૧૦) પકવાન્ન, તેમાંથી પહેલી ચાર મહાવિગઇ હોવાથી

સર્વથા ત્યાજ્ય છે અને બાકીની વિગઈઓનો શક્તિ અનુસાર ત્યાગ કરવાનો હોય છે.

(૫) કાયક્લેશ-વીરાસન, ગોદોહિકાસન, [illegible] વગેરે આસનો ગ્રહણ કરીને કાયાને કષ્ટ આપવું તે. [illegible] ઉઘાડા માથે, ઉઘાડા પગે ચાલવું અને [illegible] સહન કરી લેવા તે

(૬) સંલીનતા-પ્રવૃત્તિઓને ઘટાડી [illegible] રાખવું તે.

આભ્યંતર તપના પણ છ પ્રકાર બતાવેલા [illegible] આ પ્રમાણે

(૧) પ્રાયશ્ચિત્ત [illegible] લાગેલી ભૂલોના [illegible] તે માટે યોગ્ય [illegible] લેવા [illegible] વિનય [illegible]

આરાધના કરીએ તો થાય છે, ન કરીએ તો થતી નથી, એટલે કે તે આપણા પ્રયાસ–પ્રયત્ન–પુરુષાર્થને આધીન છે. પણ એ પુરુષાર્થ પ્રકટે ક્યારે? તે માટે આળસને છોડવી જોઇએ, પ્રમાદનો પરિહાર કરવો જોઈએ અને ચિત્તમાં ઉત્સાહ પ્રકટાવવો જોઈએ, પણ આપણી સ્થિતિ તો બે વટેમાર્ગુ જેવી છે.

બે વટેમાર્ગુ

બે વટેમાર્ગુ આરામ લેવા માટે બોરડીના ઝાડ નીચે સૂતા હતા. એવામાં બોરડી પરથી ત્રણ પાકેલાં સરસ બોર એક વટેમાર્ગુની છાતી પર પડયાં. તેણે બીજાને કહ્યું 'અરે ભાઇ! આ બોર અહીંથી ઉપાડીને મારા મુખમાં મૂક. મને તે ખાવાની તલપ થઈ છે.' પરંતુ બીજાએ કહ્યુ: 'ઉંહ! મને ઊંઘ આવે છે. એ કામ મારાથી બની શકશે નહિ. એ બોર તું જ ત્યાંથી ઉપાડીને મારા મુખમાં મૂક ને!' પેલાએ કહ્યું: 'જો એમ બની શકે એવું હોત તો હું તને કહેત જ નહિ. ખરેખર! તું આળસુ બની ગયો છે.'

તેઓનો આ પ્રકારનો વાદવિવાદ ચાલતો હતો, ત્યાં પાસેના માર્ગમાંથી એક ઊંટવાળો પસાર થયો. તેને જોઈ પેલાએ કહ્યુ: 'એ ભાઈ ઊંટવાળા! જરા થોભ અને નીચો ઉતર.' ઊંટવાળાએ કહ્યુ: 'એવું તે શું કામ છે? મારે જલ્દી બીજે ગામ પહોંચવાનું છે.' પેલાએ કહ્યું: 'કામ ઘણું અગત્યનું છે. મારી છાતી પર ત્રણ પાકાં બોર પડયાં

છે, ને આજ ભોંયામાં મૂક્યા છે.'' [illegible] 'વિદૂષક' નું બોલવા માટે અને [illegible] છે, તો તું પોતે એને જાણી પછી [illegible] કેમ નથી? એ તો થોડી [illegible] અને તે [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible]?

જ પ્રાપ્ત થાય છે. તેથી આ ભવમાં જ સધાય એટલુ સાધવું, આરાધાય એટલું આરાધી લેવું, એ ડહાપણભરેલો માર્ગ છે.

આરાધના માટે ખરી તૈયારી તો મનની જ કરવાની છે. મનમાં ઉત્સાહ જાગ્યો, ઇચ્છા ઉદ્ભવી અને દૃઢ સંકલ્પે સ્થાન લીધું કે મોટું કામ થયું સમજો. તે પછી બીજી તૈયારીઓ આસાનીથી થઈ જવાની.

નવપદના આરાધક માટે શાસ્ત્રકારોએ કેટલીક સૂચનાઓ આપી છે, તે પાઠકોએ લક્ષ્યમાં લેવા જેવી છે. સિરિસિરિવાલકહામાં કહ્યુ છે કે—

खंतो दंतो संतो, एयस्साराहगो नरो होइ।
जो पुण विवरीयगुणो, एयस्स विराहगो सो उ ॥२१२॥

'જે મનુષ્ય ક્ષાંત એટલે ક્ષમાને ધારણ કરનારો, દાંત એટલે ઈન્દ્રિયોને જિતનારો અને શાંત એટલે માનસિક વિકારોથી રહિત હોય, તે નવપદનો આરાધક બની શકે છે. તેથી વિપરીત ગુણવાળો એટલે કામ-ક્રોધથી યુક્ત મનુષ્ય તેનો આરાધક તો બની શકતો નથી, પણ વિરાધક જરૂર બને છે.'

तम्हा एयस्साराहगेण एगंत संत चित्तेणं ।
निम्मलसीलगुणेणं, मुणिणा गिहिणा वि होयव्वं ॥२१३॥

'તેથી આ નવપદના આરાધકે-પછી તે મુનિ હોય કે

[illegible]

[illegible]

जो [illegible] विणो, पच्चक्खाणाणि [illegible] ।
[illegible] एवं, [illegible] ॥

[illegible]

जो पुण पच्चक्खाणाणि [illegible] ।
[illegible] विरयं, [illegible] ॥

[illegible]

૧૬ કમલદલમાં મુખ્યત્વે વર્ણમાતૃકાની સ્થાપના થયેલી છે અને સપ્તાક્ષર મંત્ર તેની વચ્ચે વિરાજે છે. વર્ણમાતૃકા એટલે વર્ણોનો સમૂહ, અક્ષરોનો સમુદાય. અહીં માતૃકા શબ્દનો પ્રયોગ કરવાનું કારણ એ છે કે તે શબ્દો અને વાક્યોરૂપી ભાષાને જન્મ આપે છે કે જેનાથી શાસ્ત્રોની રચના થયેલી છે અને જગતનો વ્યવહાર ચાલે છે.

ઘડીભર કલ્પના કરો કે તમારી પાસે કોઈ પ્રકારની ભાષા નથી, તો તમારી હાલત શું થાય? તમારો ખાન-પાન, આદિ કોઈ વ્યવહાર ચાલી શકે ખરો? બાળકને બોલતાં આવડતું નથી, એટલે પોતાનો મનોભાવ ચેન-ચાળા કે રૂદનથી વ્યક્ત કરે છે. આમ છતાં તેની વાત પૂરી તો સમજાતી નથી. એક બાળકે રડવાનું શરૂ કર્યું. તેની માતાએ તેને તેડ્યું, હેરવ્યું-ફેરવ્યુ, ઘણાં રમકડાં બતાવ્યાં, ગીતો ગાયાં પણ તે કોઈ રીતે છાનું રહે નહિ. અમે તેની નજીકમાં રહેતા હતા અને એ વખતે વૈદકનું કામ કરતા હતા. એટલે એ બાળકને તેડી અમારી પાસે લાવ્યા. અમે તેને જોઈને કહ્યું : 'આને પેટમાં આંકડી આવે છે, પણ દવાથી હમણાં જ સારું થઈ જશે.' પછી મહાશંખવટીની અર્ધી ગોળી પાણીમાં આપી કે એ બાળક શાંત થઈ ગયું અને ઘોડિયામાં પણ ઊંઘવા લાગ્યું. તાત્પર્ય કે ભાષા વિના ભાવ વ્યક્ત થઈ શકતા નથી અને કોઈ વ્યવહાર બરાબર ચાલી શકતો નથી.

[illegible]

વર્ગ કહેવામાં આવે છે. તેમાં च छ ज झ ञ એ પાંચ વર્ણોનો સમાવેશ થાય છે.

ચોથો વર્ગ ट થી શરૂ થાય છે, એટલે તેને ट વર્ગ કહેવામાં આવે છે. તેમા ट ठ ड ढ ण એ પાંચ વર્ણોનો સમાવેશ થાય છે.

પાંચમો વર્ગ त થી શરૂ થાય છે, એટલે તેને त વર્ગ કહેવામાં આવે છે. તેમા त थ द ध न એ પાંચ વર્ણોનો સમાવેશ થાય છે.

છઠ્ઠો વર્ગ प થી શરૂ થાય છે, એટલે તેને प વર્ગ કહેવામા આવે છે. તેમા प फ ब भ म એ પાંચ વર્ણોનો સમાવેશ થાય છે.

સાતમો વર્ગ य થી શરૂ થાય છે, એટલે તેને य વર્ગ કહેવામાં આવે છે, તેમાં य र ल व એ ચાર વર્ણોનો સમાવેશ થાય છે.

આઠમો વર્ગ श થી શરૂ થાય છે, એટલે તેને श વર્ગ કહેવામાં આવે છે. તેમાં श ष स ह એ ચાર વર્ણોનો સમાવેશ થાય છે.

આ રીતે अ થી શરૂ થયેલી વર્ણમાતૃકા ह માં પર્યવસાન પામે છે.

અહીં તમને કદાચ પ્રશ્ન થશે કે 'શ્રી સિદ્ધચક્ર જેવા મહાયંત્રમાં વર્ણમાતૃકાના અષ્ટવર્ગને સ્થાપવાની જરૂર શી?'

તેનો ઉત્તર એ છે કે આ વર્ણમાતૃકાનું [illegible]ધ્યાન [illegible] [illegible]માગમના પાઠમાંથી થાય છે. કહ્યું છે કે

इमां प्रसिद्धसिद्धान्तप्रसिद्धां वर्णमातृकाम् ।
ध्यायेद् यः स श्रुताम्भोधेः पारं ग[illegible] [illegible] ।

એક સાધકે कं खं એ બે અક્ષરોનો જપ કર્યો હતો, તેનાથી તે વીંછીનું ઝેર ઉતારી શકતો હતો. આ અમારા અનુભવની વાત છે. વળી એક સાધુએ टं અક્ષરનો જપ કર્યો હતો. તેણે એક વાર એક ગામ પર આક્રમણ કરવા આવનાર મુસલમાનોના ટોળા સમક્ષ ट टं ट એ રીતે ત્રણ વાર મંત્રોચ્ચાર કરતા તે ટોળું વિખરાઈ ગયું હતું.

મંત્રવ્યાકરણના ચતુર્થ વર્ગમા દરેક વર્ણની મંત્રશક્તિનો નીચે પ્રમાણે નિર્દેશ થયેલો છેઃ

अ–મૃત્યુનાશક છે
आ–આકર્ષણ કરનાર છે
इ–પુષ્ટિકર છે.
ई–આકર્ષણ કરનાર છે.
उ–બલ આપનાર છે
ऊ–ઉચ્ચાટન કરનાર છે.
ऋ–ક્ષોભ પમાડનાર છે.
ॠ–મોટન કરનાર છે
ऌ–વિદ્વેષણ કરનાર છે.
ॡ–ઉચ્ચાટન કરનાર છે.
ए–વશ્ય કરનાર છે
ऐ–પુરુષને વશ કરનાર છે.
ओ–લોકને વશ કરનાર છે.
औ–રાજ્યને વશ કરનાર છે.

જ—હાથીને વશ કરનાર છે.

ઝ—મૃત્યુનો નાશ કરનાર છે.

ઞ—વિષબીજ છે.

ટ—ક્ષોભબીજ છે.

ઠ—[illegible]બીજ છે.

ડ—[illegible]બીજ છે (મંત્રશાસ્ત્રમાં તેની [illegible] [illegible]બીજ નહીં [illegible].)

ઢ—[illegible]બીજ છે.

ણ—[illegible]બીજ છે [illegible] તેને [illegible] [illegible] [illegible] છે.

ત [illegible]બીજ છે. તેને [illegible] [illegible]

થ—[illegible] છે.

દ [illegible]બીજ છે [illegible] [illegible] [illegible] [illegible]

ધ [illegible]બીજ છે.

[illegible] [illegible]બીજ છે

[illegible]

ધ–સૂર્યબીજ છે અને યશ તથા સુખ આપનારું છે
ન–જ્વરબીજ છે અને જ્વરનો નાશ કરનારું છે.
પ–વીરભદ્રબીજ છે અને સર્વ વિઘ્નોનો નાશ કરનારું છે.
ફ–વિષ્ણુબીજ છે અને ધન–ધાન્યને વધારનારુ છે.
બ–બ્રહ્મબીજ છે અને રોગનો નાશ કરનારું છે.
ભ–ભદ્રકાલીનું બીજ છે અને ભૂત, પ્રેત તથા પિશાચોના ભયનું ઉચ્ચાટન કરનારું છે.
મ–માળા, અગ્નિ અને રુદ્રનું બીજ છે તથા સ્તંભન, મોટન અને વિદ્વેષણ કરનારું છે.
ય–વાયુબીજ છે અને ઉચ્ચાટન કરનારું છે.
ર–અગ્નિબીજ છે અને ઉગ્ર કર્મ કરનારું છે.
લ–ઈન્દ્રબીજ છે અને ધન, ધાન્ય તથા સંપત્તિને વધારનારું છે.
વ–વરુણબીજ છે અને વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.
શ–લક્ષ્મીબીજ છે.
ષ–સૂર્યબીજ છે.
સ–વાગ્બીજ છે અને જ્ઞાનસિદ્ધિ તથા વચનસિદ્ધિ આપનારું છે.
જ્ઞ–શિવબીજ છે. અન્યત્ર તેને ગગનબીજ પણ માનવામાં આવ્યું છે.
ક્ષ–તે પૃથ્વીબીજ અને નૃસિંહબીજ છે.

આ પ્રત્યેક વર્ણનું ધ્યાન ધરવા માટે તેના વિશિષ્ટ

[illegible] બતાવવામાં આવ્યા છે. તે પ્રમાણે [illegible] કર્મની સિદ્ધિ થાય છે [illegible] નહિ [illegible] તો આ પ્રમાણે [illegible].

[illegible]–તે [illegible] [illegible]

[illegible]

આ એક જ મંત્રના જપ-ધ્યાનાદિથી અસંખ્ય આત્માઓએ અભીષ્ટની સિદ્ધિ કરેલી છે, એટલે વર્ણમાતૃકાની સાથોસાથ તેને સ્થાન આપવામાં આવ્યું છે.

હવે અષ્ટવર્ગ તથા સપ્તાક્ષરી મંત્રની સોળ પાંખડીઓમાં શી રીતે સ્થાપના થયેલી છે, તે જોઈ લઈએ.

પ્રથમ વલયમાં જ્યાં 'ॐ ह्रीँ सिद्धेभ्यः स्वाहा' મંત્રની સ્થાપના કરેલી છે, તેની બરાબર ઉપરની પાંખડીને આપણે પહેલી ગણીએ અને તે પછી જમણા હાથે આવર્તન કરતાં જે જે પાખડીઓ આવતી જાય તેને બીજી, ત્રીજી એ પ્રમાણે ગણીએ તો એ સોળ પાંખડીમાં નીચે પ્રમાણે સ્થાપના થયેલી છે :

પ્રથમ દલમાં-अ વર્ગના વર્ણો.
બીજા દલમા-नमो अरिहंताण ।
ત્રીજા દલમાં-क વર્ગના વર્ણો.
ચોથા દલમાં-नमो अरिहंताणं ।
પાચમા દલમા-च વર્ગના વર્ણો.
છઠ્ઠા દલમા-नमो अरिहताणं ।
સાતમા દલમા-ट વર્ગના વર્ણો
આઠમા દલમા-नमो अरिहंताणं ।
નવમા દલમાં-त વર્ગના વર્ણો.
દશમા દલમાં-नमो अरिहंताणं ।
અગિયારમા દલમાં प વર્ગના વર્ણો

પહેલા દલમાં—નમો અરિહંતાણં ।
બીજા દલમાં—અ વર્ગના વર્ણો.
ત્રીજા દલમાં—નમો અરિહંતાણં ।
ચોથા દલમાં ક વર્ગના વર્ણો.
પાંચમા દલમાં—નમો અરિહંતાણં ।

આમ આઠ વર્ગના [illegible] આવે છે, [illegible]
[illegible] છે.

'હૃદયપ્રદેશમાં કર્ણિકાસહિત ચોવીશ પાંખડીનું કમલ ધારવું અને તેમાં क થી म સુધીના પચીશ અક્ષરો સ્થાપી તેનું ધ્યાન ધરવું.'

क થી म સુધીમાં પાંચ વર્ગો આવી જાય છે. તેના વર્ણોની સંખ્યા ૨૫ છે. તેમાંથી क ની કર્ણિકામા અને બીજા વ્યંજનોની દરેક પાંખડીમાં સ્થાપના કરીને તેનું ધ્યાન ધરવું.

ततो वदनराजीवे, हैमे पत्राष्टभूषिते ।
चिन्तयेच्छेपवर्णाष्टौ, यकारादीन् प्रदक्षिणम् ॥

'પછી મુખમાં સુવર્ણમય આઠ પાંખડીવાળું કમલ કલ્પીને य કારાદિ બાકીના અષ્ટ વર્ણનું ક્રમશઃ ધ્યાન ધરવું.'

આ રીતે ૧૬ + ૨૫ + ૮ = ૪૯ વર્ણોનું ધ્યાન ધરવાનો વિધિ છે, તે આપણે લક્ષ્યમાં રાખવાનો છે.

આ પ્રકારના ધ્યાનને પદસ્થ ધ્યાન કહેવામાં આવે છે.

(૧૪) ॐ ह्रीँ अर्हँ णमो बोहिबुद्धाणं–અહીં બોહિબુદ્ધ–બોધિબુદ્ધ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જેઓ ગુરુ આદિના નિમિત્તથી બોધિ એટલે સમ્યગ્દર્શન પામીને પોતાના પુરુષાર્થ વડે કેવલજ્ઞાન સુધી પહોંચે છે, તેમને બોધિબુદ્ધ કહેવાય છે. આ વસ્તુ પણ અસાધારણ શક્તિ વિના બની શકતી નથી, એટલે તેમની ગણના લબ્ધિધરોમાં થયેલી છે.

(૧૫) ॐ ह्रीँ अर्हँ णमो उज्जुमईणं–અહી ઉજ્જુમઈ–ઋજુમતિશબ્દ લબ્ધિધરનો સૂચક છે. પાંચ જ્ઞાનમા મનઃપર્યવજ્ઞાન ચોથું ગણાય છે. તેના વડે મનના ભાવો જાણી શકાય છે. હાલમા જેને ટેલીપથી (Telipathy) કહેવામા આવે છે, તે એનો કેટલોક ખ્યાલ આપે છે. આ મન·પર્યવજ્ઞાનના બે પ્રકારો છે : (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ. જેનાથી મનના ભાવોનું સામાન્ય સ્વરૂપ જણાય, તે ઋજુમતિ અને વિશેષ સ્વરૂપ જણાય તે વિપુલમતિ. આ બને પ્રકારના મન.પર્યવજ્ઞાનવાળાને અહીં લબ્ધિધર માનવામાં આવ્યા છે. બીજાના મનના ભાવો જાણવા એ ખરેખર એક પ્રકારની ઉત્તમ લબ્ધિ છે. કેટલીક વાર મત્રશક્તિ આદિથી બીજાના મનના ભાવો જાણી શકાય છે, પણ તે મન પર્યવજ્ઞાન નથી. મન પર્યવ જ્ઞાની તો સામાના મનમાં જે જે ભાવો ઉઠતા જાય તેના પ્રતિબિંબ રૂપ છે. તેની ગણના અતીન્દ્રિય જ્ઞાનમાં થયેલી છે.

શ્રી બપ્પભટ્ટિસૂરિ જેઓ સરસ્વતીના મહાન ઉપાસક

બતાવી છે, તે ખરેખર વિરલ છે. લબ્ધિધરોને ૐકાર, હ્રીઁકાર તથા અર્હં મંત્રના ઉચ્ચારણ પૂર્વક નમસ્કાર કરવો એ આદર અને બહુમાનની ઉત્કટ લાગણી વિના બની શકે નહિ. ગુણીને નમતા ગુણ આવે છે, એ ન્યાયે જેઓ આ લબ્ધિધરોને અત્યંત ભક્તિભાવથી નમે છે, તે લબ્ધિને યોગ્ય બને છે અને કાલાંતરે તેવી લબ્ધિ પામી શકે છે.

હવે બીજાં સોળ લબ્ધિપદોનો પરિચય કરીએ. તેમાંથી પણ ઘણું નવું જાણવાનું મળશે

(૧૭) ॐ ह्रीँ अर्हँ णमो दसपुव्वीण–અહીં दसपुव्वी–દશપૂર્વી શબ્દ લબ્ધિધરનો સૂચક છે. દશપૂર્વી એટલે દશ પૂર્વોનું જ્ઞાન ધરાવનાર. આ દશપૂર્વો નીચે પ્રમાણે જાણવા:–

(૧) ઉત્પાદપૂર્વ.
(૨) આગ્રાયણીપૂર્વ.
(૩) વીર્યપ્રવાદપૂર્વ.
(૪) અસ્તિપ્રવાદપૂર્વ.
(૫) જ્ઞાનપ્રવાદપૂર્વ.
(૬) સત્યપ્રવાદપૂર્વ.
(૭) આત્મપ્રવાદપૂર્વ.
(૮) કર્મપ્રવાદપૂર્વ.
(૯) પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ.
(૧૦) વિદ્યાપ્રવાદપૂર્વ.

આ પૂર્વો ઘણા મોટાં હતાં અને તેમાં જ્ઞાનનો અપૂર્વ

આ વખતે રાજાનો શોક નિવારવા માટે શ્રીભદ્રબાહુ સ્વામી રાજમહેલે ગયા અને સંસારનું સ્વરૂપ સમજાવી સાંત્વન આપ્યું. રાજાએ તેમના નિમિત્તજ્ઞાનની પ્રશંસા કરી અને સાથે એ પણ પૂછ્યું કે 'બિલાડીથી મરણ થશે, એ વાત સાચી કેમ ન પડી?' એ વખતે આચાર્યશ્રીએ આગળિયો મંગાવ્યો, તો તેના બંને છેડા પર બિલાડીનાં મોઢાં કોરેલાં હતાં. આથી રાજાને સંતોષ થયો અને તે આચાર્યશ્રીનો પરમભક્ત બન્યો.

(૨૦) ૐ હ્રીં અર્હં णमो विउव्वणइड्ढिपत्ताण–અહીં विउव्वणइड्ढिपत्त–વિકુર્વણ–ઋદ્ધિપ્રાપ્ત શબ્દ લબ્ધિધરનો સૂચક છે. વિકુર્વણઋદ્ધિ એટલે શરીરને ગમે તેટલું મોટું બનાવવાની શક્તિ. તે માટે શ્રીવિષ્ણુકુમારમુનિની વાત જાણવા જેવી છે.

મહામુનિ વિષ્ણુકુમાર

હસ્તિનાપુરના પરાક્રમી રાજા પદ્મોત્તરને જ્વાલા રાણીથી બે પુત્રો ઉત્પન્ન થયા હતા. આ બંને પુત્રો તેજસ્વી, પરાક્રમી તથા બુદ્ધિના નિધાન હતા અને કુશલ આચાર્યો પાસેથી વિદ્યા તથા કલા ગ્રહણ કરીને વિદ્યાવંત તથા કલાવંત થયા હતા. તેમાં મોટાનું નામ વિષ્ણુકુમાર હતું અને નાનાનું નામ મહાપદ્મ હતું.

એક વાર શ્રીમુનિસુવ્રતસ્વામીના હાથે દીક્ષિત થયેલા સુવ્રત નામે આચાર્ય સપરિવાર હસ્તિનાપુર પધાર્યા. તેમની

મંદરાચલ પર્વત પર જવાને સમર્થ છું, પણ પાછો આવવાને સમર્થ નથી, માટે મારું જે કર્તવ્ય હોય તે મને કહો' આથી સુવ્રતાચાર્યે કહ્યું 'તમને વિષ્ણુકુમારમુનિ પાછા લાવશે, માટે તેડવાને જાઓ.'

ગુરની આજ્ઞા થતા એ સાધુ થોડી જ વારમાં મંદરાચલ પર્વત પર પહોચી ગયા અને મહામુનિ વિષ્ણુકુમારને વંદન કરીને ઊભા રહ્યા. પછી તે મહામુનિએ આગમનનુ કારણ પૂછતાં સઘળી હકીક્ત કહી સંભળાવી, એટલે કર્તવ્યનો પ્રસંગ ઉપસ્થિત થયેલો જાણી તેઓ તે સાધુ સાથે ક્ષણ વારમા હસ્તિનાપુરમાં આવ્યા અને પોતાના ગુરુ સુવ્રતાચાર્યને વંદના કરી. પછી સકલ સાધુઓના પરિવાર સાથે તેઓ રાજસભામા ગયા. ત્યાં સહુએ તેમને વંદના કરી પણ નમુચિનું માથું નીચું નમ્યું નહિ. પરંતુ ઉદાર ચિત્તવાળા મહાપુરુષને એની થોડી જ પડી હોય છે? તેમણે કહ્યુ : 'હે બુદ્ધિમાન રાજા! આવડા મોટા નગરમા અમારા જેવા ભિક્ષુકો ભિક્ષા વૃત્તિથી રહે, એમા તમને શી હાનિ છે? વળી હાલ વર્ષા ઋતુના દિવસો ચાલી રહેલા છે, તેમા મુનિઓને વિહાર કરવો કલ્પતો નથી, માટે બધા મુનિઓ આ નગરમા ભલે રહે.'

પરંતુ સત્તાના સિંહાસન પર આરૂઢ થયેલા નમુચિએ તેનો સ્વીકાર કર્યો નહિ. મહામુનિ વિષ્ણુકુમાર અનેક લબ્ધિઓના સ્વામી હતા, છતા એક શ્રમણ હતા, શ્રમણે ચિત

નમુચિ સેવક હોવાથી આ અપરાધ મારો છે, માટે પ્રભો! આપનો કોપ શમાવો અને મારા અપરાધની ક્ષમા આપો.'

દેવો અને દાનવોના રાજાઓ પણ આ જ પ્રમાણે સ્તુતિ કરી રહ્યા હતા અને શ્રીસંઘ પણ તેમને શાંત થવાને વિનંતિ કરી રહ્યો હતો, એટલે તેમણે પોતાનું સ્વરૂપ સંકોચી લીધું અને થોડી જ વારમા મૂળ સ્વરૂપમાં આવી ગયા. પછી સંઘના આગ્રહથી તેમણે નમુચિને છોડી દીધો, એટલે રાજાએ તેને જાકારો દીધો અને સત્તાના સૂત્રો પોતે ધારણ કર્યા.

આ ત્રિપદીથી–ત્રણ પગલાંથી મહામુનિ વિષ્ણુકુમાર ત્રિવિક્રમની ખ્યાતિ પામ્યા અને આલોયણતપ વડે શુદ્ધ થઈને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

(૨૧) ॐ ह्रीँ अर्हँ णमो विज्जाहराणं–અહીં વિજ્જાહર વિદ્યાધર શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જે અનેક પ્રકારની વિદ્યાઓને ધારણ કરનાર હોય, તે વિદ્યાધર કહેવાય. **મંત્ર-રાજ–રહસ્ય** તેમજ બીજા લબ્ધિસૂચક પાઠોમા અહીં विज्जासिद्ध–વિદ્યાસિદ્ધ એવો પાઠ આવે છે. વિદ્યાસિદ્ધ એટલે એક કે વધારે વિદ્યાઓ સિદ્ધ કરનાર. આથી વિદ્યાધર અને વિદ્યાસિદ્ધના અર્થમા કોઈ તફાવત નથી. આઠ પ્રકારના પ્રભાવકોમા વિદ્યાસિદ્ધની ગણના થયેલી છે.

(૨૨) ॐ ह्रीँ अर्हँ णमो चारणलद्धीण–અહી ચારણલદ્ધી ચારણલબ્ધિ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. આકાશમાં અત્યંત

[illegible]

[illegible]

[illegible]

પર્વત પર [illegible]

છે, [illegible]

[illegible]

[illegible]

પણ અમુક ટકા ભેળસેળ હોય છે. વળી આજના ગાય-ભેંસ વગેરેના ખોરાકમા પણ ફેરફાર થયેલા છે, એટલે ઘીની મીઠાશ ઘટી છે. પણ પ્રાચીન કાળમા ધરતીમાં રસકસ વધારે હોવાથી અને ગાય-ભેંસના ખોરાક ઘણા સારા હોવાથી ઘીમા ઘણી જ મીઠાશ રહેતી.

(૨૭) ॐ ह्रीँ अर्हँ णमो महुआसवीणं-અહીં महुआसवी--મધ્વાશ્રવી શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જેમના વાણીપ્રવાહ-માં મધુ એટલે મધ જેવી મીઠાશ હોય, તે મધ્વાશ્રવી કહેવાય છે.

(૨૮) ॐ ह्रीँ अर्हँ णमो अमियासवीणं-અહીં अमियासवी-અમૃતાશ્રવી શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જેની વાણીમાથી અમૃત જેવી મીઠાશ ઝરતી હોય, તે અમૃતાશ્રવી કહેવાય છે.

સામાન્ય રીતે મધુર વાણીની લોકો પર સારી અસર થાય છે, પણ આ મધુરતા જુદા જ પ્રકારની સમજવી. તે સાંભળતાં જ મન પર ભારે અસર થાય અને સર્વ દુઃખો વિસારે પડી જાય. અમે અનુભવથી જોયું છે કે એક વિદ્વાન વક્તાની દલીલ અને દૃષ્ટાંતભરી વાણીથી લોકોને જે અસર થતી નથી, તે સંત પુરુષોના થોડા શબ્દોથી થઈ જાય છે. એક મનુષ્યને દારૂની ભૂરી લત લાગી. તેને ઘણા માણસોએ ઘણી રીતે સમજાવ્યો, પણ એ લત છૂટી નહિ. પરંતુ તેને એક વખત એક સંત પુરુષનો ભેટો થઈ ગયો. તેમણે કહ્યું :

'અરે ભાઈ! દારૂની બલા તને ક્યાંથી વળગી? છોડ એને' અને તેને આ શબ્દોની એટલી બધી અસર થઈ કે તેણે તે જ સમયે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી અને તેને બરાબર પાળી. અહી ક્ષીરાશ્રવી, સર્પિરાશ્રવી, મધ્વાશ્રવી તથા અમૃતાશ્રવી માટે એમ જ સમજવું.

(૨૯) ॐ ह्रीँ अर्हँ णमो सिद्धायणाणं-અહીં સિદ્ધાયણ-સિદ્ધાયન શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જે સિદ્ધોના સ્થાનમાં વસે તે સિદ્ધાયન, એટલે કે સિદ્ધ. અન્ય ગ્રંથોમા અહીં સિદ્ધાયદયાणं એવો પાઠ પણ મળે છે તેનો અર્થ સિદ્ધાયતન થાય છે, પણ તેથી અર્થમાં ફેર પડતો નથી વળી કેટલાક ગ્રંથોમા અહીં णमो પછી लोए सव्वसिद्धाण એવો પાઠ છે, એટલે આ પદ સર્વ સિદ્ધોને લગતું છે.

(૩૦) ॐ ह्रीँ अर्हँ णमो महइ-महावीर-वद्धमाण-बुद्धरिसीण-અહી બુદ્ધરિસી-બુદ્ધર્ષિ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. ભગવાન મહાવીર જેઓ મહાન ગુણવાળા હતા અને જેમનુ મૂળ નામ વર્ધમાન હતુ, તેઓ બુદ્ધર્ષિ હતા. બુદ્ધર્ષિ એટલે બુદ્ધ એવા ઋષિ. બુદ્ધ એટલે પૂર્ણ જ્ઞાન પામેલા અને ઋષિ એટલે તપસ્વી મહાત્મા. તેમને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હતી, તેથી તેમની લબ્ધિધરમા ગણના કરીને ખાસ વદના કરવામા આવી છે. અહી મૂલ ગાથામાં તો वद्धमाण-बुद्धरिसीण એટલું જ પદ છે. એટલે महइ અને महावीर એ બે પદો અહીં વધારવામાં આવ્યા છે, પણ તે જરૂરનાં નથી. એથી લબ્ધિપદ ઘણું લાબું બની જાય છે.

(૩૧) ॐ ह्रीँ अर्हँ णमो उग्गतवाणं–અહીં उग्गतव–ઉગ્રતપ એ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જે ઉગ્ર તપ કરે તે ઉગ્ર તપ–ઉગ્રતપસ્વી કહેવાય. જૈન ધર્મમાં અનેક પ્રકારના તપો બતાવેલાં છે, તેમાંના કેટલાક ઉગ્ર છે, અને તે અસાધારણ શક્તિવાળા જ કરી શકે છે, તેથી ઉગ્ર તપસ્વીની ગણના લબ્ધિધરમાં કરેલી છે. ઉગ્ર તપ કરનારને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

(૩૨) ॐ ह्रीँ अर्हँ णमो अक्खीणमहाणसियाणं–અહીં अक्खीणमहाणसिय–અક્ષીણ મહાનસી શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જેને અક્ષીણ મહાનસી લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તે અક્ષીણ મહાનસી કહેવાય. પાત્રમા પડેલા થોડા અન્નનું ગમે તેટલુ દાન કરે, તો પણ તે ક્ષય પામે નહિ–ખૂટે નહિ, તેને અક્ષીણ મહાનસી લબ્ધિ કહેવામાં આવે છે. શ્રીગૌતમ સ્વામીએ એક પાત્રમાથી ૫૦૦ તાપસોને આહાર કરાવ્યો હતો, તે આ લબ્ધિનુ પરિણામ હતુ. તપાગચ્છાધિપતિ શ્રી બુટેરાયજીના મુખ્ય શિષ્ય શ્રી મૂલચંદજી ગણિમાં આ જાતની દૈવિક કે માન્ત્રિક શક્તિ હતી શિહોરના સંઘને તેનો અનુભવ થયો હતો.

કોઈ કોઈ જૈનેતર મહાત્માઓમાં આજે પણ આવી સિદ્ધિ જોવામા આવે છે. એક નાગા બાવાને અલ્હાબાદના કુંભમેળામાં સામૈયો કરવાની ભાવના થઈ. સામૈયો કરવો એટલે સહુને જમાડવા. ભક્તજનોએ કહ્યુ: 'ગુરુજી! અહીં

સામૈયો કરવો એ એક પ્રકારનું સાહસ છે, કારણ કે માણસોની મર્યાદા નહિ રહે?' પણ ગુરુજી મક્કમ હતા. તેમણે કહ્યું: 'એટલી જ વાત છે ને! તે જોયુ જશે. સામૈયાની તૈયારી કરો.'

ભક્તજનોએ તૈયારી કરી. તેમનો પાકો અંદાજ દશ લાખ માણસોનો હતો, એટલે તે પ્રમાણે બધી વ્યવસ્થા કરી. સામૈયો શરૂ થયો અને માણસો ઉમટી પડયા. કાર્યકર્તાઓને લાગ્યુ કે માણસો ધાર્યા કરતા ઘણા વધારે છે અને હવે બીજું કંઈ બની શકે એમ નથી, એટલે તેઓ ગુરુજી પાસે ગયા અને પરિસ્થિતિનું નિવેદન કર્યું. ગુરુજીએ કહ્યુ 'તમે ચિંતા કરશો નહિ. આપણે બનાવેલી રસોઈમાથી જ બધા જમી શકશે' પછી તેમણે રસોડામાં જઈ બધા પાત્રોને સ્પર્શ કર્યો અને ત્યાથી પોતાના આસને આવી ગયા. સામૈયો ચાલુ રહ્યો અને લગભગ તેરથી ચૌદ લાખ માણસોએ તેનો લાભ લીધો. છેવટે પણ રસોડામા રસોઈ વધી હતી.

ચોટીલામા એક વણિક ભગત હતા. તેઓ ગામ બહાર એક ઝુંપડીમાં રહેતા અને ભગવાનનુ ભજન કરતા હતા. રોજ સવારે ઝુંપડી સાફસુફ કર્યા પછી તેઓ પોતાના હાથે બે રોટલા ઘડતા હતા અને તેને સીકે મૂકી દેતા હતા. પછી આખા દિવસ જે અતિથિ-અભ્યાગત આવે તેને એમાથી જ ભોજન કરાવતા હતા. કોઈ વાર પાંચ-સાત માણસો સાથે આવી જતા, ત્યારે પણ તેમનો આ કાર્યક્રમ ચાલુ

રહેતો. તેઓ રોટલા સાથે છાશ પીરસતા, એ તો ગામમાંથી વગર માગ્યે આવી જતી. જીવનની છેલ્લી ઘડી સુધી તેમનો આ કાર્યક્રમ ચાલુ રહ્યો હતો. તેમણે કોઈ મંત્ર-તંત્રની સાધના કરી ન હતી, પણ ભક્તિના અતિશયથી જ તેમને આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી.

માન્ત્રિક સાધનથી પણ આવી ઘટના બની શકે છે, તેનો એક દાખલો અહીં રજૂ કરીશું. ઉજ્જૈન પાસે નાગડામા એક યતિજી રહેતા હતા. તે લાડુવાળા મહારાજ તરીકે પ્રસિદ્ધ થયા હતા. જ્યારે કોઈ પ્રતિષ્ઠા-મહોત્સવ હોય ત્યારે તેઓ ત્યાં પહોંચી જતા અને એક થાળમાં થોડા લાડુ મૂકી તેના પર કપડું ઢાંકી બહાર નીકળવાના દરવાજે પોતાનું સ્થાન જમાવતા. તેમાથી તેઓ સકલ સંઘને લાડુની પ્રભાવના કરતા. આજથી પચીસ વર્ષ પહેલાં જ તેઓ સ્વર્ગવાસી થયેલા છે.

બીજાં સોળ લબ્ધિપદોનો અધિકાર અહીં પૂરો થાય છે.

ત્રીજાં સોળ લબ્ધિપદો

બીજાં સોળ લબ્ધિપદો પરથી પણ આપણને ઘણું જાણવાનું મળ્યું. એક વખત આપણે ત્યાં અનેક લબ્ધિધરો હતા. આજે તો કોઈક જ વાર તેમના દર્શન થાય છે. આને આપણે કાલનો પ્રભાવ નહિ તો બીજું શું કહી શકીએ? છતા એક વાત નિશ્ચિત છે કે જે મનુષ્ય દૃઢ સંકલ્પ કરી વ્યવસ્થિત પુરુષાર્થ કરવા માડે છે, તે પોતાની શક્તિનો અસાધારણ વિકાસ કરી શકે છે. જૈન શાસ્ત્રોનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે તપ, જપ, ધ્યાન અને સંયમના અનુષ્ઠાન વિના અસાધારણ શક્તિઓ પ્રકટ થઈ શકતી નથી, એટલે આ દિશામાં પ્રયાસ કરનારે તેના પર ખાસ લક્ષ્ય આપવાનું છે. હવે ત્રીજા પણ સોળ લબ્ધિપદોનો પરિચય કરી લઈએ, જેથી આ વિષય પૂરો થાય.

(૩૩) ॐ ह्रीँ अर्हँ णमो वड्ढमाणाण–અહીં વડ્ઢમાણ–વર્ધમાન શબ્દ લબ્ધિધરનો સૂચક છે. જેને વર્ધમાન

નામની લબ્ધિ પ્રાપ્ત થઈ હોય, તે વર્ધમાન કહેવાય. આ લબ્ધિને લીધે ધન્ય, ધાન્ય આદિ કોઈ પણ વસ્તુની ઇચ્છિત વૃદ્ધિ કરી શકાય છે. અક્ષીણમહાનસીલબ્ધિમા એક વસ્તુ ગમે તેટલી વાપરીએ તો પણ ખૂટતી નથી. જ્યારે આમા એક વસ્તુની ઇચ્છાનુસાર વૃદ્ધિ કરી શકાય છે.

આજે પણ કોઈ કોઇ મહાત્માના આશીર્વાદ કે અમી દષ્ટિથી ધન-ધાન્ય આદિની ઇચ્છિત વૃદ્ધિ થતી જોવાય છે. સ્વ. શ્રીમોહનલાલજી મહારાજના આશીર્વાદથી અનેક સામાન્ય સ્થિતિના મનુષ્યો ધનવાન બન્યાની હકીકત જાણીતી છે.

(૩૪) ॐ ह्रीं अर्हं णमो दित्ततवाणं-અહીં दित्ततव-દીપ્તતપ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. દીપ્ત એટલે તેજસ્વી. જે તપ કરતા પોતાની કાયા અત્યંત તેજસ્વી બને અથવા તેમાથી પ્રકાશ ફેલાય, તે દીપ્તતપ કહેવાય. આવું તપ કરનારને દીપ્તતપ મહાત્મા સમજવા. તપથી તનની પૂરે-પૂરી શુદ્ધિ થાય છે અને તેમાંથી પ્રકાશ પ્રકટે છે આ હકીકતનો સ્વીકાર જૈનેતર સંપ્રદાયોએ પણ કરેલો છે. થિયોસોફીમાં માનનારાઓએ આ સંબંધમાં સારું એવું સંશોધન કરેલુ છે અને 'Man inavisible-અદૃશ્ય માનવી એ નામનું સુદર પુસ્તક સમાજના ચરણે ધરેલું છે.

(૩૫) ॐ ह्रीं अर्हं णमो तत्तवाणं-અહીં तत्ततव-તપ્તતપ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. તપ્ત એટલે તપેલું,

અગ્નિમય. જે તપ કરવાથી અગ્નિ પ્રકટાવી શકાય, તેજો-લેશ્યાની પ્રાપ્તિ થાય, તેને તપ્તતપ કહેવાય. આવું તપ કરનાર તપ્તતપ મહાત્મા સમજવા. સાધનાકાલમાં ભગવાન મહાવીરે ગોશાલકને એવું તપ બતાવ્યું હતું કે જેનાથી તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય. ભગવાનથી છૂટા પડ્યા પછી ગોશાલકે શ્રાવસ્તી નગરીમાં જઈ એ તપ કર્યું હતું અને તેજોલેશ્યા સિદ્ધ કરી હતી. કાલાંતરે દ્વેષથી પ્રજ્વલિત થઈને ગોશાલકે આ તેજોલેશ્યાનો ઉપયોગ ભગવાન મહાવીર સ્વામી સામે જ કર્યો હતો. એ વખતે તેની આડે આવનાર બે મુનિઓ બળીને ભસ્મ થઈ ગયા હતા, પણ તે ભગવાનના શરીરને સ્પર્શ કરી શકી ન હતી. એ પ્રસંગથી ભગવાનના દસ્તમાં લોહી પડવા લાગ્યું હતું અને તે માટે કેટલોક ઔષધોપચાર કરવો પડ્યો હતો. તેજોલેશ્યામાં સાત દેશોને સાથે બાળી નાખવા જેટલી શક્તિ હોય છે.

(૩૬) ॐ ह्रीँ अर्हँ णमो महातवाणं - અહીં મહાતવ-મહાતપ શબ્દ લબ્ધિધરનો સૂચક છે. મહિના, દોઢ મહિના, બે મહિના, અઢી મહિના, ત્રણ ચાર મહિના કે છ માસના ઉપવાસ કરવા એ બધાનો સમાવેશ મહાતપમાં થાય છે. ભગવાન મહાતપસ્વી કહેવાય, કારણ કે તેમણે સાધનાકાલના ૧૨ વર્ષ ૬ માસ અને ૧૫ દિવસમાં એટલે કે ૪૫૧૫ દિવસમાં ૪૧૬૬ ઉપવાસ કર્યા હતા, તે આ પ્રમાણે—

તપનું નામ	સંખ્યા	તપના ઉપવાસ	કુલ ઉપવાસ
છમાસી	૧	૧૮૦	૧૮૦
છ માસી–ઓછા પાચ દિવસની	૧	૧૭૫	૧૭૫
ચૌમાસી	૯	૧૨૦	૧૦૮૦
ત્રણ માસી	૨	૯૦	૧૮૦
અઢી માસી	૨	૭૫	૧૫૦
બે માસી	૬	૬૦	૩૬૦
દોઢ માસી	૨	૪૫	૯૦
માસક્ષમણ	૧૨	૩૦	૩૬૦
પક્ષક્ષમણ	૭૨	૧૫	૧૦૮૦
અઠ્ઠમ(પ્રતિમાના)	૧૨	૩	૩૬
છઠ્ઠ	૨૨૯	૨	૪૫૮
સર્વતોભદ્રપ્રતિમા	૧	૧૦	૧૦
મહાભદ્રપ્રતિમા	૧	૪	૪
ભદ્રપ્રતિમા	૧	૨	૨
એક ઉપવાસ	૧	૧	૧
			કુલ ૪૧૬૬

આમાં ૩૪૯ પારણાના દિવસો ઉમેરીએ એટલે ૪૫૧૫ નો આંક બરાબર મળી રહેશે.

ભગવાન મહાવીરના અનુયાયીઓએ તપનો—તપશ્ચર્યાનો આ મહિમા જાળવી રાખ્યો છે, એટલે કે તેઓ પણ ખૂબ તપ કરે છે. અકબર બાદશાહના વખતમાં ચંપા શ્રાવિકાએ છ માસના ઉપવાસ કર્યા હતા, તે જાણીને બાદશાહ આશ્ચર્ય પામ્યો હતો. આજે પણ જૈનોના નાના બાળકોને નકોરડા ઉપવાસ કરતા જોઈ અન્ય લોકો આશ્ચર્ય અનુભવે છે. તેમને તો એમ જ લાગે છે કે આટલી ઉમરમાં આવો નકોરડો ઉપવાસ થઈ જ શી રીતે શકે? કારણ કે તેઓ પોતે ઉપવાસ હોય ત્યારે માત્ર અન્ન છોડે છે, પણ દૂધ-ફલ વગેરેનો ઉપયોગ કરે છે. ખરી વાત એ છે કે જૈન બાળકોને તપશ્ચર્યાના સંસ્કારો વારસામાં મળે છે, એટલે તેઓ નાની ઉમરથી જ આવી તપશ્ચર્યાઓ કરી શકે છે.

(૨૭) ॐ ह्रीं अर्हं णमो घोरतवाणं—અહીં ઘોરતવ-ઘોરતપ શબ્દ લબ્ધિધરનો સૂચક છે જે ઘોર તપ કરે તે ઘોરતપ મહાત્મા કહેવાય. સામાન્ય રીતે અભિગ્રહવાળા તપને ઘોરતપ કહેવાય છે, કારણ કે તેમાં પોતાનું જીવન હોડમાં મૂકાય છે.

એક મહાત્માએ એવો અભિગ્રહ કર્યો હતો કે કોઈ મનુષ્ય સેવ વહોરાવે તો જ ભિક્ષા લેવી નહિ તો તે દિવસે ઉપવાસ કરવો. હવે તેઓ ભિક્ષા લેવા જાય ત્યારે કોઈ મનુષ્ય રોટલી લાવે, રોટલો લાવે, પૂરી લાવે કે મીઠું મિષ્ટાન્ન લાવે, પણ સેવ લાવે નહિ એટલે તેનો ભિક્ષા

કામ કરે છે.' યાદૃશી ભાવના યસ્ય, સિદ્ધિર્ભવતિ તાદૃશી-જેવી જેવી ભાવના હોય છે, તેને તેવી સિદ્ધિ થાય છે. તાત્પર્ય કે આ કલશમાં નિરંતર અમૃતની ભાવના કરનારને અમૃત પ્રાપ્ત થાય છે અને તેથી તેના સર્વરોગોનો નાશ થાય છે. આ કલશની અંદર હ્રીંકારની ત્રણ રેખાથી વેષ્ટિત એવું જે મંડલ છે, તેને ઉદ્દેશીને આ ભાવના કરવાની છે અને કોણ કહેશે કે એ મંડલમાં આવું સામર્થ્ય નથી? પૂર્વે તેનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તેનુ સ્મરણ કરવાથી આ વસ્તુ સ્પષ્ટ થશે.

કલશ એ ભક્તિનો સંકેત છે અને જયની નિશાની છે, એ રીતે પણ તે આપણા સમાજમા ઘણો આદર પામેલો છે, એટલે આ વિષયમા કલશની જે પસંદગી થઈ છે, તે સુયોગ્ય છે.

અહીં કલશનિર્માણ પછી જયાદિ દેવીઓની સ્થાપનાનું સૂચન કર્યું છે, તેથી સામાન્ય ખ્યાલ એવો ઉત્પન્ન થાય છે કે જયાદિ દેવીઓનું સ્થાન કલશની બહાર છે, પણ જો તેની આઠ દિશામા સ્થાપના કરવાની હોય તો તે કલશની અંદર જ અષ્ટગુરુપાદુકાની ઉપર થઈ શકે. તે સિવાય થઈ શકે નહિ, તેથી પ્રસિદ્ધ યંત્રમાં* તેની સ્થાપના અષ્ટગુરુપાદુકા પછી થયેલી છે અને તેને પાચમું વલય ગણવામા આવ્યું છે. પૂજનવિધિમાં અષ્ટગુરુપાદુકાપૂજન પછી તરત અધિષ્ઠા

* પૂજ્ય મુ૦ શ્રી યશોવિજયજી મહારાજ સંપાદિત અને પ્રકાશિત યંત્ર

યક્ષાદિ દેવોનું આહ્વાન-પૂજન આદિ કરવામાં આવે છે અને તે પછી જયાદિ આઠ દેવીઓનું પૂજન થાય છે. આ રીતે ત્યાં અધિષ્ઠાયકાદિ દેવોનું વલય પાંચમું અને જયાદિ દેવીઓનુ વલય છઠ્ઠું ગણવામાં આવે છે, પણ સિરિસિરિવાલ-કહાનો ઉપરનો પાઠ તથા બીજા પણ અનેક પાઠો જોતાં જયાદિ દેવીઓનું સ્થાન તેનાથી પહેલું છે. વળી **શ્રી સિદ્ધચક્રસ્તોત્ર**ની નીચેની ગાથા પરથી તો એવો ખ્યાલ આવે છે કે જયાદિ આઠ દેવીઓ આ યંત્રની અધિષ્ઠાયક દેવીઓ છે :

त्रिरेखमायापरिवेष्टितं य-
ज्जयाद्यधिष्ठायकसेव्यमानम् ।
विराजते सद्गुरुपादुकाङ्कं
श्रीसिद्धचक्रं तदहं नमामि ॥५॥

'જે ત્રણ રેખાવાળા હ્રીંકારવડે વીંટાળાયેલ છે, તેમજ જેમાં જયાદિ અધિષ્ઠાયક દેવતાઓ વડે સેવાયેલ સદ્ગુરુઓની પાદુકા વિરાજમાન છે. તે શ્રી સિદ્ધચક્રને હું નમન કરું છું.'

તાત્પર્ય કે પાંચમા વલય તરીકે જયાદિ દેવીઓનું સ્થાન નિશ્ચિત છે.

જયાદિ આઠ દેવીઓ એટલે જયા, વિજયા, જયંતી તથા અપરાજિતા અને જંભાદિ ચાર દેવીઓ એટલે જંભા, થંભા (સ્તંભા) મોહા અને અંધા

પરિણામો ઘણાં ખરાબ આવે છે. આવું કંઈ ન બને તે માટે મોહાદેવીની હાજરી અત્યંત જરૂરી છે.

બંધાનું કાર્ય અન્યદ્વારા થતા બંધનપ્રયોગોની અસરને રોકવાનું છે. કોઈ આપણા પર બંધનપ્રયોગ કરે તો આપણે એકાએક દોરડાથી કે લોઢાની સાંકળથી બંધાઈ જઈએ છીએ અને તેમાંથી છૂટવું ઘણું ભારે થઈ પડે છે. પછી તો કોઈક મંત્રવાદી કે સમર્થ સંતપુરુષની અમીદૃષ્ટિ જ તેમાથી મુક્ત કરી શકે છે. બંધાની હાજરીમાં આવું કોઈ અનિષ્ટ પરિણામ આવી શકતુ નથી, તેથી જ તેની સ્થાપના થાય છે. અહીં કોઈ પ્રતિઓમાં અંધા એવો પાઠ પણ આવે છે, પણ પ્રાચીન ઉલ્લેખો જોતાં અહીં બંધા નામ જ સંગત છે. આ જયાદિ આઠ દેવીઓની સ્થાપના તેમના નામમંત્ર વડે નીચે પ્રમાણે થાય છે—

પૂર્વ દિશામાં — ॐ ह्रीँ जयायै नमः ।
દક્ષિણ દિશામાં — ॐ ह्रीँ विजयायै नमः ।
પશ્ચિમ દિશામાં — ॐ ह्रीँ जयन्त्यै नमः ।
ઉત્તર દિશામાં — ॐ ह्रीँ अपराजितायै नमः ।
અગ્નિ દિશામાં — ॐ ह्रीँ जृम्भायै नमः ।
નૈઋત્ય દિશામાં — ॐ ह्रीँ स्तम्भायै नमः ।
વાયવ્ય કોણમાં — ॐ ह्रीँ मोहायै नमः ।
ઇશાન કોણમાં — ॐ ह्रीँ बन्धायै नमः ।

જયાદિ આઠ દેવીઓનો અધિકાર અહીં પૂરો થાય છે.

[૨૪]

યંત્રના અધિષ્ઠાયકો

જયાદિ આઠ દેવીઓ પછી યંત્રના અધિષ્ઠાયકોનો અધિકાર આવે છે. તે અંગે સિરિસિરિવાલકહામાં કહ્યું છે કે—

सिरिविमलसामियपमुहाहिट्ठायग-सयल-देव-देवीणं ।
सुहगुरुमुहाओ जाणिअ ताण पयाणं कुणह झाणं ॥२०४॥

'શ્રીવિમલસ્વામી વગેરે બધા અધિષ્ઠાયક દેવ-દેવીઓનું સ્વરૂપ સદ્ગુરુ-મુખેથી જાણીને તેના પદોનું ધ્યાન ધરો. એટલે કે જયાદિ દેવીઓ પછી તેની સ્થાપના કરો અને તેના પ્રત્યે ભક્તિવાળા બનો.'

અહીં તેમણે યંત્રના મુખ્ય અધિષ્ઠાયક તરીકે વિમલસ્વામી નામના દેવનું નામ આપ્યું છે અને આદિ શબ્દથી તેના બીજા પણ અધિષ્ઠાયકો હોવાનું સૂચન કર્યું છે. તેમાં દેવ અને દેવી શબ્દનો પ્રયોગ કર્યો છે, એટલે એ અધિ-

હાયકોમાં કેટલાક દેવ અને કેટલીક દેવીઓ છે. તેની સંખ્યા બાબતમાં તેમણે પોતે જ શ્રીપાલ મહારાજાના ઉજમણાના વર્ણનપ્રસંગમાં આ રીતે ખુલાસો કર્યો છે:

नारिंगाइफलाइं जयाइठाणेसु अट्ठसु ठवइ ।
चत्तारि उ कोहल्लाउ चक्काहिठायगपएसु ॥११९८॥

आसन्नसेवियाणं देवीणं बारस य वयंगाइं ।
विज्जसुरि-जक्ख-जक्खिणि चउसट्ठी
पएसु पूगाइं ॥११९९॥

તે શ્રીપાલ મહારાજા જયાદિ આઠ દેવીઓનાં સ્થાને આઠ નારંગીઓ મૂકે છે અને ચાર ચક્રાધિષ્ઠાયકોનાં સ્થાને ચાર કહોળા (કુષ્માંડ) મૂકે છે વળી એ ચક્રની બાર આસન્નસેવિકાઓ એટલે અધિષ્ઠાયિકાઓના સ્થાને બાર વયંગફૂલો મૂકે છે અને (૧૬) વિદ્યાદેવીઓ, (૨૪) યક્ષો અને (૨૪) યક્ષિણીઓનાં સ્થાને બધી મળીને ચોસઠ સોપારીઓ મૂકે છે.'

આનો અર્થ એ થયો કે આ યંત્રને બધાં મળી સોળ અધિષ્ઠાયકો છે, જેમા ૪ દેવો અને ૧૨ દેવીઓ છે. અહીં ટીકાકાર કહે છે કે 'આ દેવોમાંથી શ્રીવિમલવાહન, શ્રી ચક્રેશ્વરી દેવી અને ક્ષેત્રપાલ એ ત્રણ નામો અમે જાણીએ છીએ, પણ બાકીનાં નામો સંપ્રદાયના અભાવે અમે જાણી શકયાં નથી, એટલે કે તે લાબા સમયથી ભૂલાઈ ગયેલાં છે.'

શ્રીપાલરાસમાં શ્રીવિમલેશ્વર, શ્રીચક્રેશ્વરી તથા શ્રીક્ષેત્રપાલને સહાય કરતાં બતાવ્યાં છે, એટલે એ વખતે આ યંત્રના ત્રણ અધિષ્ઠાયકો હોવાની માન્યતા પ્રચલિત હશે, પરંતુ શ્રીસિદ્ધચક્રયન્ત્રોદ્ધારબૃહત્પૂજનવિધિમાં આ ત્રણ અધિષ્ઠાયકો પૈકી શ્રીવિમલવાહન અને શ્રીચક્રેશ્વરી દેવી એ બેનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે અને બાકીના નામો મૂકાઈ ગયા છે એ જણાવવાને તેમાં શ્રીઅપ્રસિદ્ધ સિદ્ધચક્રાધિષ્ઠાયકનો નિર્દેશ છે. આ ત્રણેયને પૂજન પ્રસંગે કહોળાં મૂકવામાં આવે છે. વિશેષમાં ત્યાં ત્રણ દેવો અને બાર દેવીઓ મળી બીજા પણ પંદર દેવ-દેવીઓનું પૂજન કરવાનું વિધાન છે. પણ તેને પાન-સોપારી મૂકવામાં આવે છે. આનો અર્થ એ છે કે જેને કહોળું મૂકાય છે, તે આ યંત્રના અધિષ્ઠાયકો છે અને જેને પાન-સોપારી મૂકાય છે તે આમન્ત્રિત કરાયેલા અન્ય લોકપ્રિય દેવ-દેવીઓ છે.

નવપદની સ્તુતિઓ તથા સ્તવનમાં શ્રીવિમલેશ્વર દેવ અને શ્રીચક્રેશ્વરી દેવીનાં નામો આવે છે, એટલે સામાન્ય માન્યતા શ્રીસિદ્ધચક્રના આ બે અધિષ્ઠાયકો હોવાની છે પરંતુ એ વસ્તુ પણ નિર્વિવાદ નથી. શ્રીસિદ્ધચક્રની બૃહદ્ [illegible] જે શ્રીસિદ્ધચક્રતપોવિધાનોદ્યાપનચતુર્વિંશતિકા-[illegible] તરીકે ઓળખાય છે અને જેમાં શ્રીસિદ્ધચક્ર[illegible] [illegible] તેનું વર્ણન છે, તેમાં [illegible] [illegible], [illegible] અધિષ્ઠાયકોને [illegible] [illegible], [illegible]

૧. [illegible]

કે આ યંત્રના એક અધિષ્ઠાયક શ્રીવિમલેશ્વર છે, તેમની કહોણું મૂકીને પૂજા કરવી.'

શ્રીસિદ્ધચક્રના જે યંત્રો જોવામાં આવ્યા છે, તેમાં અધિષ્ઠાયકના વલયમા જુદી જુદી પરિસ્થિતિ જોવામા આવી છે, કોઇમાં એ સ્થાને બે કે ત્રણ નામો છે, તો કોઇમાં આઠ જેટલાં નામો છે, તો કોઇમા તેથી પણ ઓછાવત્તાં નામો છે, એટલે તેમા એકવાક્યતા નથી. આ સંયોગોમા શ્રીસિદ્ધચક્રના અધિષ્ઠાયક તરીકે શ્રીવિમલેશ્વરદેવ અને શ્રી ચક્રેશ્વરી દેવીની જે માન્યતા પ્રચલિત છે, તેને અનુસરવું જ ઇષ્ટ છે.

શ્રીસિરિસિરિવાલકહામા જેમને વિમલસ્વામી કહેવામાં આવ્યા છે, તેમને પૂજનવિધિમાં વિમયવાહન કહેવામાં આવ્યા છે અને શ્રીપાલરાસમાં તેમનો ઉલ્લેખ વિમલેશ્વર તરીકે થયેલો છે. તેમના સ્વરૂપનું વર્ણન જોવામાં આવ્યું નથી, પણ તેઓ સૌધર્મ દેવલોકના વાસી છે, એવા ઉલ્લેખો થયેલા છે.

આટલી સ્પષ્ટતા કર્યા પછી અમે હવે પ્રસિદ્ધયંત્રમાં તથા પૂજનવિધિમાં જે નામો બોલાય છે, તેનો ટૂંક પરિચય કરાવીશું.

(૨) **શ્રીચક્રેશ્વરી દેવી**–પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના શાસનની રક્ષા કરનાર છે. આજે પણ તેમની આરાધના સ્વતંત્ર રીતે થાય છે અને તે ફલવતી થતી જણાય

હશે, એમ લાગે છે. ઘણા મંત્રોમાં તેનો ખાસ ઉલ્લેખ આવે છે. જેમ કે—

'ॐ नमो अरिहंताणं ह्रां ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः अप्रतिचक्रे फट् विचक्राय ह्रौँ अर्हँ अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा।'

કેટલાક યંત્રોમાં પણ તેની સ્થાપના હોય છે. આ રીતે તે એક મહત્ત્વપૂર્ણ દેવી હોવાથી તેને અહીં સ્થાન અપાયું છે. સોળ વિદ્યાદેવીઓમાં પણ આ નામની એક દેવી છે, તેનો પરિચય આગળ આવશે.

(૧૦) **શ્રીજ્વાલામાલિની**-શ્રીચન્દ્રપ્રભસ્વામીની શાસનરક્ષિકા શ્રીભૃકુટિદેવીનું બીજું નામ શ્રીજ્વાલા-માલિની છે, પણ આ નામથી જ તેની વિશેષ પ્રસિદ્ધિ છે. ઘણા વખતથી તેનું સ્વતંત્ર પૂજન-અર્ચન થતું આવ્યું છે. દક્ષિણના શિમોગા પ્રાંતમાં નરસિંહરાજપુરની આગળ તેનું એક હજાર વર્ષ પુરાણું મંદિર પણ છે. ત્યાં ઇચ્છિત વર આપનારી દેવી તરીકે તેની વિશેષ પ્રસિદ્ધિ છે, એટલે કુમારિકાઓ વગેરે તેની બાધા-આખડી રાખે છે. તેનાં સ્તોત્રો અને મંત્રો પણ ઘણા છે, તેમ જ તેનો ખાસ કલ્પ પણ રચાયેલો છે, જે 'જ્વાલામાલિની કલ્પ' તરીકે પ્રસિદ્ધ છે.

(૧૧) **શ્રીત્રિભુવનસ્વામિની** દેવી-શ્રીત્રિભુવન-સ્વામિની દેવી એ મંત્રદેવતા છે, એટલે કે શ્રી ત્રિભુવન-સ્વામિની વિદ્યાની અધિષ્ઠાત્રી છે. તેનો મૂલ મંત્ર આ

પ્રકારનો છે : 'ૐ હ્રીં ઐં શ્રીં ક્લીં ૐ અ સિ આ ઉ સા નમ'। પૂર્વસેવામાં એક લાખનો જપ કરવાથી તથા ઉત્તર સેવામાં દશમા ભાગે હોમ કરવાથી આ વિદ્યા સિદ્ધ થાય છે. તેનાથી મેઘનું આકર્ષણ, ઘટનું સ્તંભન અને પ્રતિમાનું ચાલન કરી શકાય છે. તથા રાક્ષ, દેવ અને દેવતાઓને વશ કરી શકાય છે. ટૂંકમાં વશ્ય તથા આકર્ષણમાં આ વિદ્યા ઘણી ઉપયોગી છે. સૂરિમંત્રની બીજી પીઠની પણ તે અધિષ્ઠાત્રી મનાય છે. તે સહસ્રભુજાથી યુક્ત છે. શાંત સ્વરૂપા છે, શ્રી ગૌતમના પદકમલનું ધ્યાન ધરનારી છે તથા માનુષોત્તર પર્વતના શિખર પર રહેનારી છે. આ દેવીની મૂર્તિ કે સ્વતંત્ર આરાધના જોવામાં આવી નથી.

(૧૨) શ્રી શ્રીદેવતા—જૈન શાસ્ત્રોમાં—શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી એ છ દેવીઓની વર્ષધર દેવી તરીકે ગણના થયેલી છે. તેના પૌરાણિક [illegible] આચારદિનકરના [illegible] વર્ણન આ પ્રમાણે [illegible]

એક જ હોવાની છે. તેનું પૂજન તો ઘરે ઘરે થાય છે, એટલે કે તે અતિ લોકપ્રિય દેવતા છે અને તે જ કારણે અહીં સ્થાન પામેલી છે.

(૧૩) **શ્રીવૈરોટયા**–ઉપર શ્રી ધરણેન્દ્રના વર્ણન પ્રસંગે શ્રીવૈરોટયા દેવીનો ઉલ્લેખ થયેલો છે. એક કાલે તેમની આરાધના–ઉપાસના મોટા પ્રમાણમાં થતી હતી અને તે ફલવતી નીવડતી હતી. આજે પણ તેમની આરાધના તો થાય જ છે, પણ તેનું પ્રમાણ ઘટ્યું છે. આ મહાદેવીની આરાધના અંગે કેટલાક સ્તુતિ–સ્તોત્રો રચાયેલાં છે. શ્રીપાર્શ્વનાથ ભગવાનના સ્તોત્રો આદિમાં પણ તેમનો ઉલ્લેખ થાય છે.

શ્રીપદ્માવતી–શ્રીપદ્માવતી દેવી તેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ ભગવાનની શાસનસેવિકા છે. તે આજે પણ જાગતી મનાય છે, એટલે તેની આરાધના–ઉપાસના વિશેષ પ્રમાણમા થાય છે. આ દેવીનાં અનેક રૂપો મનાયાં છે. પણ તેનું પ્રચલિત રૂપ ચાર ભુજાવાળુ છે. તેમાં પાશ, વરદમુદ્રા, અંકુશ અને ફલ એટલે બીજોરૂં હોય છે. તેનો વર્ણ રાતો છે, તે પદ્મ પર બેઠેલી છે અને કુક્કુટ જાતિના સર્પનું વાહન ધરાવે છે.

તેની આરાધના માટે અનેક જાતના કલ્પો નિર્માણ થયેલા છે, અનેક પ્રકારના સ્તોત્રો–સ્તુતિ આદિની રચના થયેલી છે અને અનેક મંત્રો–યંત્રો અસ્તિત્વમાં આવેલા છે.

તેમનો વિશેષ પરિચય અમે રચેલા **શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધના** નામના ગ્રંથમાથી મળી રહેશે.

(૧૫) **શ્રીકુરુકુલ્લા**–એક કાલે આ દેશમાં શ્રી કુરુકુલ્લા દેવીની માન્યતા ઘણી પ્રસરેલી હશે. અને તેમનો પ્રભાવ ઘણો મનાતો હશે, એમ તેમના યંત્રો પરથી લાગે છે. શ્રી ભદ્રગુપ્તાચાર્યે તેમનો એક યંત્ર **અનુભવસિદ્ધ-મંત્રદ્વાત્રિંશિકાના** ત્રીજા અધિકારમા આપ્યો છે. એ યંત્રનો પ્રભાવ તેમણે અનુભવેલો છે. તે સબંધમા તેઓ કહે છે કે 'આ મંત્રના પ્રયોગથી દુષ્ટ કોઢનો નાશ થાય છે, ખારૂ પાણી મીઠુ બની જાય છે, સાપની ફૂલમાળા થઈ જાય છે, ભાલાની અણી પુષ્પ સમાન બને છે, અગ્નિ ઠંડો થઈ જાય છે અને ઝેર અમૃત જેવુ થઈ જાય છે.' તેનો યંત્ર તો સાદો ૭ ખૂણાનો છે અને તેનો મૂલમંત્ર 'ॐ ह्रीँ देवि कुरुकुल्ले स्वाहा' એટલો જ છે, છતાં તેના જપ-ધ્યાન અને વિધિ-વિધાનથી આવુ [illegible] પરિણામ આવે છે, તે એનો જ અચિંત્ય પ્રભાવ સમજવો. [illegible] આ દેવીને [illegible] [illegible] કરનારી [illegible] મંત્રમા પણ તેનો ઉલ્લેખ આવે છે.

(૧૬) **શ્રીઅંબિકા**–શ્રીઅંબિકા દેવીની માન્યતા આપણા દેશમાં પ્રાચીન કાલથી આજ સુધી એક સરખી ચાલી આવે છે, [illegible] [illegible] મહત્ત્વ અને તેની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે અને [illegible]

તે શક્તિનો અવતાર મનાય છે. ભારતમાં તેનાં અનેક યાત્રાસ્થાનો છે. ગુજરાતની ઉત્તર સરહદે આવેલા આરાસુર પહાડમાં પણ તેનું એક યાત્રાસ્થાન આવેલું છે તાત્પર્ય કે શ્રીઅંબિકાદેવી પ્રસિદ્ધ લોકમાતા હોઈ તેને અહીં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલું છે.

(૧૭) **શ્રી કુબેરદેવતા**–શ્રી કુબેરદેવતા વિષે ખાસ કંઈ જાણવામા આવ્યુ નથી, પણ એક કાલે તેમની માન્યતા પણ લોકોમાં સારી રીતે ફેલાયેલી હશે, અન્યથા તેને અહીં સ્થાન પ્રાપ્ત થાય નહિ. કદાચ તે 'અખૂટ ધન આપનારી દેવી' તરીકે પૂજાતી હશે, પરંતુ આ અમારું અનુમાન છે. તે સંબંધી વિશેષ સંશોધનની જરૂર છે.

(૧૮) **શ્રીકુલદેવતા**–સમાજના મોટા ભાગમા કુલ-દેવતાની માન્યતા છે. દરેક જ્ઞાતિ કે સમુદાયને પોતાના કુલદેવતા હોય છે અને તેમનુ પૂજન-અર્ચન કે તેમની માન્યતા અમુક પ્રકારે ચાલતી હોય છે. તેમને પણ અહીં આ રીતે અપનાવી લેતા લોકમનોવૃત્તિને સંતોષ થાય એ હેતુ છે

જૈન ધર્મમાં નવપદની આરાધના મુખ્ય છે, છતા પ્રસંગ કે આવશ્યકતા અનુસાર અન્ય દેવ-દેવીઓની આરા-ધના થતી રહી છે, તેથી જૈન મંત્રવાદમા અનેક દેવ-દેવીઓને સ્થાન મળેલું છે. પરંતુ સિદ્ધિના ઉમેદવારે તો તેમાંના કોઈ પણ એક દેવ યા દેવી પ્રત્યે શ્રદ્ધાન્વિત થઈ તેમની

આરાધના-ઉપાસના કરવાની છે. એક નિષ્ઠાવાળો દેવકે જિતે છે, એ ભૂલવાનું નથી.

જૈન ધર્મે દેવોની ચાર નિકાય માનેલી છે. તેમાં ભવનપતિનિકાયના દેવો પાતાલમાં રહે છે, વ્યંતર-વાણ વ્યંતર દેવો પૃથ્વી પર વિવિધ સ્થાનોમાં રહે છે, જ્યોતિષ્ક દેવો સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ, તારા વગેરેમાં રહે છે અને વૈમાનિક દેવો તેની ઉપર આવેલા વિમાનોમાં રહે છે, જેને સામાન્ય રીતે બાર દેવલોક તરીકે ઓળખવામાં આવે છે.

આ દેવો પૈકી વ્યંતર દેવોનો આપણને વિશેષ પરિચય-સંપર્ક થાય છે, ભવનપતિ દેવોનો ઓછો પરિચય-સંપર્ક થાય છે અને વૈમાનિક દેવોનો તો કવચિત્ જ પરિચય-સંપર્ક થાય છે, કારણ કે તેઓ પોતાનું [illegible] સુખમય સ્વર્ગ છોડીને અહીં આવવા ઇચ્છતા નથી. તેમને મનુષ્યલોકની ૫૦૦ યોજન દૂરથી દુર્ગંધ આવે છે. [illegible] તેમને અહીં આવવાનું મન થતું નથી. આમ છતાં [illegible] [illegible] પૂર્ણ કરી તરત પોતાના [illegible] છે. જ્યોતિષ્ક દેવોનો આપણને [illegible] નથી.

આ દેવોની કેટલી [illegible]

[illegible]

અને ત્યાં રૂપરૂપના અંબાર સમી વારાંગનાઓને ગોઠવી દીધી. સાથે કેટલાક ગાંધર્વોને પણ રાખ્યા.

પછી રોહણિયાને બંદીખાનામાં ચંદ્રહાસ નામની મદિરા પીવડાવી બેહોશ બનાવવામાં આવ્યો અને તેને ઉચકીને પેલા મહેલમાં મૂકી દીધો. મધરાતે જ્યારે મદિરાનો નશો ઉતરી ગયો અને તે બેઠો થયો, ત્યારે અપૂર્વ દૃશ્ય નજરે પડ્યું. ગાંધર્વો કર્ણપ્રિય મધુર રાગે ગીત ગાઈ રહ્યા છે અને અનેક નવયૌવના સુંદરીઓ નૃત્ય કરી રહી છે. પોતે જ્યાં બેઠો છે, તે હિંડોળો રત્નજડિત છે અને આસપાસની વસ્તુઓ મહામૂલ્યવાન છે. ભીંતો પર સુંદર ચિત્રો ચિતરેલા છે અને છત પર મનોહર હાંડી–ઝુમ્મરો લટકી રહેલા છે. તેને સમજ ન પડી કે આ તે સ્વપ્ન છે કે સત્ય?

એવામાં બાજુએ ઊભેલી રૂપવતી રમણીઓ દેવાંગનાઓનો પાઠ ભજવતી બોલી 'હે મહાપુરુષ! આપ આ દેવવિમાનમાં ઉત્પન્ન થયા છો, તો અમારી સાથે વિવિધ પ્રકારનું સુખ ભોગવો. અમે તમારો પડ્યો બોલ ઝીલવા તત્પર છીએ.' અને તેમણે પુનઃ નૃત્ય કરવા માંડ્યું.

એવામાં પ્રતિહારીએ આવીને કહ્યુઃ 'તમે બધા શું કરો છો?' પેલી રમણીઓએ જવાબ આપ્યો કે 'અમે તો અમારા નવા નાથની સેવા કરીએ છીએ.' પ્રતિહારીએ કહ્યું 'તમે સેવા ભલે કરો, પણ પ્રથમ દેવસ્થિતિનું વિધાન

કરાવો, એટલે કે તેમણે કયા સુકર્મો અને કુકર્મો કર્યાં છે, તે પૂછી જુઓ. એમ કરવું એ અહીંનો ખાસ નિયમ છે.' રમણીઓએ કહ્યું: 'આપનું કહેવું સત્ય છે. એ તો અમે વિસરી જ ગયા.'

પ્રતિહારીએ કહ્યું 'હે દેવ! આપ આપના પૂર્વ ભવનાં પુણ્ય અને પાપનું નિવેદન કરો.'

રોહિણિયો મનમાં વિચાર કરે છે કે 'શું હું ખરેખર દેવલોકમાં ઉત્પન્ન થયો છું કે આ બધી મને પકડવાની બાજી છે? આમાં ખરી-ખોટી વાતનો નિર્ણય શી રીતે કરવો?' પરંતુ એ જ વખતે તેને ભગવાન મહાવીરનાં વચનો યાદ આવ્યા કે દેવોની આંખો પલકારા મારતી નથી અને આ બધાની આંખો તો પલકારા મારે છે. દેવોના ગળામાં રહેલી પુષ્પમાળાઓ કરમાતી નથી અને આ સ્ત્રી-પુરુષોના ગળામાં રહેલી પુષ્પમાળાઓ તો કરમાઈ ગઈ છે. દેવો પૃથ્વીથી ચાર આંગળ ઊંચા રહે છે અને આ બધાં તો પૃથ્વીને અડીને ઊભેલા છે વળી દેવોના શરીરે તો પરસેવો વળતો નથી અને આ બધા તો પરસેવાથી ભીના જણાય છે, માટે નક્કી આ બધી [illegible] કપટ કરવા માટે આ બધી [illegible] રચેલી છે.'

પછી તેણે વિચારીને કહ્યું: '[illegible] અને [illegible] વાત કરે [illegible] નથી, પણ [illegible] [illegible]

યાત્રાઓ કરી છે અને ઘણા સાધુ-સંતો તથા ગરીબ-ગુરબાંને દાન દીધું છે. વળી વ્રત, નિયમ તથા તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં કરી છે.'

પ્રતિહારીએ કહ્યું: 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. અજ્ઞાન, આવેશ, પ્રમાદ વગેરે કારણોએ તે ઘણી વખત ભૂલ કરી બેસે છે, એ રીતે આપનાથી જે ભૂલો થઈ હોય, તે જણાવો'

રોહણિયાએ કહ્યુ: 'મારી જીંદગીમાં મેં કોઈ પાપ કર્યું હોય, એવું યાદ આવતું નથી. મેં તો નિરંતર સાધુઓનો સંગ કર્યો છે, એટલે કોઈ ભૂલો થઈ નથી.'

હવે તેને વધારે પ્રશ્નો પૂછવા નકામા હતા, એટલે પ્રતિહારીએ ત્યાં જ વાત પડતી મૂકી અને બનેલી ઘટનાના સમાચાર અભયકુમારને પહોંચાડયા. સાથે એ પણ જણાવ્યું કે 'આ ચોર બધી ધૂર્તવિદ્યાઓ શીખેલો છે, તેથી ચૌદમા રત્ન સિવાય માનશે નહિ.' પરંતુ અભયકુમારને આ ઠીક લાગ્યું નહિ.

આ બાજુ રોહણિયાએ વિચાર કર્યો કે 'ભગવાન મહાવીરના થોડા શબ્દો કાને પડવાથી હું છેતરાયો નહિ, તો તેમના વિશેષ શબ્દો સાંભળતા કેટલો લાભ થાય? માટે અહીંથી છૂટીશ તો તેમનાં શરણે જઈશ અને તેમનો શિષ્ય બનીશ.'

આ વખતે ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાં જ બિરાજતા હતા, એટલે અભયકુમારે તેમની પાસે જઈ, વિધિ-

પૂર્વક વંદન કરીને પૂછ્યું કે 'હે ભગવન્' અમે જેને પકડ્યો છે, તે રોહિણેયો ચોર છે કે નહિ?" ભગવાને કહ્યું: 'અભયકુમાર! એ જ રોહિણેયો ચોર છે, પણ તે હવે મારો શિષ્ય થયેલ છે.'

અભયકુમારે આ વાત મહારાજા શ્રેણિકને જણાવી તેને બંદીખાનેથી મુક્ત કરાવ્યો. રોહિણેયો બંદીખાનેથી મુક્ત થતા જ ભગવાન મહાવીર પાસે પહોંચ્યો અને વિનંતિ કરી કહેવા લાગ્યો કે 'હે પ્રભો! આપના ચાર વચનો કોઈ પણ જાતની શ્રદ્ધા વિના સાંભળ્યા હતા. તેથી મૃત્યુમાંથી બચ્યો છું. હવે જન્મ-મૃત્યુના બંધનમાંથી મુક્ત થાઉં એવો માર્ગ બતાવો.'

આ વખતે મહારાજા શ્રેણિક ત્યાં હાજર હતા. તેમને ઉદ્દેશીને રોહિણેયાએ કહ્યું 'આપના નગરમાં અનેક પ્રકારની ચોરીઓ કરનાર હું જ રોહિણેયો ચોર છું. મેં એક વાર ભગવાન મહાવીરની વાણી સાંભળી હતી, તેથી અભયકુમારની બુદ્ધિનો પરાભવ કરી શક્યો છું. હવે કોઈ માણસને [illegible] તો ચોરીનો બધો માલ સોંપી દઉં.'

મહારાજાએ અભયકુમારને તેની [illegible] પોતાની [illegible] તે ભગવાન મહાવીર પાસે [illegible] [illegible]

[૨૫]

યક્ષ–યક્ષિણીઓ

યંત્રના અધિષ્ઠાયકો પછી વિદ્યાદેવીનો અધિકાર આવે છે અને તે પછી યક્ષ–યક્ષિણીઓનો અધિકાર આવે છે. તે અંગે સિરિસિરિવાલકહામાં કહ્યું છે કે–

तं विज्जादेवि-सासणसुर-सासणदेवि सेवि अदुपासं ।
मूलगहं कंठणिहिं चउपडिहारं च चउवीरं ॥२०५॥
दिसिवाल-खित्तवालेहिं सेविअं धरणिमंडलपइट्टं ।
पूयंताण नराणं नूणं पूरेइ मणइट्ठं ॥२०६॥

'તે શ્રી સિદ્ધચક્ર યંત્ર વિદ્યાદેવીઓ, શાસનની સેવા કરવામાં શૂરવીર એવા શાસનદેવો એટલે યક્ષો અને શાસન–દેવીઓ એટલે યક્ષિણીઓથી બને બાજુ સેવાયેલું છે. વળી તેના મૂલમાં નવ ગ્રહો છે, કંઠમાં નવનિધિઓ છે, તેમજ તેમાં ચાર પ્રતિહારો–દ્વારપાલો અને ચાર વીરો આવેલા છે. ઉપરાંત તે દિક્પાલો અને ક્ષેત્રપાલવડે સેવાયેલું છે અને ધરણી-

મંડલ એટલે પૃથ્વીમંડલમાં પ્રતિષ્ઠિત થયેલું છે. ને તેની પૂજા કરનાર મનુષ્યોના મનોવાંછિત અવશ્ય પૂરે છે'

વિદ્યાદેવીઓની સ્થાપના તેમના બીજ મંત્રરૂપ ગોળ સ્વરો વડે પ્રથમ વલયમાં થયેલી છે. ત્યાં અમે આ સોળેય વિદ્યાદેવીઓનું વર્ણન કરી ગયા છીએ.

હવે ક્રમપ્રાપ્ત યક્ષ-યક્ષિણીઓ અંગે કેટલુંક વિવેચન કરીશું અને તેમનો ટૂંક પરિચય પણ કરાવીશું.

'यज्यते इति यक्ष – જે પૂજાય તે યક્ષ' [illegible] તે વ્યંતર જાતિના દેવ છે. એક વખત ભારતવર્ષમાં યક્ષ યક્ષિણીઓની પૂજા બહુ મોટા પ્રમાણમાં થતી. કોઈ ગામ [illegible] કે મોટો બગીચો એવો ન હતો કે જ્યાં કોઈ યક્ષ કે યક્ષિણીનું મંદિર ન હોય. તે [illegible] તો અનેક પ્રકારનો ઉપદ્રવ કરે અને તુષ્ટ [illegible] તો [illegible] અનેક પ્રકારના [illegible] કરે. આથી તેમને તુષ્ટ રાખવા [illegible] તેમનાં મંદિરો બંધાતાં અને તેમાં તેમની પૂજા-અર્ચના [illegible] કરવામાં [illegible]

[illegible]

આપણે ત્યાં શ્રુતરક્ષણની જવાબદારી શ્રીગણિપિટક યક્ષરાજને સોંપાઈ છે, શ્રી શત્રુંજય ગિરિરાજના રક્ષણની જવાબદારી શ્રીકપર્દિયક્ષને સોંપાઈ છે અને જિનશાસનના રક્ષણની જવાબદારી પણ યક્ષ-યક્ષિણીઓને સોંપાઈ છે, એ પરથી એમનું મહત્ત્વ સમજી શકાશે.

દરેક તીર્થંકરના યક્ષ-યક્ષિણીનાં નામ પ્રથમ જાણી લઈએ, પણ તેમા કેટલોક સંપ્રદાયભેદ છે, તે જાણવા માટે અહીં એક તાલિકા આપી છે. તેમા નિર્વાણકલિકા માટે નિ. ક. સંજ્ઞા રાખી છે, સંતિકરં સ્તવન માટે સં. સ્ત. સંજ્ઞા રાખી છે અને પૂજનવિધિ માટે પૂ. વિ સંજ્ઞા રાખી છે. આગળ ૧-૨ આદિ અંકો લખ્યા છે, તે તીર્થંકર ભગવાનનો ક્રમ સમજવો.

યક્ષવિભાગ

નિ. ક	સં. સ્ત.	પૂ. વિ.
૧ ગોમુખ	ગોમુખ	ગોમુખ
૨ મહાયક્ષ	મહાયક્ષ	મહાયક્ષ
૩ ત્રિમુખ	ત્રિમુખ	ત્રિમુખ
૪ ઈશ્વર	યક્ષેશ	યક્ષનાયક
૫ તુમ્બરુ	તુમ્બરુ	તુમ્બરુ
૬ કુસુમ	કુસુમ	કુસુમ
૭ માતંગ	માતંગ	માતંગ
૮ વિજય	વિજય	વિજય

૯ અજિત	અજિત	અજિત
૧૦ બ્રહ્મ	બ્રહ્મ	બ્રહ્મ
૧૧ ઈશ્વર	મનુજ	યક્ષરાજ
૧૨ કુમાર	સુરકુમાર	અસુરકુમાર
૧૩ ષણ્મુખ	ષણ્મુખ	ષણ્મુખ
૧૪ પાતાલ	પાતાલ	પાતાલ
૧૫ કિન્નર	કિન્નર	કિન્નર
૧૬ ગરુડ	ગરુડ	ગરુડ
૧૭ ગન્ધર્વ	ગન્ધર્વ	ગન્ધર્વ
૧૮ યક્ષેન્દ્ર	યક્ષેન્દ્ર	યક્ષરાજ
૧૯ કુબેર	કુબેર	કુબેર
૨૦ વરુણ	વરુણ	વરુણ
૨૧ ભ્રુકુટિ	ભ્રુકુટિ	ભ્રુકુટિ
૨૨ ગોમેધ	ગોમેધ	ગોમેધ
૨૩ પાર્શ્વ	પાર્શ્વ	પાર્શ્વ
૨૪ માતંગ	માતંગ	બ્રહ્મશાન્તિ

વિસંવાદ નથી, પરંતુ અગિયારમું નામ સુધારવા જેવું છે, કારણકે બીજી યાદીમાં તેના સ્થાને મનુજ છે અને ત્રીજી-ચોથી યાદીમા યક્ષરાજ છે. કદાચ અહી પણ આગળ યક્ષ મૂકીને યક્ષેશ્વર કરીએ તો યક્ષરાજના જેવો જ અર્થ આવી જાય, પણ ત્રીજી-ચોથી યાદીનો એ યક્ષરાજ શબ્દ અઢારમા નામમાં વપરાયેલો છે અને એક સરખા બે નામ ન હોય, એ રીતે આ નામ જ સુધારવું જોઇએ, એટલે તેની જગાએ બીજી યાદીવાળો મનુજ શબ્દ જ ઉચિત લાગે છે.

પહેલી અને બીજી યાદીમાં ચોવીશમું નામ માતંગ છે, ત્યારે ત્રીજી અને ચોથી યાદીમા બ્રહ્મશાતિ છે. આ બ્રહ્મશાતિ નામ અન્યત્ર પણ જોવામાં આવ્યું છે, એટલે માતંગનું બીજું નામ બ્રહ્મશાતિ હોય એ સંભવિત છે.

ત્રીજી યાદીમાં બારમું નામ અસુરકુમાર છપાયુ છે, તે અશુદ્ધ છે. ત્યા સુરકુમાર જ જોઈએ.

નામોનો આ ખ્યાલ રાખીને અમે યક્ષોનો પરિચય કરાવ્યો છે. હવે યક્ષિણીઓના નામો જોઇએ.

યક્ષિણીવિભાગ

	નિ. ક.	સં. સ્ત.	પૂ. વિ.
૧	અપ્રતિચક્રા	ચક્રેશ્વરી	ચક્રેશ્વરી
૨	અજિતા	અજિતા	અજિતબલા
૩	દુરિતારિ	દુરિતારિ	દુરિતારિ

૪	કાલિકા	કાલી	કાલિકા
૫	મહાકાલી	મહાકાલી	મહાકાલિકા
૬	અચ્યુતા	અચ્યુતા	શ્યામા
૭	શાન્તા	શાન્તા	શાન્તા
૮	ભૃકુટિ	જ્વાલા	ભૃકુટિ
૯	સુતારા	સુતારકા	સુતારિકા
૧૦	અશોકા	અશોકા	અશોકા
૧૧	માનવી	શ્રીવત્સા	માનવી
૧૨	પ્રચંડા	ચંડા	ચંડા
૧૩	વિદિતા	વિજયા	વિદિતા
૧૪	અંકુશા	અંકુશા	અંકુશા
૧૫	કન્દર્પા	પ્રજ્ઞપ્તિ	કંદર્પા
૧૬	નિર્વાણી	નિર્વાણી	નિર્વાણી
૧૭	બલા	અચ્યુતા	બલા
૧૮	ધારિણી	ધારિણી	ધારિણી
૧૯	વૈરોટ્યા	વૈરોટ્યા	ધરણપ્રિયા
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]

છે. તેના જમણા બે હાથ બીજોરા અને કમલથી શોભે છે, જ્યારે ડાબા બે હાથ નકુલ અને જપમાલાથી અલંકૃત છે.

(૧૭) **શ્રીગન્ધર્વ**–સત્તરમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલ આ ગન્ધર્વ નામના યક્ષનો વર્ણ શ્યામ છે, તેનું વાહન હંસ છે અને તે ચાર હાથવાળો છે. તેના જમણા હાથોમાં વરદમુદ્રા અને પાશ છે તથા ડાબા હાથોમાં બીજોરૂં અને અંકુશ છે.

(૧૮) **શ્રીયક્ષેન્દ્ર**–અઢારમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલ આ યક્ષેન્દ્ર કે યક્ષરાજ નામનો યક્ષ છ મુખ અને ત્રણ નેત્રોવાળો છે તથા તેનો વર્ણ શ્યામ છે. તેનું વાહન શબર એટલે એક જાતનો મૃગ છે અને તેને બાર હાથ છે. તેના જમણા છ હાથોમાં અનુક્રમે બીજોરૂં, બાણ, તલવાર, મુદ્‌ગર, પાશ અને અભયમુદ્રા છે, જ્યારે ડાબા છ હાથોમાં નકુલ, ધનુષ્ય, ચામડાની ઢાલ, શૂલ, અંકુશ અને જપમાલા છે.

(૧૯) **શ્રીકુબેર**–ઓગણીશમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલા આ કુબેરયક્ષ ગરુડના ચાર મુખવાળો છે, તેનો વર્ણ મેઘધનુષ્ય જેવો છે, તેનું વાહન હાથી છે અને તેને આઠ ભુજાઓ છે તેની જમણી ચાર ભુજાઓમા વરમુદ્રા પાશ, ધનુષ્ય અને શૂલ છે, જ્યારે ડાબી ચાર ભુજાઓમાં બીજોરૂં, શક્તિ, મુદ્‌ગર અને જપમાલા છે. નિર્વાણકલિકાના આને લગતા પાઠમાં થોડી ગડબડ છે. ત્યા વરદ, પાશ, ચાપ, શૂલ અને અભય કહેવાયા છે, પણ ત્યાં અભયની આવશ્યકતા નથી.

(૨૦) **શ્રીવરુણ**–વીશમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલ વરુણ નામનો યક્ષ ચાર મુખ અને ત્રણ નેત્રોવાળો છે, તેનો વર્ણ ધવલ છે તેનું વાહન બળદ છે, તેનુ મસ્તક જટારૂપી મુગટથી શોભે છે અને તેને આઠ હાથ છે. તેના જમણા હાથમા બીજોરૂ, ગદા, બાણ અને શક્તિ છે, જ્યારે ડાબા ચાર હાથમા નકુલ. કમલ, ધનુષ્ય અને પરશુ ધારણ કરેલ છે.

(૨૧) **શ્રીભૃકુટિ**–એકવીશમા તીર્થંકરના તીર્થમા ઉત્પન્ન થયેલ આ ભૃકુટિ નામનો યક્ષ ચાર મુખ અને ત્રણ નેત્રોવાળો છે. તેનો વર્ણ સુવર્ણ જેવો છે, તેનુ વાહન બળદ છે અને તેને આઠ હાથ છે તેના જમણા ચાર હાથમા બીજોરૂ, શક્તિ, મુદ્ગર અને અભયમુદ્રા છે તથા ડાબા ચાર હાથમા નકુલ, પરશુ, વજ્ર અને જપમાળા છે

(૨૨) **શ્રીગોમેધ** બાવીસમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલ ગોમેધ નામનો યક્ષ ત્રણ મુખવાળો, શ્યામ વર્ણનો અને પુરુષના વાહનવાળો છે, તેને છ હાથ છે, તેના જમણા હાથ બીજોરું, પરશુ અને ચક્ર ધારણ કરે છે, જ્યારે ડાબા હાથ નકુલ, શૂલ અને શક્તિથી અલંકૃત છે.

(૨૩) **શ્રીપાર્શ્વ**–ત્રેવીસમા તીર્થંકરના તીર્થમાં ઉત્પ. [illegible]

(૧૬) **શ્રીનિર્વાણી**–સોળમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલી નિર્વાણી નામની યક્ષિણીનો વર્ણ ગૌર છે, તે કમલ પર વિરાજે છે તથા ચાર ભુજાઓને ધારણ કરે છે. તેની જમણી બે ભુજાઓ પુસ્તક અને કમલથી યુક્ત છે તથા ડાબી બે ભુજાઓ કમંડલુ અને કમલથી શોભે છે.

(૧૭) **શ્રીબલા**–સત્તરમા તીર્થંકરના તીર્થમા ઉત્પન્ન થયેલી બલા, અચ્યુતા કે અચ્યુતબલા નામની યક્ષિણીનો વર્ણ સુવર્ણ સમાન છે, તે મયૂરના વાહનવાળી છે અને ચાર ભુજાઓથી શોભે છે. તેની જમણી બે ભુજાઓમા બીજોરૂં અને શૂલ છે તથા ડાબી બે ભુજાઓમા ભુષુંઢી (એક જાતનુ હથિયાર) અને કમલ છે.

(૧૮) **શ્રીધારિણી**–અઢારમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલી ધારિણી નામની યક્ષિણીનો વર્ણ શ્યામ છે, તેનુ આસન કમલનું છે, અને તે ચાર ભુજાઓથી યુક્ત છે. તેની જમણી બે ભુજાઓમા બીજોરૂં અને કમલ છે, જ્યારે ડાબી બે ભુજાઓમા પાશ અને જપમાલા છે.

(૧૯) **શ્રીધરણપ્રિયા** — ઓગણીશમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલી ધરણપ્રિયા કે વૈરોટયા નામની યક્ષિણીનો વર્ણ શ્યામ છે, તેનુ વાહન કમલ છે અને તે ચાર હાથવાળી છે. તેના જમણા બે હાથ વરદમુદ્રા અને જપમાલાથી શોભે છે, જ્યારે ડાબા બે હાથ બીજોરૂં અને શક્તિને ધારણ કરે છે.

(૨૦) **શ્રીનરદત્તા**—વીશમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલી નરદત્તા કે અચ્છુપ્તા નામની આ યક્ષિણીનો વર્ણ ગૌર છે, તે ભદ્રાસન પર આરૂઢ છે અને ચાર ભુજાઓથી શોભે છે. તેની જમણી બે ભુજાઓ વરદમુદ્રા અને જપમાલાથી યુક્ત છે, જ્યારે ડાબી બે ભુજાઓ બીજોરું અને ફૂલ ધારણ કરી રહેલ છે.

(૨૧) **શ્રીગાન્ધારી**-એકવીશમા તીર્થંકરના તીર્થમાં ઉત્પન્ન થયેલી ગાન્ધારી નામની આ યક્ષિણીનો વર્ણ શ્વેત છે, તેનું વાહન હંસ છે અને તે ચાર ભુજાઓવાળી છે. તેની જમણી બે ભુજાઓ વરદમુદ્રા અને જપમાલાથી [illegible], જ્યારે ડાબી બે ભુજાઓ બીજોરું અને [illegible]

શુભ અસરમાંથી કોઈ પ્રાણી મુક્ત રહી શકતું નથી. તે અંગે તેનું કથન છે કે—

देव-दानव-गन्धर्वा, यक्ष-राक्षस-किन्नराः ।
पीडयन्ते ग्रहपीडाभिः, किं पुनर्भुवि मानवाः ॥

'દેવ, દાનવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર એ સર્વે ગ્રહોની દુષ્ટ અસરથી પીડાય છે, તો પછી પૃથ્વીપરના માનવોની તો વાત જ શી?'

તાત્પર્ય કે ગ્રહોની અસર મનુષ્યના જીવન ઉપર સારા પ્રમાણમાં થાય છે. વળી કહ્યું છે કે—

ग्रहा राज्यं प्रयच्छन्ति, ग्रहा राज्यं हरन्ति च ।
ग्रहैर्व्याप्तमिदं विश्वमतः शान्तिः शुभावहा ॥

'ગ્રહો અનુકૂલ હોય તો રાજ્ય આપે છે અને પ્રતિકૂલ હોય તો રાજ્ય લઈ લે છે. ગ્રહોની અસરથી આ વિશ્વ વ્યાપ્ત છે, તેથી દુષ્ટ ગ્રહોની શાંતિ કરવી, એ શુભને લાવનારી છે.'

અહીં ગ્રહોની સ્થાપના કરવામાં આવી છે, તેનો હેતુ પણ તેમના પૂજન દ્વારા શાંતિ મેળવવાનો છે, એટલે કે તેમની દુષ્ટ અસરમાંથી મુક્ત થવાનો છે. તેમની સ્થાપના નીચે પ્રમાણે થાય છે:

(૧) ॐ सूर्याय नम—બૃહચ્છાન્તિમા નીચેનો પાઠ

આવે છે : 'चन्द्र-सूर्याङ्गारकबुध-बृहस्पति-शुक्र-शनैश्चर-राहु-केतु-सहिता ' તે પરથી ચન્દ્ર, સૂર્ય, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવ ગ્રહો હોવાનું સમજાય છે. પ્રાચીન શાસ્ત્રોમાં સૂર્ય કરતાં ચન્દ્રનો ઉલ્લેખ પહેલો આવે છે, તેથી અહીં ચંદ્રનું નામ પહેલું મૂક્યું છે. સિદ્ધોને ઉપમા આપવાનો પ્રસંગ આવ્યો, ત્યાં પણ ચન્દ્રને પહેલો સંભાર્યો છે અને સૂર્યને પછી. જેમકે—चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा—ચન્દ્રો કરતાં વધારે નિર્મલ અને સૂર્યો કરતાં અધિક પ્રકાશકર.' પરંતુ લૌકિક શાસ્ત્રોમાં સૂર્યની ગણના પહેલી થયેલી છે. જેમકે—

सूर्यश्चन्द्रो मङ्गलश्च बुधश्चापि बृहस्पतिः ।
शुक्रः शनैश्चरो राहुः केतुरिति नव ग्रहाः ॥

(૨) ૐ સોમાય નમ:–સોમ એટલે ચન્દ્ર, તે તારાઓના સમૂહનો સ્વામી છે, વાયવ્ય દિશાનો અધિપતિ છે, સોળ કલાથી યુક્ત છે, અમૃતમય છે, સર્વ જગતનું પોષણ કરનાર છે, શ્વેત વર્ણનો છે, શ્વેત વસ્ત્રો ધારણ કરનારો છે, શ્વેત દશ ઘોડાના વાહનમાં બેઠેલો છે, હાથમાં અમૃતકુંભ છે અને સહુને શાંતિ આપનારો છે.

કવિઓ અને સાહિત્યકારોએ તેનો ઉપમા માટે ખૂબ ઉપયોગ કર્યો છે અને તેનું દર્શન સહુને પ્રિય લાગે છે. તેમાયે બાળકોને તો તે અતિપ્રિય લાગે છે, તેથી 'ચાંદા-મામા' જેવો શબ્દ અસ્તિત્વમા આવ્યો છે.

મુર્શિદાબાદના ખ્યાતનામ જગતશેઠે જે અપૂર્વ ઋદ્ધિ-સિદ્ધિ મેળવી હતી, તે ચંદ્રકલ્પની સાધના કરીને મેળવી હતી.

ચંદ્રનો સબંધ આપણા મન સાથે વિશેષ છે. જેમને કોઈ પણ માનસિક રોગ લાગુ પડ્યો હોય, તેવી અસર તેમને ચૌદશ, પૂનમ તથા વદિ એકમના દિવસે વધારે દેખાય છે.

(૩) ૐ ભૌમાય નમ:–ભૌમ એટલે મંગલ. તે દક્ષિણ દિશાનો અધિપતિ છે, પ્રવાલ જેવી રક્ત દ્યુતિ ધારણ કરનારો છે, લાલ વસ્ત્રવાળો છે અને હાથમાં કોદાળો ધારણ કરનાર છે. તે ભૂમિ પર સ્થિત હોવાથી ભૌમ કહેવાય છે, તાત્પર્ય કે તેને બીજું કોઇ વાહન નથી.

નવગ્રહો તથા નવનિધિઓ

આધુનિક યુગમા મંગલ વિષે તરીકે નરેટની કલ્પનાઓ પ્રચાર પામી છે અને તે અંગે કેટલીક વાર્તાઓ પણ ઉભાયેલી છે. વૈજ્ઞાનિકો તેનું રહસ્ય જાણવા આતુર બન્યા છે અને તે માટે અબજો રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છે

(૪) ૐ બુધાય નમ – બુધ ઉત્તર દિશાનો સ્વામી છે, સુવર્ણ જેવા રંગનો છે, લીલા વસ્ત્રો ધારણ કરનારો છે, હાથમા પુસ્તક [illegible] રાજહંસ પર આરૂઢ થનારો છે અને [illegible] કરનારો છે.

